2220

# અધ્યાત્મકલ્પદ્રુમ

## ગુજરાતી ભાવાનુવાદ



સંપાદક

પ. પૂ. મુનિરાજશ્રી વિક્રમસેનવિજયજી મ. સા.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
પૂ. લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકર-અરૂણપ્રભસૂરીશ્વરેભ્યો નમઃ

ભદ્રંકરસૂરિ ગ્રંથમાલા-૧

સહસ્રાવધાની પૂ. આચાર્યશ્રી મુનિસુંદરસૂરિ વિરચિત

# અધ્યાત્મકલ્પદ્રુમ

(શ્લોક તથા અર્થ)

: દિવ્યાશિષ :

પૂજ્ય કર્ણાટક કેસરી આચાર્યશ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ.સા.
પૂ. જિનભક્તિરસિક આચાર્યશ્રી અરૂણપ્રસૂરીશ્વરજી મ.સા.
પૂ. પ્રભાવક પ્રવચનકાર આચાર્યશ્રી વીરસેનસૂરીશ્વરજી મ.સા.

: શુભાશિષ :

પૂ. પ્રશાંતમૂર્તિ આચાર્યશ્રી પુણ્યાનંદસૂરીશ્વરજી મ.સા.
પૂ. પં. શ્રી મહાસેનવિજયજી મ.સા.

: સંપાદક :

ગણિવર્યશ્રી વિક્રમસેનવિજયજી મ.સા.

: પ્રકાશક :

શ્રી લબ્ધિસૂરીશ્વર ગ્રંથમાલા-છાણી


: પ્રાપ્તિસ્થાન :

શ્રી લબ્ધિભુવન જૈન સાહિત્ય સદન
શા. નટવરલાલ ચુનીલાલ
કાપડના વેપારી, બજારમાં,
પો. છાણી-૩૯૧ ૭૪૦. જિ. વડોદારા.

| | |
|---|---|
| વી. સં. ૨૫૨૭ | વિ.સં. ૨૦૫૭ |
| લબ્ધિ સંવત ૪૦ | ભદ્ર સંવત ૯ |

મૂલ્ય રૂા. ૧૩-૦૦
(સાધુ-સાધ્વી તથા જ્ઞાનભંડારોને ભેટ)

: મુદ્રણ :
**કિરીટ ગ્રાફીક્સ**
૨૦૯/૨, આનંદ શોપીંગ સેન્ટર, રતનપોળ,
અમદાવાદ-૧. ફોન : ૫૩૫૨૬૦૨




આ પુસ્તક શેઠ ઝવેરચંદ પ્રતાપચંદ
શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘ ઉપાશ્રયના
"જ્ઞાનખાતા" તરફથી છપાયેલ છે.
ગૃહસ્થોએ માલિકી
કરવી નહીં.

# વિષયાનુક્રમ


| અધિકાર | ગાથા | નામ | પેજ નં. |
|---|---|---|---|
| ૧ | ૩૪ | સમતાધિકાર | ૧ |
| ૨ | ૮ | સ્ત્રી મમત્વમોચનાધિકાર | ૧૮ |
| ૩ | ૪ | અપત્ય મમત્વમોચનાધિકાર | ૨૩ |
| ૪ | ૭ | ધન મમત્વમોચનાધિકાર | ૨૫ |
| ૫ | ૮ | દેહ મમત્વમોચનાધિકાર | ૨૯ |
| ૬ | ૯ | વિષયપ્રમાદ ત્યાગાધિકાર | ૩૪ |
| ૭ | ૨૧ | કષાય ત્યાગાધિકાર | ૩૯ |
| ૮ | ૧૬ | શાસ્ત્રાગુણાધિકાર | ૫૦ |
| ૯ | ૧૭ | ચિત્તદમનાધિકાર | ૫૯ |
| ૧૦ | ૨૬ | વૈરાગ્યોપદેશાધિકાર | ૬૭ |
| ૧૧ | ૧૪ | ધર્મશુદ્ધ્યુપદેશાધિકાર | ૮૦ |
| ૧૨ | ૧૭ | દેવ-ગુરુ-ધર્મશુધ્યાધિકાર | ૮૭ |
| ૧૩ | ૫૭ | યતિશિક્ષોપદેશાધિકાર | ૯૬ |
| ૧૪ | ૨૨ | મિથ્યાત્ત્વાદિનિરોધાધિકાર | ૧૨૫ |
| ૧૫ | ૧૦ | શુભવૃત્તિશિક્ષોપદેશોધિકાર | ૧૩૩ |
| ૧૬ | ૮ | સામ્ય સર્વસ્વાધિકાર | ૧૩૮ |

# કલિયુગનું કલ્પવૃક્ષ....

સ્વ. આ. વીરસેનસરિ.

અધ્યાત્મ એ જ કલ્પદ્રુમ છે.

અધ્યાત્મ શાસ્ત્રોમાં આ શાસ્ત્ર કલ્પવૃક્ષ સમાન છે. આ શાસ્ત્રનો સ્વાધ્યાય કર્યા પછી એમ પ્રતીતિ મનઃ પ્રદેશમાં થયા વગર નહીં રહે !

આત્મામાંથી નીકળીને બહારની તરફ જઈ રહેલા આકર્ષણનું નામ ભૌતિકતા છે.

બહાર તરફ જવું તે ઈન્દ્રિયરામી

અંદર તરફ જવું તે આતમરામી

જે માણસ પોતાની ચેતનાના પ્રવાહને અંદર વાળી શકે છે, બદલી શકે છે અને બહારનું આકર્ષણ મટી જાય છે....... આકર્ષણ બદલતાં જ મૂલ્યાંકનની દૃષ્ટિમાં પરિવર્તન આવે છે. જુના મૂલ્ય સમાપ્ત થઈ જાય છે. નવા મૂલ્યો સ્થાપિત થાય છે. જે વસ્તુઓ અર્થસભર લાગતી હતી તે અર્થહીન,

સારહીન પ્રતીત થાય છે. આ ચેતનાના દિશાનું નામ છે "અધ્યાત્મ" એક સમયે બે સાધકો મલ્યા

એક સાધકને પાણી ઉપર બેસવાની સિદ્ધિ પ્રાપ્ત થઈ તેણે કહ્યું.......

આવો આપણે પાણી ઉપર બેસીયે

બીજા સાધકે આકાશ ઉપર બેસવાની સિદ્ધિ પ્રાપ્ત કરી હતી તેણે કહ્યું.... ચાલો આપણે આકાશમાં બેસીએ... પાણીમાં બેસવાની શું મોટી વાત છે... માછલી પણ પાણી ઉપર બેસે છે. પહેલા સાધકે કહ્યું.....આકાશમાં બેસવાનું શું મહત્ત્વ છે.

પક્ષીઓ પણ આકાશમાં જ રહે છે ને !

મહત્ત્વની વાત એ છે કે આપણે આધ્યાત્મિક વિકાસ સાધવો જોઈએ, સમભાવ-સમતાને વધારીને વીતરાગની દિશામાં ગતિશીલ બનવું જોઈયે.

મનની શાંતિ તે જ સમાધિ છે. સિદ્ધિઓ કરતાં તેનું મૂલ્ય ઘણું છે સમતાથી મનુષ્યનું મન સમસ્યાઓથી મુક્ત બને છે. તે જ મોટી સિદ્ધિ સાધી છે. જેને સિદ્ધિઓ પ્રાપ્ત કરી હોય તેને સમતા પ્રાપ્ત ન કરી હોય.

એક સાધક માનસિક સમસ્યાથી મુક્ત બની જાય તે શું મહાન સિદ્ધિ નથી ! આ સિદ્ધિવાળા જ આધ્યાત્મિક છે. આધ્યાત્મિકતા વગરની સિદ્ધિ વાળો 'ચમત્કારી' છે. જે ક્યારેક પોતાનો પંથ આગળ વધારે છે.

આત્માની સિદ્ધિ માટે વીતરાગભાવ
વીતરાગભાવની સિદ્ધિ માટે સમભાવ
સમભાવની સિદ્ધિ માટે સંયમ
સંયમ એટલે પાંચમહાવ્રત.

અધ્યાત્મકલ્પદ્રુમ....ચેતનાને અભ્યન્તર બનાવવા માટે સમતાના અભ્યાસની ઘણી જ અગત્યતતા છે અને સમતાને સિદ્ધ કરવાનો પ્રયત્ન... એટલે જ પ્રથમ અધિકાર....

સમતા લાવવી હોયતો મમત્વભાવને દુર કરવો જોઈએ...

જેમ ભારતનો નકશો એટલે....કાશ્મીરથી કન્યાકુમારી
કાઠીયાવાડથી કલકત્તા
તેમ મમતાનો નકશો એટલે.... સ્ત્રી અને સંતતિ
સંપત્તિ અને શરીર

તે મમતામાં મુમુક્ષુભાવ પેદા થાય માટે ચાર અધિકારોમાં તેને ત્યજવાનો વિચાર કરવામાં આવ્યો છે.

હવે આભ્યંતરમાં તંબૂ-ડેરા તાણી બેઠેલા વિષય-પ્રમાદ, કષાયભાવને દૂર કરી હવે અધ્યાત્મ તરફ મુમુક્ષુ આગળ વધે ત્યારે શાસ્ત્રની જરૂરીયાત ઉભી થઈ માટે શાસ્ત્રાભ્યાસ દ્વારા ચિત્તદમન, વૈરાગ્યોપદેશ. ધર્મશુદ્ધિ, ગુરુશુદ્ધિ અને યતિશિક્ષા દ્વારા મોક્ષનું સેમ્પલ અહીં જ મેળવો માટે અધ્યાત્મ રસના રસિકો માટે એક અમૃતકુંભ છે... તેમાંથી

અમૃતનો માનો આસ્વાદ....

તો આત્મા બને આઝાદ.....

અને બને આત્મા આબાદ....

સંક્ષિપ્તરૂચિ જીવ સ્વાધ્યાય અને અર્થનો આસ્વાદ માને માટે ગણિવર્ય વિક્રમસેન વિ.એ સુંદર સંપાદન કરેલ છે. તેનો સ્વાધ્યાય કરી સ્વમાં મગ્ન.... સ્વનો અનુભવ.... અને સ્વમાં મસ્ત બનો એજ અભિલાષા.....

# પૂ. આચાર્યશ્રી મુનિસુંદરસૂરિ મ.નો સંક્ષિપ્ત પરિચય

જન્મ વિ. સં. ૧૪૩૬ ઉપાધ્યાય-વિ.સં. ૧૪૬૬
દીક્ષા વિ.સં. ૧૪૪૩ આચાર્યપદ-વિ.સં. ૧૪૭૮
ગુરુદેવ-આ.સોમસુંદરસૂરિ મ. સ્વર્ગગમન-વિ.સં. ૧૫૦૩

સહસ્રાવધાની હતા દક્ષિણના કવિઓએ 'કાલીસરસ્વતી' અને મુઝફરખાન બાદશાહે 'વાદી ગોકુળષંઢનું' બિરૂદ આપેલ. સ્મરણશક્તિ, કલ્પનાશક્તિ અને ન્યાયશક્તિ આ ત્રણે શક્તિ આ મહાપુરુષમાં હતી.

## -: પૂજ્યશ્રીના ગ્રંથો :-

ત્રિદશતરંગિણી, ઉપદેશરત્નાકર, અધ્યાત્મકલ્પદ્રુમ, સ્તોત્રરત્ન-કોશ, મિત્રાચતુષ્કકથા, સંતિકરંસ્તોત્ર, તપાગચ્છપટ્ટાવલી, શાંતસુધારસ.

# અધ્યાત્મકલ્પદ્રુમ વિષે-યત્કિંચત્

**'અધ્યાત્મ'** અમુક સાધ્ય લક્ષમાં હોવાથી, ખાસ કારણસર લંબાણ કરીને પણ આટલો વૈરાગ્ય વિષય, અધિકાર જરૂરિયાત અને તેનાં તત્ત્વો પર પ્રાસ્તાવિક ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ અંગે ઉપોદ્‌ઘાત કરતાં પ્રથમ આ ગ્રંથનું 'અધ્યાત્મકલ્પદ્રુમ' નામ શું સૂચવે છે તે પર વિચાર કરવાનું પ્રાપ્ત થાય છે. આ ગ્રંથના વિષયો ક્યા ક્યા છે અને વૈરાગ્ય વિષયને તે કેવી યુક્તિથી પોષે છે, તે પર વિચાર કરી છેવટે ગ્રંથકર્તા, તેનો સમય, તે વખતની જૈનની સ્થિતિ, ગ્રંથની શૈલી, ભાષા, ઉદ્દેશ વગેરે વિષયો સાથે ગ્રંથકર્તાના રચેલા અને જણાવેલા અન્ય ગ્રંથોની સૂક્ષ્મ પણ ટૂંકી આલોચના કરવામાં આવશે. અધ્યાત્મ શબ્દનો અર્થ, આપણે અગાઉ જોઈ ગયા તે પ્રમાણે આત્મ સંબંધી વિવેચન કરનાર વિષય એમ થાય છે. 'અધ્યાત્મો-પનિષદ્' ગ્રંથમાં શ્રીમાન્ **યશોવિજયજી** મહારાજ **અધ્યાત્મ** શબ્દનો યૌગિક અને રૂઢ બન્ને અર્થ આપે છે.

*आत्मानमधिकृत्यस्याद्यः पञ्चाचारचारिमा ।*
*शब्दयोगार्थनिपुणास्तदध्यात्मं प्रचक्षते ॥*
*रुढ्यार्थनिपुणास्त्वाहुश्चित्तं मैत्र्यादिवासितम् ।*
*अध्यात्मं निर्मलं बाह्यव्यवहारोप हितम् ॥*

"અધ્યાત્મ શબ્દનો વ્યુત્પત્તિથી અર્થ કરીએ તો આત્માને ઉદ્દેશીને પંચાચાર (જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર)માં વ્યવહાર-વર્તન કરવું તે થાય છે, અને તેનો રૂઢ અર્થ કરીએ તો બાહ્ય વ્યવહારથી મહત્તા પ્રાપ્ત કરેલા મનને મૈત્રી, પ્રમોદ વગેરે ભાવનાથી વાસિત કરવું એ થાય છે." આ બંને અર્થ બહુ વિચારવા યોગ્ય છે. શબ્દાર્થ આપણે સમજી શકીએ તેવો છે, પણ રૂઢ્યર્થ સમજવાની બહુ જરૂર છે. બાહ્ય વ્યવહાર, સંસારિક વ્યવહાર અથવા પ્રાકૃત વ્યવહારને જતો કરવો એવો અત્રે ઉદ્દેશ નથી, પણ એ વ્યવહારનું સ્વરૂપ સમજી તેનાથી મનને વધારવું, તેનાથી વિશાળ બનાવવું અને કાંઈક વધારો કરવો. એવી રીતે વધારો કરેલું મન પોતાના વિષય તરીકે સર્વ જીવો તરફ પ્રેમભાવ લાવી તેમાં આનંદ પામે છે અને આવા પ્રકારના અધ્યાત્મને શ્રીયુત ઉપાધ્યાયજી નિર્મલ કહે છે. તે જ મહાત્મા અધ્યાત્મસારના બીજા

અધિકારમાં કહે છે કે :-

**गतमोहाधिकारणामात्मानमधिकृत्य या ।**
**प्रवर्तते क्रिया शुद्धं तदध्यात्मं जगुर्जिनाः ॥**

"જે મહાત્માનો મોહનો વિષય નાશ પામ્યો હોય અને જે આત્માને આશ્રયીને શુદ્ધક્રિયા અંતરાત્મામાં પ્રવર્તે તેની ક્રિયાનું નામ તીર્થંકર મહારાજ અધ્યાત્મ કહે છે અધ્યાત્મના શબ્દાર્થને ગ્રંથકર્તા કેટલા દરજ્જે યોગ્ય કરી બતાવ્યો છે તે આપણે આગળ જોશું.

**ચાર નિક્ષેપે અધ્યાત્મ :** દરેક વસ્તુના જૈન શાસ્ત્રકાર ચાર નિક્ષેપા માને છે. એ કોઈ પણ વસ્તુને જુદી જુદી દષ્ટિથી જોવાનાં જુદાં જુદાં દ્વાર છે. અધ્યાત્મના પણ તેવી જ રીતે ચાર નિક્ષેપા થઈ શકે છે : નામ અધ્યાત્મ, સ્થાપના, અધ્યાત્મ દ્રવ્ય અધ્યાત્મ અને ભાવ અધ્યાત્મ. માત્ર 'અધ્યાત્મ' શબ્દ બોલવો પણ તેનો અર્થ સમજવો નહિ એ **નામ અધ્યાત્મ** કહેવાય છે. તેવી જ રીતે અધ્યાત્મનો ડોળ ઘાલનાર શુદ્ધ વર્તન વગરના પ્રાણીઓ **નામ અધ્યાત્મ** કહેવાય છે. આધ્યાત્મિક જીવન વહન કરનાર મૂર્તિની સ્થાપના કરવી અથવા આધ્યાત્મનું અક્ષરવિન્યાસપણું કરવું એ **સ્થાપના અધ્યાત્મ** કહેવાય છે. અધ્યાત્મને ઉત્પન્ન કરનાર ઉપદેશ અથવા દશ્ય કે શ્રવ્ય

કારણોને **દ્રવ્ય અધ્યાત્મ** કહેવાય છે; અથવા રેચક, પૂરક કુંભકારાદિકે કરી બાહ્યવૃત્તિએ એવું ધ્યાન બતાવે કે જેથી લોકો એમ જાણે જે એણે આંતરવૃત્તિએ આત્માનું સ્વરૂપ પ્રત્યક્ષ કર્યું દેખાય છે, પણ પોતે તો કોરો ને કોરો જ હોય, તે પણ **દ્રવ્યઅધ્યાત્મ** કહેવાય છે. અને નિજસ્વરૂપ સહિત ક્રિયાનું પ્રવર્તવું તે **ભાવઅધ્યાત્મ** કહેવાય છે. આ ચાર શ્લોકમાં જે પ્રકારનું વર્ણન કરવામાં આવ્યું છે તેવા થવા યત્ન કરવો લાભપ્રદ છે. આ સ્થિતિને **ભાવ-અધ્યાત્મ** કહેવામાં આવે છે. સ્થાપના અને દ્રવ્ય અધ્યાત્મ પણ સાધન તરીકે ઉપયોગી છે, પણ સાધનને સાધ્ય તરીકે માનવાની ભૂલ ન થવી જોઈએ. સાધનને સાધ્ય માનવાની ભૂલ ઘણીવાર થતી જોવામાં આવે છે અને તેથી સાધનામાં જ જીવતર પૂર્ણ થાય છે. દાખલા તરીકે, વ્યાકરણ-અભ્યાસનું સાધન છે, સાધ્ય ભાષાજ્ઞાન અથવા ધર્મશાસ્ત્રના ગ્રંથોનું વાંચન છે, છતાં ઘણાં પ્રાણીઓ વ્યાકરણના અભ્યાસમાં જ બહુ વરસો અથવા આખી જિંદગી ગાળી નાખે છે. આવી રીતે ઘણા પ્રાણીઓ સાધ્ય સમજ્યા વગર અથવા તેને નિરંતર દૃષ્ટિમાં રાખ્યા વગર સાધનધર્મોમાં જ પોતાની જિંદગી પૂર્ણ કરે છે. ખાસ લક્ષ્યમાં રાખવાની જરૂર છે કે સાધનધર્મોમાં જીવન પસાર થાય તો તેથી નુકસાન નથી,

પુનર્ભવ માનનારને તો તેનો લાભ અન્ય ભવમાં આગળ પણ મળે છે; માત્ર હકીકત એમ છે કે સાધ્યધર્મ ઉપર બહુ થોડું ધ્યાન અપાય છે તે વાતમાં ફેરફાર થવો જોઈએ. **શ્રી આનંદઘનજી** મહારાજ અધ્યાત્મના ચાર નિક્ષેપા પર બહુ મુદ્દાસરનું વિવેચન શ્રી શ્રેયાંસનાથજીના સ્તવનમાં કરે છે. એમાં તેઓશ્રીએ ઉપરના ચાર નિક્ષેપાનાં નામો આપતા પહેલાં એક બહુ અગત્યની વાત કહી છે કે :-

**નિજસ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાત્મ લહીએ રે;**
**જે કિરિયા કરી ચૌગતિ સાધે, તે ન અધ્યાતમ કહીએ રે.**

અધ્યાત્મ તેનું નામ સમજવું કે જેનાથી ઉપર કહેલ ભાવ અધ્યાત્મ સિદ્ધિ થાય, નિજસ્વરૂપરમણતા થાય અને નિજસ્વરૂપસ્થિરતા થાય; બાકી જે ક્રિયાથી ચાર ગતિમાંથી કોઈ શુભ કે અશુભ ગતિ સધાય તેને અધ્યાત્મ ન કહેવાય. આપણે શુભક્રિયાઓ કરીયે તો તેથી દેવની કે મનુષ્યની ગતિ સધાય છે, પણ આ ક્રિયાને શાસ્ત્રકાર મહત્ત્વ આપતા નથી. શુભ કર્મબંધ કરનારી અથવા સ્વરૂપરમણતા કરાવી નિર્જરા કરાવનાર એમ બે પ્રકારની ક્રિયાઓ હોય છે અને અધ્યાત્મરસિક જીવોએ બીજી સર્વ પ્રકારની ક્રિયાઓ મૂકી દઈને સ્વરૂપરમણ કરાવનારની ક્રિયાનો આદર કરવો યોગ્ય છે. આ

હકીકત કહીને પછી તેઓ ચાર નિક્ષેપાનું સ્વરૂપ બતાવે છે, જે ઉપર વિવેચન થઈ ગયું છે. તેઓ પ્રાંતે કહે છે કે- 'ભાવ અધ્યાત્મ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે' આ વાત કહીને અધ્યાત્મને રસ્તે જ વસ્તુવિચારણા કરવાનો આગ્રહ કરે છે અને બીજાં સર્વ સાધનોનું લબાડપણું સૂચવે છે.

**'કલ્પદ્રુમ'** : અધ્યાત્મ શબ્દનો વિશાળ અર્થ છે. આ અધ્યાત્મ પોતે જ કલ્પવૃક્ષ છે અથવા અધ્યાત્મરૂપ કલ્પવૃક્ષ છે. કલ્પદ્રુમ એટલે કલ્પવૃક્ષ. કલ્પવૃક્ષનું કામ તેની પાસે આવી યાચના કરનારને ઇચ્છિત પદાર્થ આપવાનું છે. કલ્પવૃક્ષમાં પુદ્‌ગલસ્કંધો જ એવા હોય છે કે જે મનોવર્ગણા પ્રમાણે ઇચ્છિત પૂરે છે. કેટલાંએક કલ્પવૃક્ષો દેવતાધિષ્ઠિત પણ હોય અને તેની પાસે જ મીઠાઈ, મેવા, ફળ, વસ્ત્ર, તાંબુલ, પલંગ, રમતગમતની ચીજો વગેરે જે કોઈ વસ્તુ માગવામાં આવે છે તે તુરત જ નજરે પડે છે. જૈન શાસ્ત્રકાર જ આ પ્રમાણે કલ્પવૃક્ષનું સ્વરૂપ કહે છે એમ નહિ પણ અન્ય શાસ્ત્રકારો પણ કલ્પવૃક્ષની વાતો કહે છે. કલ્પવૃક્ષ, કામધેનુ, ચિંતામણીરત્ન વગેરે કથાનુયોગ-પ્રસિદ્ધ શબ્દો છે. અત્ર આ શબ્દનો ઉપયોગ અલંકારની ભાષામાં વાપરવામાં આવ્યો છે. જેમ કલ્પવૃક્ષની પાસે જઈ જે કાંઈ વસ્તુ માંગીએ તે મળી શકે છે તેવી જ રીતે આ

અધ્યાત્મ ગ્રંથરૂપ કલ્પવૃક્ષ છે, એની પાસે આત્મિક સૃષ્ટિને લગતો જે કોઈ પદાર્થ માગવામાં આવશે તે મળશે. આત્મિક વ્યવહાર સાથે તેને લગતો અને દૂર કરવા યોગ્ય સાંસારિક વ્યવહાર અને તેનું દુષ્ટ સ્વરૂપ પણ સાથે બતાવવામાં આવ્યું છે, એટલે અધ્યાત્મને લગતા ઘણા ઉપયોગી વિષયો આ ગ્રંથમાં મળી આવે છે.

**સોળ શાખાઓ :** આ વાંછિત પદાર્થો અને સત્યો આપનાર મહાન વૃક્ષની સોળ શાખાઓ ગ્રંથકર્તાએ કલ્પી છે. સોળ શાખાવાળું વૃક્ષ કાંઈ નાનું હોય નહિ અને વિશેષ પત્રપુષ્પાદિને લીધે તે ભવ્ય દેખાય તેમાં કાંઈ નવાઈ નથી. ગ્રંથકર્તાએ અધ્યાત્મનો વિષય બહુ ઉપયોગી ધારી તે પર અનેક પ્રકારે ઉલ્લેખ કર્યો છે. આ ગ્રંથની યોજના બહુ સુંદર પ્રકારની રાખવામાં આવી છે. સર્વ જીવોનું અંતિમસાધ્ય મોક્ષ અને તેનું પ્રથમ કારણ સમતા છે. સાંસારિક સ્થિતિમાં રહેનારનું તો મુખ્ય ધ્યેય સમતાપ્રાપ્તિનું હોવું જોઈએ, તેથી તે હકીકત ગ્રંથમાં આવવી જોઈએ, તેને બદલે મુદ્દાની હકીકતને બહુ લંબાવીને કહેવાથી કેટલીક વાર વાંચનારને કંટાળો આવે છે, એમ તેઓના ખ્યાલમાં હશે તેથી તેઓ પ્રથમ અધિકારમાં સમતાનું વિવેચન કરે છે અને છેલ્લા અધિકારમાં પણ પાછું તેનું જ વિવેચન કરે

છે. વચ્ચેના સર્વ અધિકારો સમતાના પેટા ભાગમાં આવે છે. કેટલાક સમતાને પરમ સાધ્ય માનવાનાં કારણો પૂરાં પાડે છે. કેટલાક તેનાં સાધનો પૂરાં પાડે છે અને કેટલાક તેના માર્ગ દેખાડે છે. આ ગ્રંથના સોળઅધિકારમાં વિષયો ક્યા ક્યા અને કેવી રીતે બતાવ્યા છે તેમાં પ્રવેશ કરવારૂપ તો બહુ ટૂંકામાં અત્ર ખુલાસો પ્રાસ્તાવિક છે; વિશેષ હકીકત અનુક્રમણિકા તથા દરેક અધિકારને છેડે લખેલા 'અંતિમ વિવેચન' પરથી જણાશે.

**૧. સમતા :** પ્રથમ અધિકારમાં સમતાનું સ્વરૂપ વિચારવામાં આવ્યું છે. સમતા પ્રાપ્ત કરવાનાં સાધનો બતાવવાનો ખાસ ઉદ્દેશ આ અધિકારમાં છે. આ વિષયને બહુ સારી રીતે વિકસ્વર કરવામાં આવ્યો છે. દુનિયાના સર્વ વ્યવહારમાં સમતા રાખવાની બહુ જ જરૂર છે. સમતા ન રાખનાર પ્રાણીની પ્રકૃતિ બહુ અવ્યવસ્થિત બની જાય છે. એ ગમે તેવાં ધર્મસાધન કે પુણ્યનાં કાર્યો કરે, પણ તે સર્વ સાધ્ય વગરનાં, વિવેક વગરનાં અને અર્થ વગરનાં થાય છે. જ્યાં સુધી ઐહિક તેમજ આમુષ્મિક કાર્યમાં સમતાનો પ્રવાહ રેલમછેલ થઈ જતો નથી, ત્યાં સુધી અધ્યાત્મિક શરીર પ્રાણ વગરના હાડપિંજર જેવું છે. મનુષ્ય ગમે તેટલા પૈસા પ્રાપ્ત કરે, ગમે તેટલા મોજશોખના સાધનો એકઠાં કરે, ગમે તેટલો વૈભવ ભોગવે, ગમે તેટલું માન પ્રાપ્ત

કરે, પણ વસ્તુતઃ આધ્યાત્મિક દૃષ્ટિએ જો તેનામાં સમતા ન હોય તો તે શૂન્ય છે, અધમ છે અને તેથી પણ વધારે હાનિકારક છે, કારણ કે તે કારણો અતિ ખરચાળ છે, ઉડાઉ છે, નુકશાન કરનારાં કે તેની હવામાં તેના વાતાવરણમાં, તેના પાડોશમાં પણ અખંડ શાંતિનું સામ્રાજ્ય સ્ફુરે છે અને એક વખત આવા જીવનનાં સંબંધમાં આવનાર પ્રાણી તેના હેતુ, ક્રિયા કે ક્રમ ન સમજતો હોય, ન પારખી શકતો હોય, ન પૃથક્કરણ કરી શકતો હોય, તો પણ તે અતિ સુખનો અનુભવ કરે છે. અને એવો સત્સંગ કરવા નિરંતર હોંશ રાખ્યા કરે છે; અથવા એના સંબંધમાં ગયેલી આનંદદાયક ક્ષણોને બહુ પ્રેમથી વારંવાર સંભાર્યા કરે છે. સમતા આવી પવિત્ર વસ્તુને જન્મ આપનાર છે અને સ્વયં શુદ્ધ છે તેથી તેને પ્રાપ્ત કરવાનો પ્રયાસ મુમુક્ષુ જીવનો હોય છે. એને પ્રાપ્ત કરવાનાં અનેક સાધનો પૈકી અત્ર ચાર ભાવના, ઈન્દ્રિયોના વિષયો પર સમભાવ, આત્મસ્વરૂપની વિચારણા અને સ્વસ્વાર્થ ઓળખી તે સાધવામાં રક્તતા એ ચાર સાધનો પર બહુ વિસ્તારથી વિવેચન ગ્રંથકર્તાએ કર્યું છે. આખા ગ્રંથનું પરમ સાધ્ય સમતા હોવાથી અને તે વગર કરેલાં શુભકાર્યો પણ સંસારફળ આપનારા હોવાથી આ અધિકાર પર બહુ વિચાર કરીને વિસ્તારથી વિવેચન કરવાની આવશ્યકતા

જણાઈ હતી અને તે હેતુ પાર પાડવા માટે બનતો પ્રયાસ કરવામાં આવ્યો છે. સમતાને અંગે દૃષ્ટાંતો બહુ વિચારવા યોગ્ય છે; તેથી વીર પરમાત્મા, અનાથીમુનિ, ગજસુકુમાર, શાલિભદ્ર, સ્કંદકાચાર્ય વગેરેનાં દૃષ્ટાંતો પર બહુ સારી રીતે મનન કરવું. આ અધિકાર બહુ અગત્યનો છે.

૨. **સ્ત્રીમમત્વમોચન અધિકાર** : ઐહિક પદાર્થમાં આસક્તિ થવાનાં મુખ્ય કારણો પર લક્ષ્ય ખેંચે છે. આ દુનિયામાં અસત્ય વ્યવહાર કરવાનાં કારણો સ્ત્રીરૂપ ઉપાધિથી જ ઉત્પન્ન થાય છે. મનસ્વી પુરુષ એકલો હોય તે તો બહુ આનંદથી રહી પોતાની જરૂર પૂરતું તો પાંચ-પંદર દિવસ મેળવી શકે છે, પણ તેને ઘર બાંધવાની, પૈસા એકઠા કરવાથી માલુમ પડશે. દુનિયાનો વ્યવહાર જોતાં જણાશે કે ખૂનો કરવા જેવો પ્રસંગ મોટે ભાગે સ્ત્રીઓના કારણથી ઉદ્ભવે છે. સ્ત્રી સાથેનો પ્રેમ એવો વિચિત્ર છે કે જેથી સ્પર્શનેન્દ્રિયને માર્ગ મળ્યા વગર રહે નહિ. એના પરિણામે કલ્પનાશક્તિ પર દેખીતી સુંદર પણ પરિણામે ભયંકર મૂર્તિઓ ખડી થયા કરે અને છેવટે એટલી બહેર મારી જાય કે માનસિક બળ અને તર્કવિચારણાનો તેના ઉપર કોઈ પ્રકારનો કાબૂ રહે નહિ. આ સ્થિતિ એટલી ખરાબ છે કે તેનો કડવો અનુભવ મેળવનારને જ તેનો ખ્યાલ આવે

છે. સ્વસ્ત્રીમાં મમત્વ રાખવાની અત્રે ના પાડવામાં આવી છે, તો પછી પરસ્ત્રી સંબંધમાં તો કેટલો તિરસ્કાર હોવો જોઈએ એ ખાસ વિચારવાની હકીકત છે. સ્ત્રીને જે હીન વસ્તુઓ સાથે ગ્રંથકર્તાએ સરખાવી છે, તેના પર બહુ વિચાર કરવાની જરૂર છે. એ સર્વ હકીકત અનુભવ અને સંપૂર્ણ વિચારણા તથા તત્ત્વજાગૃતિથી જ સમજાય તેવી છે. વ્યવહારદષ્ટિથી જોતાં કદાચ એમ લાગશે કે ધાર્મિક વૃત્તિવાળા પુરુષો તો સર્વ ત્યાગ કરવાનું જ કહે, પણ તે બને કેમ ? પરંતુ આ દષ્ટિથી વિચાર કરવાનો નથી. બહુ ઉપયોગપૂર્વક સંસારચક્રનું નિરીક્ષણ કર્યા વગર ઉપર ઉપરના હાવભાવમાં રક્ત થઈ જવાય એવા કાળમાં આ અધિકારનું રહસ્ય સમજાવું અને પ્રાપ્ત થવું ઘણું મુશ્કેલ છે. આ અધિકાર આખો પુરુષવર્ગને ઉદ્દેશાઈને લખાયો છે, કારણ જૈન શાસ્ત્રકાર પુરુષપ્રધાન ધર્મ છે; સ્ત્રીઓએ શબ્દ રચનામાં ઘટતો ફેરફાર કરી સ્ત્રીમમત્વમોચન અધિકારને પુરુષમમત્વમોચન અધિકાર તરીકે વાંચવો. આ પછી હવે પછીના ત્રણ અધિકારો બાહ્ય સંબંધને આશ્રયીને લખાયા છે, પણ તે સંબંધ વિભાવદશાને લીધે આત્મિક સંબંધ જેવા થઈ ગયા છે, તેથી તે સંબંધનું સ્વરૂપ, સ્થિતિ અને પરિણામ બહુ બારીકાઈથી તપાસવાની જરૂર છે; આ અધિકાર મોહનીયકર્મનું

સામ્રાજ્ય કેટલું પ્રબળ છે તે બતાવી આપે છે.

૩. **પુત્રમમત્વમોચન :** અધિકાર બહુ સંક્ષેપમાં પણ મુદ્દાસર વિષય પર લખાયો છે. કેટલાક પ્રાણીઓ પુત્ર-પુત્રીઓરૂપી સંસારમાં આસક્ત થઈ જાય 'છોકરા મારા સ્વામીવત્સલ' જેવું કરે છે, મતલબ પોતાના ઘરમાં આખી દુનિયાનો સમાવેશ થયેલો સમજી બીજા કોઈ પણ પ્રકારના સામાજિક વિચાર તેઓ કરતા નથી. કેટલીક વાર અત્યંત મમત્વને અંગે ફરજ વગેરેના ગૂંચવણ ભરેલા સવાલો ઉત્પન્ન થાય છે. એવા સવાલોનો આ અધિકારમાં સીધી અને આડકતરી રીતે બહુ સારો ખુલાસો કર્યો છે. આ અધિકાર શ્લોક સંખ્યામાં સર્વથી નાનો છે, પણ તેની અગત્યતા ઓછી નથી.

૪. **ધનમમત્વમોચન :** અધિકારમાં બહુ ઉપયોગી બાબતો પર ઉલ્લેખ થયો છે. આ દુનિયાનો મોટો ભાગ- "પૈસો મારો પરમેશ્વર" એ જ વૃત્તિવાળો હોય છે. પૈસા પેદા કરવાના રસ્તા, ચિંતન, તેના વિચાર, તેની વાતો વગેરેમાં આ જીવને જેટલો આનંદ આવે છે તેટલો બીજા કોઈ પણ પદાર્થના સંબંધથી આવતો નથી. અનાદિ અભ્યાસ આ પ્રમાણે મોહનીયકર્મના ઉદયથી પડી ગયો છે. અને તેથી ઘણીવાર વ્યવહારમાં પૈસાને અગિયારમો પ્રાણ કહેવામાં આવે છે અને

તેનું જોર એટલું બધુ માનવામાં આવે છે કે દશ પ્રાણને પણ છોડાવી દે છે. ધનનું મમત્વ એકદમ મૂકવું આકરૂં લાગે તેવી સ્થિતિ ઘણા પ્રાણીઓની હોવાથી દીર્ઘદષ્ટિવાળા ગ્રંથકર્તાએ ધનનો વ્યય કેવી રીતે કરવો તે પણ બતાવ્યું છે. આ સંબંધમાં તેઓશ્રીનો કહેવાનો ઉદ્દેશ એ જણાય છે કે પૈસાના વિચાર અને ફફડાટમાં આત્મિક સાધન છોડી દેવાનું ઘણા પ્રાણીઓને બને છે; આ સંબંધમાં બહુ વિચાર કરવાની જરૂર છે. જે તદ્દન સ્થૂળ વસ્તુ છે, પૌદ્ગલિક છે, ચર છે, છેવટ સુધી પાસે કદાચ રહે તો પણ પ્રાંતે તો અહીં જ પડી રહેવાની છે, એવી વસ્તુ પર મમત્વ કરી પ્રાપ્ત કરેલ અનુકૂળતાઓનો લાભ લેતાં ચૂકી જવું નહિ, પૈસા એકઠા કરવા એ તદ્દન નિર્હેતુક પ્રવૃત્તિ છે. એક અંગ્રેજ કવિ કહે છે કે :-

> Take thou no thought aught save Right and Truth,
> Life holds for finer souls no equal prize;
> Honours and wealth are baubles to the wise.

"આ જીવનમાં વિશુદ્ધતર જીવન ગાળનારને સરખો બદલો મળતો નથી, સંયોગ પ્રમાણે વધતો-ઓછો મળે છે; પણ તારે તો સત્ય અને ખરી વાત સિવાય બીજી કોઈ વસ્તુનો વિચાર કરવો નહિ. ડાહ્યા માણસને મન માન-પાન અને પૈસો તો શોભિતાં પણ કિંમત વગરના રમકડાં જેવા છે." આ ટૂંકા

વાક્યમાં બહુ અગત્યનું રહસ્ય સમાયું છે. ધનમમત્વમોચન અધિકાર બહુ વિચારીને વાંચવા યોગ્ય છે.

**૫. દેહમમત્વમોચન :** અધિકારમાં પણ બીજા અધિકારથી શરૂ થયેલ લય (spirit) ચાલુ રાખ્યો છે. આ શરીર પર અસાધરણ પ્રેમ રાખી તેને આખો વખત પંપાળવું નહિ અથવા તેને શોભાની ટાપટીપથી દીપાવવું નહિ તેને આત્મિક ધર્મો બજાવવામાં સહાયભૂત સમજી તેનાથી બની શકે તેટલું શુભકાર્ય કરી લેવું. એ શુભકાર્યો કરવા પૂરતી તેની સ્થિતિ સારી હોવી જોઇએ. શરીર તરફ તદ્દન ઉપેક્ષા રાખવી તેવો હેતુ જણાતો નથી, પણ અત્યંત ધ્યાન આપી તેને પ્રેરનારને તેનામાં ચૈતન્યસ્વરૂપે રહેનારને-ભૂલી જવો એમ ન થવું જોઇએ. આ અધિકારમાં સ્વદેહ અને પરદેહ બંને ઉપર મમત્વ રાખવાનો ગર્ભિત આશય હોય એમ જણાય છે શરીરને અશુચિમય સમજવાથી અને તેના પર યોગ્ય વિચાર કરવાથી તેનું વાસ્તવિક સ્વરૂપ અને તેને અંગે તેની સાથે વર્તન કરવાનો યોગ્ય રસ્તો સારી રીતે ધ્યાનમાં આવે છે. આ પાંચમા અધિકારનો વિષય આ શારીરિક સુખમાં મસ્ત બનાવનાર ચાલુ કાળમાં પસંદ ન આવે એ બનવાજોગ છે, પણ તેથી સૂરિમહારાજ તો વસ્તુસ્વરૂપ સમજવાની પોતાની ફરજ ચૂકી જતા નથી. ચાલુ જમાનાની

ખાવાપીવાની અને વર્તન કરવાની રીત શરીરને નિરંતરનું પોતાનું મનાવે છે કે જે વસ્તુસ્થિતિની વિરુદ્ધ છે એમ આપણો પ્રત્યક્ષ અનુભવ છે. દુનિયામાં જે જે હકીકતો બને તેનો માત્ર ઉપર ઉપરનો જ ખ્યાલ લેવાની ટેવ હોવાથી ઘણા જીવો આમાં ઊંડા ઊતરી શકતા નથી. એક માણસના મરણ વખતે ઘણાખરા કહેશે કે બહુ ખરાબ થઈ ગયું વગેરે; પણ શું ખરાબ થયું, એનો વિચાર કરશે નહિ. શરીરને આત્માનો વિયોગ, કે જે સ્વાભાવિક ધર્મ છે, એ જ થયું છે, એવું પૃથક્કરણ કરવાની તેને ઇચ્છા થશે નહિ; દુનિયાના સામાન્ય બનાવોમાં પણ આવું અંતિમ રહસ્ય શોધવાની ટેવ પાડવી બહુ આવશ્યક છે.

**૬. પ્રમાદત્યાગાધિકારમાં** : પંચેન્દ્રિયના વિષયોનું સ્વરૂપ બહુ વિદ્વત્તાથી બતાવવામાં આવ્યું છે. આ જીવ સ્થૂળ ઇન્દ્રિયસુખોમાં આસક્ત થઈ જાય છે. સારા સારા પદાર્થો ખાવામાં સેન્ટ-લવંડર સૂંઘવામાં, હાર્મોનિયમ-પીઆનો સાંભળવામાં, સુંદર સ્ત્રીઓનું રૂપ વિકારદૃષ્ટિથી જોવામાં અને તેઓ સાથે વિષયસેવન કરવામાં આનંદ માને છે. પાંચ ઇન્દ્રિયના વિષયો અનેક પ્રકારના છે, જેનો અનુભવ દરરોજ થાય છે. આમાં સુખ શું છે ? શું સાચું માનવામાં આવ્યું છે ? તેમાં ખરું તત્ત્વ શું છે ? ખરા સુખનું સ્વરૂપ શું છે ? તે આ

જીવને કેમ સમજાતું નથી ? આ સ્થૂળ સુખો ભોગવતી વખતે કેટલું અને કેવું સુખ આપે છે ? પરિણામે તેથી શું થાય છે ? આત્મિકસુખ એ સ્થૂળસુખમાં તફાવત શો છે ? એ વિષય પર બહુ અસરકારક વિવેચન આ અધિકારમાં કરેલું છે. ઇન્દ્રિયનાં વિષયમાં આ જીવની આસક્તિ એટલી બધી રહે છે કે તેનો કાંઈ પણ પ્રસંગ પડતાં જો પોતાને વિશેષ જ્ઞાન અને દૃઢ શ્રદ્ધા ન હોય તો તે તેમાં મગ્ન થઈ જાય છે, તે પ્રસંગે તેને એટલું પણ ભાન રહેતું નથી કે દુનિયામાં પ્રતિષ્ઠા મેળવનાર મારા જેવો પ્રતિષ્ઠિત ગણાતો પુરુષ બાળકને છાજતા આવા ખેલ કેમ કરે છે ? એક ડાહ્યો ગણાતો માણસ પણ એકાંત ભાગમાં સ્ત્રી સાથે કેવી વિચિત્રતાથી વર્તે છે એ કલ્પી શકાય તેવું છે. એવી સ્થિતિથી તે વખતે અને ભવિષ્યમાં આ જીવને બહુ હાનિ થાય છે, તે દૂર કરવાનો અત્રે ઉપદેશ છે. આવા વિષયોમાં વસ્તુસ્વરૂપ વિચારવાની બહુ જ જરૂર છે. પ્રમાદને માટે અત્રે બહુ લખવામાં આવ્યું નથી. અંતિમ રહસ્યમાં અને ભૂમિકામાં તે વિષયનું સહજ નિરૂપણ કરવામાં આવ્યું છે.

**૭. કષાયનિગ્રહ :** અધિકારમાં લખેલ હકીકત આપણા દરરોજના અનુભવમાં આવે છે અને કર્મપ્રકૃતિઓ ગ્રહણ કરવાનાં મુખ્ય દ્વારમાંનું એ એક દ્વાર છે. કષાયથી જ સંસારનો

લાભ અને તેની વૃદ્ધિ થાય છે અને તે આ જીવના સંબંધમાં મોટો ફેરફાર કરી શકે છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર તેના ભેદ છે. સવારથી રાત્રી સુધીમાં કષાયો કરવાના અનેક પ્રસંગો આવે છે : કોઈની પર ગુસ્સો આવી જાય છે, કોઈવાર પોતાની મોટી મોટી વાતો (આત્મપ્રશંસા) કરવામાં આનંદ મનાય છે, કોઈવાર બગવૃત્તિ ધારણ કરાય છે અને કોઈવાર પૈસાની માળા ફેરવાય છે. આ ચાર કષાયો અનેક રૂપમાં દેખાવ દઈ આ જીવને કેવા ચાળા કરાવે છે તે સંબંધી આ અધિકારમાં બહુ વિસ્તારથી વિવેચન કર્યું છે. આ ચાર કષાયો એવી અસાધારણ શક્તિ ધરાવે છે કે પોતાના પુરજોસમાં જો તે ચારમાંનો એક પણ હોય તો આ જીવ ગમે તેટલી ધર્મક્રિયા કરે, ગમે તેટલું જ્ઞાન ભણે, ગમે તેટલા તપ કરે, પણ તે સર્વને કષાયો નકામો બનાવી દે છે અને જીવનું અધઃપતન કરાવે છે. આવાં કારણોથી કષાયોનો નિગ્રહ કરવાની ખાસ જરૂર છે. મનોવિકારને તાબે થનાર પ્રાણીની જિંદગી લગભગ નકામા જેવી છે, એમ ઉપર ઉપર દષ્ટિથી પણ આપણને લાગે છે, પરંતુ મનોવિકાર કેવા અને કેવી રીતે કામ કરનારા હોય છે એનું ઊંડાણમાં ઊતરી આપણે સ્વરૂપ ન જાણતા હોઈએ ત્યાં સુધી એ સત્ય હકીકત પણ માત્ર વાતના રૂપમાં રહે છે.

કષાયને બરાબર ઓળખી, તે કરવાનો પ્રસંગ આવતા તેનો નિગ્રહ કરવો અને તેનાથી જિતાઈ ન જતાં તેને જીતી લેવા, એટલું સાધ્ય લક્ષ્યમાં રાખવું યોગ્ય છે. આ અધિકારના વિવેચનમાં ગ્રંથના પ્રમાણ પૂરતું વિવેચન થયેલું હોવાથી આ સ્થળે તો આ અધિકારમાં કયા વિષય આવે છે તેનું માત્ર દિગ્દર્શન જ કરવામાં આવ્યું છે. કષાય જિંદગીમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે.

૮. **શાસ્ત્રાભ્યાસ** : અધિકારમાં બતાવે છે. કે શાસ્ત્રના અભ્યાસમાં વિદ્વતા દેખાડવાની વૃત્તિ રહે તો શાસ્ત્રાભ્યાસથી બહુ લાભ થતો નથી; અભ્યાસ પ્રમાણે વર્તન હોવાની ખાસ જરૂર છે. પંડિતના નામમાત્રથી ખુશી થઈ જવા જેવું નથી પણ મતિ અનુસાર બુદ્ધિ હોવી જોઈએ અને તે બંને અનુસાર પ્રવૃત્તિ હોવી જોઈએ. વિષયપ્રતિભાસ, આત્મપરિણતિ અને તત્ત્વ-સંવેદન જ્ઞાનનું સ્વરૂપ શ્રીમદ્ હરિભદ્રસૂરિએ અષ્ટકજીમાં આપ્યું છે તે બહુ મનન કરવા યોગ્ય છે, એ હકીકત વિવેચનમાં ખાસ ધ્યાન ખેંચનારી છે. શાસ્ત્રાભ્યાસનો ઉદ્દેશ શો છે તે બહુ વિચાર કરવા યોગ્ય છે, અને આ વિષય પર ગ્રંથકર્તાએ અસરકારક રીતે ધ્યાન ખેંચ્યું છે. આ સંબંધમાં બહુ ગફલતી થાય છે. ઘણી વખત જ્ઞાનના દેખાવમાં જ સંપૂર્ણતા માનવામાં આવે છે, તે

સંબંધમાં યોગ્ય વિચાર બતાવવામાં આવ્યા છે. આ વિષયની સાથે અભ્યાસને અંગે સમજમાં આવતાં ચતુર્ગતિના ક્લેશનું વર્ણન કરવામાં આવ્યું છે. નરક કે તિર્યંચ ગતિમાં દુઃખો છે તે તો આ જીવ સમજે છે, પણ મનુષ્ય અને દેવગતિમાં પણ દુઃખ છે એ વાત સ્પષ્ટ કરવાની બહુ જરૂર છે. જે ક્રિયા કરવાથી ચઉગતિ સધાય તે અધ્યાત્મ નથી એમ શ્રી આનંદઘનજી સ્તવનમાં કહે છે અને કદાચ કોઈ ક્રિયાથી શુભગતિ બંધાય તો તે પણ ઈષ્ટ નથી, એ ખાસ સમજવું જરૂરનું છે. અધ્યાત્મની વ્યાખ્યા કરતાં પણ જોયું કે જે અધ્યાત્મથી ચઉગતિમાંથી કોઈ પણ શુભ અથવા અશુભગતિ બંધાય તે અધ્યાત્મ નથી.

**૯. ચિત્તદમન :** આખા ગ્રંથના મધ્યબિંદુરૂપ નવમો અધિકાર ચિત્તદમનનો આવે છે. ગમે તેટલી ક્રિયા કરવામાં આવે, અને ગમે તેટલી યોગ-સાધના કરવામાં આવે ગમે તેટલું જ્ઞાન ભણવામાં આવે, ગમે તેટલી તપસ્યા કરવામાં આવે, પણ જ્યાં સુધી મનની અસ્થિરતા હોય, ચિત્ત આકુળ-વ્યાકુળ હોય, માનસિક ક્ષોભ હોય, ત્યાં સુધી સાધ્ય પ્રાપ્ત થઈ શકતું નથી એ ખાસ લક્ષ્યમાં રાખવાનું છે. જ્ઞાનનો, તપનો અથવા ક્રિયાનો આશય મન પર અંકુશ લાવવાનો હોવો જોઈએ. મનની અવ્યવસ્થિત સ્થિતિથી પ્રાણીનાં કાર્યો કાંઈ પણ ફળ આપી

શકતા નથી. એ શુદ્ધદૃષ્ટિની અપેક્ષાએ યથાતથ્ય છે. એ સંબંધમાં સામાન્ય રીતે આપણા વિચારો બહુ ચોક્કસ રહે છે. સામાન્ય પ્રકૃતિ બાહ્ય દેખાવ ઉપર બહુ મત બાંધી દે છે. પણ વસ્તુતઃ એમ થવું ન જોઈએ. અમુક પ્રાણીના સંબંધમાં મત બાંધતાં પહેલા તે પ્રાણીનું મન કેટલા અંકુશમાં આવ્યું છે તે પર બહુ જ વિચાર કરવાની જરૂર છે. ગમે તેવા કાર્ય કરવામાં ઉદ્યુક્ત થયેલા જીવને મન કેવી રીતે ફેરવી નાંખે છે, તેનો અનુભવ વિચાર કરવાથી તુરત સમજી શકાય તેમ છે. મન જ મોક્ષ અને બંધનું કારણ શાસ્ત્રકારે કહ્યું અને ક્રિયા ન કહી એનું રહસ્ય આ અધિકારમાં બહુ સ્પષ્ટ રીતે સમજાવ્યું છે. આ અધિકારમાં ગ્રંથકર્તાએ, પ્રથમ અધિકારની પેઠે, પોતાની વિદ્વતા બતાવી આપી છે અને વિવેચન પણ બહુ વિચાર કરીને લખવા પ્રયાસ કર્યો છે. આ અધિકારનો વિષય બહુ ઉપયોગી હોવાથી તે પર ખાસ ધ્યાન આપવા અને વારંવાર મનન કરવા ખાસ સૂચન કરવામાં આવે છે.

**૧૦. વૈરાગ્ય :** દશમો અધિકાર વૈરાગ્યનો આવે છે. આ સંસારમાં વિષયો ઉપરથી રાગ ઉઠી જાય અને વસ્તુરૂપ તેના યથાસ્થિત આકારમાં સમજાય તેટલા સારું વિદ્વાન ગ્રંથકર્તાએ છૂટા છૂટા વિષયો લઈને વૈરાગ્ય થવાના સાધનો બતાવ્યા છે.

મૃત્યુનો દોર, લોકરંજનવાળા ધર્મનું ઉપરચોટિયાપણું, આ જીવને મળેલી અનેક પ્રકારની જોગવાઈઓ, તેનો તેણે લેવો જોઈતો લાભ, ધર્મથી થતો દુઃખક્ષય, સુખનું વાસ્તવિક સ્વરૂપ, પ્રમાદથી થતાં દુઃખો, તે પર દૃષ્ટાંતો અને આ જીવન વર્તન અને ઉદ્દેશ વચ્ચે વિસંવાદ વગેરે અનેક છૂટી છૂટી બાબતો લઈ તે પર બહુ અસરકારક ભાષામાં પ્રકાશ પાડ્યો છે. એ પ્રકાશનું સ્વરૂપ બહુ મનન કરવા યોગ્ય છે. એક પ્રસંગે અજાદિકના દૃષ્ટાંતો પણ બહુ યુક્તિથી આપ્યાં છે. જ્યાં સુધી સાંસારિક-પૌદ્ગલિક વિષયો પરથી આ જીવને રાગ ઘટે નહિ, ત્યાં સુધી ધર્મસન્મુખ થાય નહિ, એ સ્પષ્ટ હકીકત હોવાથી સર્વ વિષયોનું અત્રે પૃથક્કરણ અને સ્પષ્ટીકરણ કરવામાં અંતિમ હેતુ તેનું પરિણામે થતું દુઃખ સમજી, તેનાથી દૂર રહી, સમતા કરવાનો આગ્રહ રાખવામાં આવ્યો છે આ અધિકાર પણ બહુ જ મનન પ્રાપ્ત કરવા યોગ્ય છે. એના દરેક શ્લોકમાં એકેક અથવા તેથી વધારે મહાન સત્યો ઝળકી આવે છે, જે શોધ કરનારને અને સાધક હોય તેને પ્રાપ્ત થઈ જાય તેમ સ્પષ્ટરીતે બતાવ્યાં છે.

**૧૧. ધર્મશુદ્ધિ :** અગિયારમો અધિકાર ધર્મશુદ્ધિનો આવે છે. આ કાળમાં ધર્મના વિષયમાં લખવું એ જ ઘણા જીવોને અપ્રાસંગિક લાગે છે. સખત હરીફાઈ અને પુદ્ગલમાં મસ્ત

રહેવાના જમાનામાં ધર્મ શબ્દનો અભાવ દાખલ થતો હતો, તેમાં હવે કાંઈક ફેરફાર થતો જોવામાં આવે છે. ધર્મની આવશ્યકતા હવે લગભગ સર્વ સ્વિકારે છે. તે ધર્મમાં શુદ્ધિ કેટલા પ્રકારની રાખવી જોઈએ એ અત્રે બતાવવામાં આવ્યું છે. ધર્મમાં દોષો કેવા કેવા હોય છે તેનું મુદ્દાસર લિસ્ટ આપી સ્વગુણપ્રશંસાના દુર્ગુણ ઉપર અને જનસ્તુતિ ઉપર વિદ્વત્તા ભરેલો ઉલ્લેખ ગ્રંથકર્તાએ કર્યો છે. આ હકીકત પર વાંચનારનું ખાસ ધ્યાન ખેંચવાની જરૂર લાગે છે. છેવટે ભાવશુદ્ધિ રાખવાનો ઉપદેશ આપ્યો છે. ભાવ વગરની ક્રિયા કેવી રીતે અલ્પ ફળ આપે છે, તે પર અત્રે વિસ્તારથી જોવામાં આવશે. આ અધિકારમાં લોકસ્તુતિ પર વ્યવહારુ વિવેચન ખાસ વાંચવા યોગ્ય છે.

**૧૨. ગુરુશુદ્ધિ :** બારમો અધિકાર ગુરુશુદ્ધિનો છે. આ અધિકારમાં ગુરુમહારાજ કેવા હોવા જોઈએ એ સંબંધમાં સૂરિમહારાજે બહુ વિસ્તારથી વિવેચન કર્યું છે. અને કેટલાક અગત્યના વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે; ગુરુપરીક્ષામાં બહુ વિચાર કરવાની આવશ્યકતા બતાવવામાં આવી છે. અને તે માટે કઠણ ભાષાનો ઉપયોગ પણ ક્વચિત્ કરેલો જોવામાં આવે છે; આ અધિકારમાં સંપત્તિ અને

વિપત્તિનાં કારણો બતાવ્યા છે તે ખાસ મનન કરવા યોગ્ય છે.

**૧૩. યતિશિક્ષા** : તેરમો અધિકાર છે. યતિ નામથી ઓળખાતા, સંસારનો ત્યાગ કરનારા સર્વને ઉદ્દેશીને લખાયેલા આ અધિકારમાં બહુ ધીરજથી વાંચવાની જરૂર છે. વેશમાત્રથી લાભ નથી, જનરંજનપણાની કાંઈ કિંમત નથી, યતિપણાની ઉચ્ચ પ્રકારની ફરજો શી શી છે, નકામાં વસ્ત્રપાત્રનો પરિગ્રહ બોજારૂપ છે; પરીષહનું સ્વરૂપ શું છે ? સંયમના ભેદો કેટલા છે ? ચરણસિત્તરી અને કરણસિત્તરીના ભેદો ક્યા ક્યા અને કેટલા છે, વગેરે અનેક ઉપયોગી હકીકતનો આ અધિકારમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ અધિકાર સર્વથી વધારે લાંબો છે. એની ભાષા શિક્ષા આપવા યોગ્ય કઠણ શબ્દોમાં લખાઈ છે તે તરફ ખપી જીવો ગુસ્સો કરતા નથી, પણ તેનું આંતર સ્વરૂપ સમજવા વિચાર કરે છે. સૂરિમહારાજ પોતાના અદ્‌ભૂત ચારિત્રગુણમાં બાલ્યવયથી જ આસક્ત હોવાને લીધે બહુ ઉત્તમ રીતે હૃદય ભાવનાથી ઉપદેશ આપે છે. આ ઉપદેશ સાધુ અને શ્રાવક સર્વને માન્ય કરવા યોગ્ય છે. એ ઉપદેશમાં સાધુધર્મ બહુ વિકટ છે એવો વિચાર આવવાથી તે તરફ ઉપેક્ષા ન થઈ જાય એની ખાસ વિચારણા રાખવામાં આવી છે. આ અધિકારનું રહસ્ય સમજવું-સમજાવવું બહુ મુશ્કેલ છે સૂરિ મહારાજે જે

ગંભીરતા અને લાગણીથી આ અધિકાર લખ્યો છે તે સમજવા માટે યત્ન કરવાની ખાસ ભલામણ છે.

**૧૪. મિથ્યાત્વાદિ સંવરઃ** ચૌદમો અધિકાર મિથ્યાત્વાદિ-સંવરનો છે. પાંચ પ્રકારના મિથ્યાત્વનું સ્વરૂપ લખી મન-વચન-કાયાના યોગો પર અંકુશ મેળવવા ઉપદેશ આપ્યો છે. મનોયોગ પર તંદુલમત્સ્ય અને પ્રસન્નચંદ્રના આખ્યાનો વિચારવા યોગ્ય છે, વચનયોગ પર વસુરાજાનું દૃષ્ટાંત મનન કરવા યોગ્ય છે. તેમજ કાયયોગ પર કાચબાનું આખ્યાન ચિંતવવા યોગ્ય છે. ત્યાર પછી ઇંદ્રિયસંયમ પર પુષ્કળ વિવેચન કરી કષાયસંવર કરવા ઉપદેશ આપે છે અને તેમ કરતાં કરટ અને ઉત્કરટ મુનિનું દૃષ્ટાંત આપી બહુ ઉપયોગી બોધ આપેલ છે. છેવટે નિઃસંગતા પ્રાપ્ત કરવા પ્રેરણા કરવામાં આવી છે.

**૧૫. શુભવૃત્તિશિક્ષા :** પંદરમો અધિકાર શુભવૃત્તિશિક્ષાનો છે, દરરોજ બે ટંક છ આવશ્યક કરવાં, તપસ્યા કરી કર્મ નિર્જરા કરવી, શીલાંગ ધારણ કરવાં, યોગરૂંધન કરવું, ઉપસર્ગ સહન કરવા, સ્વાધ્યાય-ધ્યાન કરવું, ઉપદેશ દેવો, આત્મનિરીક્ષણ કરવું વગેરે શુભ પ્રવૃત્તિના અનેક શુભ પ્રકાર બતાવી તે પ્રમાણે કરનારને ભવિષ્યમાં કેવા પ્રકારના લાભ થાય છે તે પર ખાસ ધ્યાન ખેંચવામાં આવ્યું

છે. આ અધિકારમાં જે જે પરચૂરણ વિષયો બતાવવામાં આવ્યા છે તે બહુ ઉપયોગી અને મનન કરવા યોગ્ય છે.

**૧૬. સામ્યસર્વસ્વ :** સોળમાં અને છેલ્લા સામ્યસર્વસ્વ અધિકારમાં આખા ગ્રંથના સારરૂપ સમતા રાખવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. સમતાના પરિણામે સુખ કેવી રીતે થાય છે અને તે સુખ કેવા પ્રકારનું છે તે બહુ ઉત્તમ રીતે બતાવ્યું છે. મોક્ષનું સ્વરૂપ વિવેચનમાં બતાવી તે પ્રાપ્ત કરવાનું કારણ સમતા છે એમ સિદ્ધ કરવામાં આવ્યું છે. આ ગ્રંથ સમતારસની વાનગી છે એમ બતાવી એના અધિકારી કોણ છે તે પણ બતાવવામાં આવ્યું છે. ત્યારપછી કોઈ પણ પ્રકારના આડંબર વગર આ ગ્રંથ પૂર્ણ કરવામાં આવ્યો છે.

**કૃતિનો સમય :** આ ગ્રંથ સૂરિમહારાજે કઈ સાલમાં લખ્યો તે સંબંધી કાંઈ નિર્ણય થઈ શકે તેમ નથી. મને એમ લાગે છે કે સૂરિમહારાજે ઉપદેશરત્નાકર વગેરે ગ્રંથો બનાવ્યા [1]પછી

૧. આ હકીકતને ટીકાકાર શ્રી ધનવિજય ગણિ ટેકો આપે છે. ગ્રંથની શરૂઆતના અથ શબ્દ પર નોટ લખતાં તેઓશ્રી કહે છે કે એ શબ્દ અનન્તરતા સૂચવે છે અને અત્ર એમ સમજવું કે આ ગ્રંથ ઉપદેશ-રત્નાકર વગેરે ગ્રંથો લખ્યા પછી બનાવ્યો છે. આનું કાંઈ કારણ તેઓ આપતા નથી, પણ સૂરિમહારાજ પછી આપણાથી નજીકના સમયમાં તેઓ થયા છે તેથી તેઓની કહેલી હકીકત કદાચ સંપ્રદાયથી જણાઈ હોય.

જિંદગીના છેવટના ભાગમાં પોતના અનુભવનું રહસ્ય આ ગ્રંથ દ્વારા બહાર પાડ્યું છે અને આ ગ્રંથના શ્લોકો એક સાથે નહિ પણ જ્યારે જ્યારે મનમાં સ્ફુરણા થઈ આવી હશે ત્યારે લખ્યા હશે એમ જણાય છે. સાતમા કષાય નિગ્રહ અધિકારમાં ક્રોધ-માનના સ્વરૂપમાં વચ્ચે માયાના શ્લોક આવે છે. વળી લોભત્યાગના ઉપદેશ પછી ક્રોધત્યાગનું સ્વરૂપ આવે છે. શ્રી મુનિસુંદરસૂરિ મહારાજ જેવા સમર્થ લેખક, જેમણે ઉપદેશ-રત્નાકરમાં એક સરખી શૈલી બતાવી એક વિષયને એક છેડાથી બીજા છેડા સુધી નિયમસર લખ્યો છે તે આ પ્રમાણે આડાઅવળા શ્લોક સંબંધ વગર લખે તેનો એક જ રીતે ખુલાસો થઈ શકે છે. તેવી જ રીતે દેવ-ગુરુ-ધર્મશુદ્ધિ અધિકારનો વિષય ગુરુશુદ્ધિ માટે જ લગભગ લખાયો છે. આ પ્રમાણે અનુમાન દોર્યું છે. તે જો ખરું હોય તો તેથી ગ્રંથની કિંમતમાં બહુ વધારો થાય છે. કુદરતી રીતે અવલોકન કરતાં હૃદયમાંથી જે ઉદ્‌ગારો નીકળે તે કૃત્રિમ ઉદ્‌ગારો કરતા વિશેષ ઉપયોગી જ ગણાય છે. વળી ઉપદેશરત્નાકર ગ્રંથની આદિમાં મંગલાચરણમાં ઘણા શ્લોકો લખ્યા છે. અત્ર તેમાંનું પ્રમાણમાં કાંઈ નથી, તે પણ સામ્યદશા બતાવે છે અને એ દશા વૃદ્ધાવસ્થામાં સવિશેષ પણે પ્રાપ્તવ્ય છે. મારી માન્યતા પ્રમાણે આ ગ્રંથ સંવત ૧૪૭૫થી

૧૫૦૦ સુધીમાં થોડા થોડા સમયે લખાયો હશે એમ લાગે છે.

**ભાષાશૈલી :** આ ગ્રંથની શૈલી બહુ જ ઉત્તમ છે. કોઈ કોઈ જગ્યાએ પુનરાવર્તન જણાય છે, પણ ઉપદેશના ગ્રંથમાં પુનરાવર્તન દોષરૂપ નથી એ આપણે ઉમાસ્વાતિ મહારાજના કહેવાથી જાણીએ છીએ. (જુઓ પ્રથમ શ્લોક પર વિવેચન, પૃષ્ઠ) જે વિષય સૂરિમહારાજે લીધા છે તે સર્વ બહુ અસરકારક શબ્દોમાં તેઓએ છણ્યા છે. સંસ્કૃત ભાષા ઉપરનો કાબૂ બહુ ઊંચા પ્રકારનો છે અને કોઈ કોઈ જગ્યાએ અલંકારનો બહુ ઉત્તમ રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે. તેઓનાં દષ્ટાંતો અને ઉપમાનો બહુ સ્પષ્ટ અને લાગુ પડતાં છે અને તેઓની વાક્યરચના માર્મિક છે. તેમની ભાષામાં ઉપદેશની ભાષાના સર્વ પ્રકાર સમાવવામાં આવ્યા છે. ઉપદેશની ભાષામાં કેટલીકવાર બહુ જ ઠંડી ભાષા રાખવી યોગ્ય છે. વિષમની મધુરતા અને પ્રિયપણું પ્રાપ્ત કરાવવા માટે આવી ભાષાની જરૂર છે. કોઈ વખત આક્ષેપક ભાષાનો ઉપયોગ કરવો પડે છે. કોઈ વખત કઠોર શબ્દોનો પણ ઉપયોગ કરવો પડે છે. સૂરિમહારાજે પણ આ જીવને કોઈ કોઈવાર વિદ્વાન અને કોઈ કોઈવાર મૂઢ કહ્યો છે, તેમજ, ઉપર જણાવ્યું તેમ, સર્વ પ્રકારની ભાષાશૈલીનો

ઉપયોગ કર્યો છે, તેથી વાંચનાર તથા સાંભળનારને આનંદ અને વિચાર થાય એ સ્વાભાવિક છે. આવી સર્વ પ્રકારની ભાષાશૈલી પર કાબૂ મેળવવો એ સાધારણ વિદ્વાનથી બની શકે તેવું નથી. યતિશિક્ષા અધિકારમાં તેઓ સહેજ કડક થાય છે અને કોઈ કોઈ જગ્યાએ તો વધારે કડક થાય છે. એમાં શૈલીદોષ હો કે ન હો પણ તેઓનો આશય અતિશય મહાન હતો એમ સ્પષ્ટ જણાય છે.

અધિકારની ગોઠવણ બહુ વિચારવા લાયક છે. એક પછી એક અધિકાર વધારે ઉપયોગી હકીકત બતાવનારા લખાયા છે અને ચિત્ત રાખીને વાંચનારને બહુ આનંદ આપે તેવી રીતે તેની ગોઠવણ કરી છે. દરેક શ્લોકની ભાષા મધુર અને સ્પષ્ટ હોવા ઉપરાંત શૈલી બહુ સાદી અને અસરકારક છે.

**પ્રચાર :** આ ગ્રંથ મુનિજીવન અને શ્રાદ્ધજીવનના માર્ગદર્શક તરીકે બહુ જ ઉપયોગી છે આ ગ્રંથ વ્યાખ્યાનમાં અનેક સ્થળે વારંવાર વંચાય છે. અનેક મુનિમહારાજાઓ આ ગ્રંથ સાદ્યંત કંઠસ્થ કરે છે અને તેનો પાઠ પણ નિરંતર કરે છે એમ અનુભવ્યું છે.

હેતુ : જે મહાન હેતુથી આ ગ્રંથ લખવામાં આવ્યો છે તે ખાસ યાદ આપવાની જરૂર છે. સમતાપ્રાપ્તિનો નજીકનો હેતુ અને મોક્ષપ્રાપ્તિનો પરંપરાગત હેતુ એ બંને અનંતર અને પરંપર હેતું પ્રાપ્ત કરી શકાય એવી શૈલીથી અને ગોઠવણથી ગ્રંથ લખાયો છે. આ ગ્રંથ પર શ્રી ધનવિજય ગણિએ અધિરોહીણી નામની ટીકા સંસ્કૃતભાષામાં રચેલ છે. પૂ. રત્નચંદ્રગણિ મહારાજે ચોપાઇ રચેલ છે. ગુજરાતી વિવેચન શા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ બહુ જ સુંદર કરેલ છે.

■ ● ■


# બારસાસૂત્ર–મૂળ

**(કીંમત - ૪૭૫)**

**આખો ગ્રંથ ઓફસેટ - ફોરકલરમાં**

**વાંચનમાં મોટા ટાઇપ.**

**પ્રભુના અદ્ભૂત ફોટા દર્શન.**

**જરૂર વસાવવા યોગ્ય અમૂલ્ય ગ્રંથ**

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
પૂ. લબ્ધિ-ભુવન-ભદ્રંકર-અરૂણપ્રભસૂરીશ્વરેભ્યો નમઃ

પૂજ્ય આચાર્યશ્રી મુનિસુંદરસૂરિ વિરચિત

# અધ્યાત્મકલ્પદ્રુમ

(શ્લોક તથા અર્થ)

શાંતરસ-માંગલિક

## ૧ સમતાધિકાર

जयश्रीरांतरारीणां,
लेभे येन प्रशान्तितः ।
तं श्रीवीरजिनं नत्वा,
रसः शान्तो विभाव्यते ॥ १ ॥ अनुष्टुप्

"જે શ્રી વીરભગવાને અંતરંગશત્રુઓની જય લક્ષ્મી ઉત્કૃષ્ટ શાંતિથી મેળવી છે, તે પરમાત્માને નમસ્કાર કરીને શાંતરસની ભાવના કરવામાં આવે છે. ૧

*અનુપમ સુખના કારણભૂત શાંતરસનો ઉપદેશ*

सर्वमङ्गल निधौ हृदि यस्मिन्,
संगते निरुपमं सुखमेति ।
मुक्तिशर्म च वशीभवति द्राक्,
तं बुधा भजत शान्तरसेन्द्रम् ॥ २ ॥ स्वागता

"સર્વ માંગલિકનો નિધાન એવો શાંતરસ જેના હૃદયમાં પ્રાપ્ત થાય તે અનુપમ સુખ પામે છે. અને મોક્ષનું સુખ એકદમ તેના કબજામાં આવી જાય છે. હે પંડિતો ! એવા શાંતરસને તમે ભજો-સેવો-ભાવો. ૨

*ગ્રંથના ૧૬ દ્વારો*

समतैकलीनचित्तो, ललनापत्यस्वदेहममतामुक् ।
विषयकषायाद्यवशः- शास्त्रगुणैर्दमितचेतस्कः ॥३॥
वैराग्यशुद्धधर्मा, देवादिसतत्त्वविद्विरतिधारी ।
संवरवान् शुभवृत्तिः- साम्यरहस्यं भज शिवार्थिन्
॥ ४ ॥ युग्मम् आर्या

"હે મોક્ષાર્થી પ્રાણી ! તું સમતા ઉપર લીન ચિત્તવાળો થા; સ્ત્રી પુત્ર, પૈસા અને શરીર ઉપરથી મમતા છોડી દે;

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિગેરે ઇન્દ્રિયોના વિષયો અને ક્રોધ, માન, માયા, લોભ, એ કષાયોને વશ થા નહિ; શાસ્ત્રરૂપ લગામ વડે તારા મનરૂપ અશ્વને તું કાબુમાં રાખ. વૈરાગ્યે કરીને શુદ્ધ નિષ્કલંક થા. (સાધુના દશયતિધર્મ અને શ્રાવકના બારવ્રત તેમજ આત્મગુણોમાં રમણતા કરવારૂપ શુદ્ધ ધર્મવાળો થા.) દેવ-ગુરુ ધર્મનું સ્વરૂપ જાણનારો થા; સર્વ પ્રકારના સાવદ્ય યોગથી નિવૃત્તિરૂપ વિરતિ ધારણ કર, (સત્તાવન પ્રકારના) સંવરવાળો થા; તારી વૃત્તિઓને શુદ્ધ રાખ અને સમતાના રહસ્યને તું ભજ." ૩-૪.

**चित्तबालक ! मा त्याक्षीरजस्त्रं भावनौषधीः ।**
**यत्त्वां दुर्ध्यानभूता न, च्छलयन्ति छलान्विषः ।।५ ।।** अनु.

"હે ચિત્તરૂપ બાળક ! તું ભાવનારૂપ ઔષધિઓને હંમેશા દૂર કરીશ નહિ; જેથી કરીને છળને શોધનારા દુર્ધ્યાનરૂપ ભૂત-પિશાચો તને છેતરી શકશે નહિ." ૫.

**यदिन्द्रियार्थैः सकलैः सुखं-**
**स्यान्नरेन्द्रचक्रित्रिदशाधिपानाम् ।**
**तद् बिन्दवत्येव पुरो हि साम्य-**
**सुधाम्बुधेस्तेन तमाद्रियस्व ।। ६ ।।** उपजाति

"રાજા, ચક્રવર્તી અને દેવોના સ્વામી ઈન્દ્રોને સર્વ ઈન્દ્રિયના અર્થોથી જે સુખ થાય છે. તે સમતાના સુખ સમુદ્ર પાસે ખરેખર એક બિંદુ તુલ્ય છે. માટે સમતાના સુખને આદર." ૬.

अदृष्टवैचित्र्यवशाज्जगज्जने,
विचित्रकर्माशयवाग्विसंस्थुले ।
उदासवृत्तिस्थितचित्तवृत्तय:,
सुखं श्रयन्ते यतय: क्षतार्तय: ॥ ७ ॥ वंशस्थ

"જ્યારે જગતના પ્રાણીઓ પુણ્ય-પાપના વિચિત્રપણાને આધીન છે, અને નાના પ્રકારના કાયાના વ્યાપાર, મનના વ્યાપાર અને વચનના વ્યાપારથી અસ્વસ્થ (અસ્થિર) છે.. ત્યારે માધ્યસ્થ વૃત્તિમાં જેમની ચિત્તવૃત્તિ રહેલી છે. અને જેઓની મનની પીડાઓ (આધિ) નાશ પામી છે. તેવા યતિઓ ખરા સુખને ભજે છે. (ભોગવે છે.)" ૭.

विश्वजन्तुषु यदि क्षणमेकं,
साम्यतो भजसि मानस ! मैत्रीम् ।

तत्सुखं परमत्र परत्रा-
प्यश्रुषे न यदभूत्तव जातु ॥ ८ ॥ स्वागता

"હે મન! તું સર્વ પ્રાણી ઉપર સમતાપૂર્વક એક ક્ષણવાર પણ પરહિત ચિંતારૂપ મૈત્રીભાવ ભાવીશ તો તને આ ભવ અને પરભવમાં એવું સુખ મળશે કે જેવું તેં કદિપણ અનુભવ્યું હશે નહિ." ૮

न यस्य मित्रं न च कोऽपि शत्रु-
र्निजः परो वापि न कश्चनास्ते ।
न चेन्द्रियार्थेषु रमेत चेतः,
कषायमुक्तः परमः स योगी ॥ ९ ॥ उपेन्द्रवज्रा

"જેને કોઇપણ મિત્ર નથી અને કોઇ પણ શત્રુ નથી; જેને કોઇ પોતાનો અને કોઇ પારકો નથી; જેનું મન કષાય રહિત હોઇને ઇન્દ્રિયોના વિષયમાં રમણ કરતું નથી. તેવો પુરુષ મહાયોગી છે." ૯.

भजस्व मैत्रीं जगदंगिराशिषु,
प्रमोदमात्मान् ! गुणिषु त्वशेषतः ।
भवार्त्तिदीनेषु कृपारसं सदा-
प्युदासवृत्तिं खलु निर्गुणेष्वपि ॥ १० ॥ वंशस्थ.

હે આત્મન્! જગતના સર્વ જીવો ઉપર મૈત્રિભાવ ધારણ કર, સર્વ ગુણવાન પુરુષો તરફ સંતોષ દૃષ્ટિથી જો. ભવ (સંસાર) ની પીડાથી દુઃખી થતાં પ્રાણીઓ ઉપર કૃપા રાખ. અને નિર્ગુણી પ્રાણીઓ ઉપર ઉદાસવૃતિ-માધ્યસ્થભાવ રાખ." ૧૦.

**मैत्री परस्मिन् हितधीः समग्रे,**
**भवेत्प्रमोदो गुणपक्षपातः ।**
**कृपा भवार्त्ते प्रतिकर्तुमीहो-**
**पेक्षैव माध्यस्थ्यमवार्यदोषे ॥ ११ ॥** उपजाति.

"બીજાસર્વ પ્રાણીઓ ઉપર હિત કરવાની બુદ્ધિ તે (પ્રથમ) મૈત્રી ભાવના. ગુણનો પક્ષપાત તે (બીજી)પ્રમોદ ભાવના. ભવરૂપ વ્યાધિથી હેરાન થતાં પ્રાણીઓને ભાવઔષધથી સારૂ કરવાની ઇચ્છા તે (ત્રીજી) કૃપા ભાવના, ન ટળી શકે તેવા દોષવાળા પ્રાણી ઉપર ઉદાસીન ભાવ તે (ચોથી) માધ્યસ્થ ભાવના." ૧૧.

**परहितचिन्ता मैत्री, परदुःखविनाशिनी तथा करुणा।**
**परसुखतुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥१२॥** आर्या

"(આત્મવ્યતિરિક્ત) બીજા પ્રાણીઓનું હિત ચિંતવવું તે મૈત્રી ભાવના," પારકા દુઃખોનો નાશ કરવાની ઈચ્છા અથવા ચિંતા તે કરૂણા ભાવના, બીજાઓના સુખને જોઈ આનંદ પામવો તે પ્રમોદભાવના અને બીજાઓના દોષોની ઉપેક્ષા કરવી તે ઉપેક્ષાભાવના. ૧૨

**मा कार्षीत्कोऽपि पापानि, मा च भूत्कोऽपि दुःखितः ।**
**मुच्यतां जगदप्येषा, मतिर्मैत्री निगद्यते ॥ १३ ॥** अनु.

"કોઈપણ પ્રાણી પાપ કરો નહિ, કોઈપણ જીવ દુઃખી થાઓ નહીં, આ જગત કર્મથી મૂકાઓ-આવી બુદ્ધિને મૈત્રી કહે છે.૧૩

**अपास्ताशेषदोषाणां, वस्तुतत्त्वावलोकिनाम् ।**
**गुणेषु पक्षपातो यः, स प्रमोदः प्रकीर्तितः ॥१४॥** अनु.

જેમણે સર્વ દોષો દૂર કર્યા છે અને વસ્તુતત્ત્વને જોઈ રહ્યા છે. તેઓના ગુણ ઉપર પક્ષપાત તે પ્રમોદભાવના કહેવાય છે.૧૪

**दीनोष्वार्त्तेषु भीतेषु याचमानेषु जीवितम् ।**
**प्रतिकारपरा बुद्धिः, कारुण्यमभिधीयते ॥१५॥** अनु.

"અશક્ત, દુઃખી ભયથી વ્યાકુળ થયેલા અને જીવિતવ્યને યાચનાર પ્રાણીઓ ઉપર તેઓનું દુઃખ ટાળવાની જે બુદ્ધિ તે કરુણાભાવના કહેવાય છે." ૧૫.

क्रुरकर्मसु निशङ्कं, देवतागुरुनिन्दिषु,
आत्मशंसिषु योपेक्षा, तन्माध्यस्थमुदीरितम् ।१६। अनु

"કોઈપણ પ્રકારના આંચકા વગર ક્રૂર કર્મ કરનારા, દેવ અને ગુરુની નિંદા કરનારા અને આત્મશ્લાઘા કરનારા પ્રાણીઓ તરફ ઉપેક્ષા તે માધ્યસ્થ (અથવા ઉદાસીનતા) ભાવના કહેવાય છે." ૧૬

चेतनेतरगतेष्वखिलेषु,
स्पर्शरूपरवगंधरसेषु ।
साम्यमेष्यति यदा तव चेतः,
पाणिगं शिवसुखं हि तदात्मन् ॥१७॥ स्वागता

હે ચેતન ! સર્વ ચેતન અને અચેતન પદાર્થોમાં રહેલા સ્પર્શ રૂપ, રવ (શબ્દ) ગંધ અને રસોમાં તારૂં ચિત્ત સમતા પામશે ત્યારે મોક્ષનું સુખ તારા હાથમાં આવી જશે."(૧૭)

के गुणास्तव यतः स्तुतिमि-
च्छस्यद्भूतं किमकृथा मदवान् यत् ।

कैर्गता नरकभीः सुकृतैस्ते,
किं जितः पितृपतिर्यदचिन्तः ॥१८॥ स्वागता

તારામાં ક્યા ગુણ છે કે તું સ્તુતિની ઈચ્છા રાખે છે? તે શું આશ્ચર્યકારી મોટું કાર્ય કર્યું છે કે તું અહંકાર કરે છે?(તારાં) ક્યા સુકૃત્યોથી તારી નરકની બીક મટી ગઈ છે? તે શું યમને જીત્યો છે કે જેથી તું ચિંતા વગરનો થઈ ગયો છે? (૧૮)

गुणस्तैवर्यो गुणिनां परेषामा-
क्रोशनिन्दादिभिरात्मनश्च ।
मनः समं शीलति मोदते वा,
खिद्यते च व्यत्ययतः स वेत्ता ॥१९॥ उपजाति.

“બીજા ગુણવાન પ્રાણીઓના ગુણની સ્તુતિ કરે ત્યારે અને અન્ય માણસો પોતા પર આક્રોશ કરે અથવા પોતાની નીંદા કરે તે વખતે જે પોતાના મનને સ્થિતિસ્થાપક રાખે છે અથવા તે વખતે જે આનંદ પામે છે. અને ઉલટી સ્થિતિ બનતાં (એટલે પરગુણનિંદા અથવા આત્મપ્રશંસા થતાં) જે ખેદ પામે છે તે પ્રાણી જ્ઞાની-જાણકાર કહેવાય છે.” ૧૯

न वेत्सि शत्रून् सुहृदश्च नैव,
हिताहिते स्वं न परं च जन्तोः ।
दुःखं द्विषन् वाञ्छसि शर्म चैत-
न्निदानमूढः कथमाप्स्यसीष्टम् ॥२०॥ उपेन्द्रवज्रा

હે આત્મન્! તું તારા શત્રુ અને મિત્રને ઓળખતો નથી. તારૂં હિત કરનાર અને અહિત કરનાર શું છે? તે જાણતો નથી; અને તારૂં પોતાનું અને પારકું શું છે? તે જાણતો નથી, (વળી) તું દુઃખ પર દ્વેષ કરે છે અને સુખ મેળવવાને ઈચ્છે છે, પણ તેનાં કારણો નહિ જાણતો હોવાથી તું તે ઈચ્છિત વસ્તુ કેવી રીતે મેળવીશ? ૨૦.

कृती हि सर्वं परिणामरम्यं,
विचार्य गृह्णाति चिरस्थितीह,
भवान्तरेऽनन्तसुखाप्तये-
तदात्मन् ! किमाचारमिमं जहासि ॥२१॥ उपजाति.

“આ લોકમાં જે ડાહ્યા માણસ હોય છે. તે વિચાર કરીને એવી વસ્તુ ગ્રહણ કરે છે કે જે લાંબો વખત સુધી ચાલે તેવી અને પરિણામે સુંદર હોય. ત્યારે હે ચેતન ! આ ભવ પછી

અનંતસુખ મેળવવા માટે આ ધાર્મિક આચાર તું કેમ તજી દે છે ? ૨૧.

निजःपरो वेति कृतो विभागो,
रागादिभिस्ते त्वरयस्तवात्मन् ! ।
चतुर्गतिक्लेशविधानस्तत् ,
प्रमाणयन्नस्यरिनिर्मितं किम् ॥२२॥ उपजाति

"હે ચેતન ! તારૂં પોતાનું અને પારકું એવો વિભાગ રાગ-દ્વેષે કરેલો છે ચારે ગતિમાં તને અનેક પ્રકારનો ક્લેશ કરાવતા હોવાથી રાગ-દ્વેષ તો તારા શત્રુઓ છે-ત્યારે શત્રુઓએ કરેલા વિભાગ તું કેમ કબુલ કરે છે ? ૨૨.

अनादिरात्मा ननिजः परो वा,
कस्यापि कश्चिन्न रिपुः सुहृद्वा ।
स्थिरा न देहाकृतयोऽणवश्च,
तथापि साम्यं किमुपैषि नैषु ॥ २३ ॥ उपजाति

"આત્મા અનાદિ છે, કોઈને કોઈ પોતાનું નથી અને કોઈ પારકું નથી. કોઈ શત્રુ નથી અને કોઈ મિત્ર નથી; દેહની આકૃતિ અને (તેમાં રહેલા) પરમાણુઓ સ્થિર નથી તો પણ તેમાં તું સમતા કેમ રાખતો નથી ? ૨૩

यथा विदां लेप्यमया न तत्त्वात्,
सुखाय मातापितृ-पुत्रदाराः ।
तथा परेऽपीह विशीर्णतत्तदा-
कारमेतद्धि समं समग्रम् ॥ २४ ॥ उपजाति

"જેવી રીતે ચિત્રમાં આલેખેલાં માતા, પિતા, પુત્ર, અને સ્ત્રી વાસ્તવિક રીતે સમજુ પ્રાણીને સુખ આપતા નથી. તેવી જ રીતે આ સંસારમાં રહેલા પ્રત્યક્ષ માતા-પિતાદિક પણ સુખ આપતા નથી. તે બંનેનો આકાર નાશ પામતાં તે બંને સરખાં જ છે." ૨૪

जानन्ति कामान्निखिलाः ससंज्ञा,
अर्थं नराः केऽपि च केऽपि धर्मम्।
जैनं न केचिद् गुरुदेवशुद्धं,
केचित् शिवं केऽपि च केऽपि साम्यम् ॥२५॥ इन्द्रवज्रा

"સર્વ સંજ્ઞાવાળા પ્રાણીઓ 'કામ' ને જાણે છે. તેમાંથી કેટલાક અર્થ(ધનપ્રાપ્તિ)ને જાણે છે. અને તેમાં પણ કેટલાક જ ધર્મને જાણે છે; તેમાંથી કેટલાક જ જૈનધર્મને જાણે છે. અને તેમાંથી બહુ થોડા શુદ્ધ દેવ-ગુરુ યુક્ત જૈન ધર્મને જાણે

છે; તેમાં બહું થોડા પ્રાણી મોક્ષને ઓળખે છે. અને તેથી પણ બહુ થોડા પ્રાણીઓ સમતાને ઓળખે છે.૨૫

**स्निह्यन्ति तावद्धि निजा निजेषु,**
**पश्यन्ति यावन्निजमर्थमेभ्यः ।**
**इमां भवेऽत्रापि समीक्ष्य रीतिं,**
**स्वार्थे न कः प्रेत्यहिते यतेत ॥ २६ ॥** उपजाति

"સગાં-સંબંધીઓ જયાં સુધી પોતાના સગાઓમાં કાંઈપણ સ્વાર્થ જુવે છે ત્યાં સુધી જ તેના પર સ્નેહ રાખે છે. આ ભવમાં પણ આવા પ્રકારની રીત જોઈને પરભવમાં હિતકારી પોતાના સ્વાર્થ માટે કોણ યત્ન ન કરે ?" ૨૬

**स्वप्नेन्द्रजालादिषु यद्वदाप्तै-**
**शेषश्च तोषश्च मुधा पदार्थः ।**
**तथा भवेऽस्मिन् विषयैः समस्तै-**
**रेवं विभावात्मलयेऽवधेहि ॥ २७ ॥** उपजाति

"જેવી રીતે સ્વપ્ન અથવા ઈંદ્રજાળ વિગેરેમાં પ્રાપ્ત થયેલા પદાર્થો પર રોષ કરવો કે તોષ કરવો તે તદ્દન નકામો છે તેવી રીતે આ ભવમાં પ્રાપ્ત થયેલા પદાર્થો પર પણ (રોષ

કરવો કે તોષ કરવો તે નકામો છે.) આવી રીતે વિચાર કરીને આત્મસમાધિમાં તત્પર થા. ૨૭.

एष मे जनयिता जननीयं,
बंधवः पुनरिमे स्वजनाश्च ।
द्रव्यमेतदिति जातममत्वो,
नैव पश्यसि कृतांतवशत्वम् ॥ २८ ॥ स्वागता

"આ મારા પિતા છે, આ મારી માતા છે, આ મારા ભાઈઓ છે, વળી આ મારા-સ્નેહીઓ છે, આ મારૂં ધન છે, એ પ્રમાણે તને મમત્વ થયો છે અને તેથી તારૂં યમને વશપણું છે, તે તો તું જોતો જ નથી. ૨૮.

नो धनैः परिजनैः स्वजनै र्वा,
दैवतैः परिचितैरपि मंत्रैः ।
रक्ष्यतेऽत्र खलु कोऽपि कृतान्ता-
न्नो विभावयसि मूढ ! किमेवम् ॥ २९ ॥
तैर्भवेऽपि यदहा सुखमिच्छं-
स्तस्य साधनतया प्रतिभातैः ।
मुह्यसि प्रतिफलं विषयेषु,
प्रीतिमेषि न तु साम्यसत्तत्त्वे ॥३०॥ (युग्मम्, स्वागता.)

"ધન, સગાવહાલાઓ, નોકર-ચાકરો, દેવતાઓ અથવા પરિચિત મંત્રો, કોઈપણ યમ (મરણ)થી અહીં રક્ષણ કરતું નથી. હે અલ્પજ્ઞ પ્રાણી ! તું આ પ્રમાણે વિચાર કેમ નથી કરતો? સુખ મેળવવાના સાધન તરીકે દેખાતા તેઓ (ધન, સગા, નોકર વિગેરે) વડે સંસારમાં સુખ મેળવવા ઇચ્છતા હે ભાઈ ! તું પ્રત્યેક ક્ષણે વિષયોમાં મૂંઝાઈ જાય છે, પણ સમતારૂપ ખરા રહસ્યમાં પ્રીતિ પામતો નથી." (૨૯-૩૦)

**किं कषायकलुषं कुरुषे स्वं,**
**केषु चिन्ननु मनोऽरिधियात्मन् ।**
**तेऽपि ते हि जनकादिकरुपै-**
**रिष्टतां दधुरनन्तभवेषु ॥ ३१ ॥** स्वागता

"હે આત્મન્! કેટલાક પ્રાણીઓ ઉપર શત્રુબુદ્ધિ રાખીને તું તારા મનને શા સારૂં કષાયથી મલીન કરે છે?(કારણ કે) તેઓ માતા-પિતા વિગેરે રૂપોમાં તારી પ્રીતિ અનંતા ભવોમાં પામ્યા છે." ૩૧

**यांश्च शोचसि गताः किमिमे मे,**
**स्नेहला इति धिया विधुरात्मन् ।**

तैर्भवेषु निहतस्त्वमनंतेष्वेव-

तेऽपि निहता भवता च ॥ ३२ ॥ उपजाति

"શું આ મારા સ્નેહીઓ (મરી) ગયા ! આ પ્રમાણે બુદ્ધિથી વ્યાકુળ થઈને જેઓને માટે તું શોક કરે છે. તેઓ વડે જ તું અનંત ભવોમાં હણાએલો છે. અને તેઓ પણ તારા વડે હણાયા છે." ૩૨.

त्रातुं न शक्या भवदुःखतो ये,

त्वया न ये त्वामपि पातुमीशाः

ममत्वमेतेषु दधन्मुधात्मन् !।

पदे पदे किं शूचमेषि मूढ ! ॥३३॥ उपजाति

"જે સ્નેહીઓને ભવદુઃખથી બચાવવાને તું શક્તિવાન નથી અને જેઓ તને બચાવવાને શક્તિવાળા નથી તેઓ ઉપર ખોટો મમત્વ રાખીને હે મૂઢ આત્મન્ ! તું પગલે-પગલે શા સારૂં શોક પામે છે ? ૩૩.

सचेतनाः पुद्गलपिण्डजीवा,

अर्थाः परे चाणुमया द्वयेऽपि ।

दद्यत्यनंतान् परिणामभावां-
स्तत्तेषु कस्त्वर्हति रागशेषौ ॥ ३४ ॥ उपजाति.

"પુદ્ગલપિંડને અધિષ્ઠિત જીવો સચેતન પદાર્થો છે અને પરમાણુમય અર્થ(પૈસા)વિગેરે અચેતન પદાર્થો છે. આ બંને જાતિના પદાર્થો અનેક પ્રકારના પર્યાયભાવ પલટાતા ભાવ પામ્યા કરે છે, તેથી તેના ઉપર રાગ-દ્વેષ કરવાને કોણ લાયક ગણાય? - ૩૪


પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત
અધ્યાત્મોપનિષત્ ગ્રંથ પર
પૂ. સ્વ.આ. ભદ્રંકરસૂરિ રચિત-ટીકા
મૂલ્ય રૂા. ૨૦-૦૦

# ૨ સ્ત્રી મમત્વમોચનાધિકાર

मुह्यसि प्रणयचारुगिरासु,
प्रीतितः प्रणयिनीषु कतिंस्त्वम् ।
किं न वेस्ति पततां भववार्ध्दौ,
ता नृणां खलु शिला गलबध्दाः ॥१ ॥ स्वागता

"હે વિદ્વન્ ! જે સ્ત્રીઓની વાણી સ્નેહથી તને મધુર લાગે છે તેના ઉપર પ્રીતિથી તું મોહ પામે છે, પણ ભવસમુદ્રમાં પડતાં પ્રાણીઓને તેઓ ગળે બાંધેલા પથ્થર (જેવી) છે. એમ શું જાણતો નથી?" ૧

चर्मास्थिमज्जान्त्रवशास्त्रमांसा-
मेध्याद्यशुच्यस्थिरपुद्गलानाम् ।
स्त्री देहपिन्डकृतिसंस्थितेषु,
स्कन्धेषु किं पश्यसि रम्यमात्मन् ॥२ ॥ इन्द्रवज्रा

"સ્ત્રીના શરીરપીંડની આકૃતિમાં રહેલા ચામડી, હાડકા, ચરબી, આંતરડા, મેદ, લોહી (રૂધિર), માંસ વિષ્ટા વિગેરે

અપવિત્ર અને અસ્થિર પુદ્‌ગલોના સમુહમાં હે આત્મન્ ! તું સુંદર શું જુવે છે ?" ૨

**विलोक्य दूरस्थममेध्यमल्पं,**
**जुगुप्ससे मोटितनासिकस्त्वम्।**
**भृतेषु तेनैव विमूढ ! योषावपुष्षु-**
**तत्किं कुरुषेऽभिलाषम् ? ॥ ३ ॥** इन्द्रवज्रा

"હે મુર્ખ ! દુર રહેલી જરા પણ દુર્ગંધી વસ્તુ જોઈને તું નાક મરડીને દુગંછા કરે છે; ત્યારે તેવી જ દુર્ગંધથી ભરેલા સ્ત્રીઓના શરીરની તું કેમ અભિલાષા કરે છે ?" ૩.

**अमेध्यमांसास्त्रवसात्मकानि,**
**नारीशरीराणि निषेवमाणाः।**
**इहांप्यपत्यद्रविणादिचिन्ता-**
**तापान् परत्रयति दुर्गतीश्च ॥ ४ ॥** उपजाति

"વિષ્ટા, માંસ, રૂધિર અને ચરબી વિગેરેથી ભરેલા સ્ત્રીઓનાં શરીરને સેવનારા પ્રાણીઓ આ ભવમાં પણ પુત્ર અને પૈસા વિગેરેની ચિંતાનો તાપ પામે છે. અને પરભવમાં દુર્ગતિમાં જાય છે." ૪

अंगेषु येषु परिमुह्यसि कामिनीनां,
चेतः प्रसीद विश च क्षणमन्तरेषाम् ।
सम्यक् समीक्ष्य विरमाशुचिपिंडकेभ्य-
स्तेभ्यश्च शुच्यशुचिवस्तुविचारमिच्छत् ॥५॥ वसंततिलका

"હે ચિત્ત! તું સ્ત્રીઓનાં શરીર ઉપર મોહ પામે છે, પણ તું(અસ્વસ્થતા મુકીને)પ્રસન્ન થા. અને જે અંગો ઉપર મોહ પામે છે તે અંગોમાં પ્રવેશ કર. તું પવિત્ર અને અપવિત્ર વસ્તુના વિચાર(વિવેક)ની ઈચ્છા રાખે છે તેથી બરાબર સારી રીતે વિચાર કરીને તે અશુચિના ઢગલાથી વિરામ પામ." ૫

विमुह्यसि स्मेरदृशः सुमुख्या,
मुखेक्षणादीन्यभिवीक्षमाणः ।
समीक्षसे नो नरकेषु तेषु,
मोहोद्भवा भाविकदर्थनास्ताः ॥६॥ उपजाति

"વિકસિત નયનવાળી અને સુંદર મુખવાળી સ્ત્રીઓના નેત્ર, મુખ વિગેરે જોઈ તું મોહ પામે છે, પણ તેના મોહને લીધે ભવિષ્યમાં ઉત્પન્ન થનારી નરકની પીડાઓને કેમ જોતો નથી ?' ૬

अमेध्यभस्त्रा बहुरन्ध्रनिर्यन्मला-
विलोद्यत्कृमिजालकीर्णा ।
चापल्यमायानृतवञ्चिका स्त्री,
संस्कारमोहान्नरकाय भुक्ता ॥७॥ उपजाति

"વિષ્ટાથી ભરેલી ચામડાની કોથળી, બહુછિદ્રોમાંથી નિકળતા મળ (મુત્ર-વિષ્ટા)થી મલીન (યોનિમાં) ઉત્પન્ન થતાં કીડાઓથી વ્યાપ્ત, ચપળતા, માયા અને અસત્ય(અથવા માયા-મૃષાવાદ) થી ઠગનારી એવી સ્ત્રીઓ પૂર્વ સંસ્કારના મોહથી નરકમાં જવા સારૂં જ ભોગવાય છે." ૭

निर्भूमिविषकन्दली गतदरी व्याघ्री निराह्वो महा-
व्याधीर्मृत्युकारणश्च ललनाऽनभ्रा च वज्राशनिः।
बन्धुस्नेहविघातसाहसमृषावादादिसन्तापभूः,
प्रत्यक्षापि च राक्षसीति बिरुदैः
ख्याताऽऽगमे त्यज्यताम् ॥८॥ शार्दूलविक्रीडितम्

"(સ્ત્રી) ભૂમિ વગરની (ઉત્પન્ન થયેલી) વિષવેલડી છે. ગુફા વગરની વાઘણ છે, નામ વગરનો વ્યાધિ છે, કારણ વિનાનું મૃત્યુ છે, આકાશ વગરની વિજળી છે, સગા અથવા

ભાઈનાં સ્નેહનો નાશ, સાહસ મૃષાવાદ વિગેરે સંતાપોનું ઉત્પત્તિ સ્થાન છે. અને પ્રત્યક્ષ રાક્ષસી છે, અવાં આવાં ઉપનામો સ્ત્રીઓ માટે આગમમાં અપવામાં આવ્યા છે; માટે તેને તજી દો." ૮.


પૂ. કર્ણાટક કેસરી
આચાર્યદેવશ્રી
દ્વારા સંપાદિત
પ્રાચીન સ્તુતિઓનો સંગ્રહ

**સ્તુતિ તરંગિણી**

(ભા-૧,૨,૩)
મૂ. ૪૫-૦૦ રૂ.

## 3 અપત્ય મમત્વમોચનાધિકાર

मा भूरपत्यान्यवलोकमानो,
मुदाकुलो मोहनृपारिणा यत् ।
चिक्षिप्सया नारकचारकेऽसि,
दृढं निबध्दो निगडरमीभिः ॥ १ ॥ उपजाति

"તું પુત્ર પુત્રીને જોઈને હર્ષઘેલો થા મા, કારણ કે મોહરાજા નામના તારા શત્રુએ તને નરકરૂપ બંદીખાને નાખવાની ઈચ્છાથી આ (પુત્ર-પુત્રીરૂપ) લોઢાની બેડી વડે તને મજબૂત બાંધ્યો છે. ૧

आजींवितं जीव ! भवान्तरेऽपि वा,
शल्यान्यपत्यानि न वेत्सि किं हृदि ? ।
चलाचलै यैं र्विविधार्त्तिदानतोऽनिशं-
निहन्येत समाधिरात्मनः ॥२ ॥ वंशस्थ

"હે ચેતન ! આ ભવમાં અને પરભવમાં પુત્ર-પુત્રી શલ્ય છે. એમ તું તારા મનમાં કેમ નથી જાણતો ? તેઓ

થોડી અથવા વિશેષ ઉંમર સુધી જીવીને તને અનેક પ્રકારની પીડા કરી તારી આત્મસમાધિનો નાશ કરે છે." ૨

**कुक्षौ युवत्याः कृमयो विचित्रा,**
**अप्यस्रशुक्रप्रभवा भवन्ति ।**
**न तेषु तस्या न हि तत्पत्तेश्च,**
**रागस्ततोऽयं किमपत्यकेषु ?॥ ३ ॥** उपजाति

"પુરુષનું વીર્ય અને સ્ત્રીનું રક્ત તે બંનેના સંયોગથી સ્ત્રીની યોનિમાં વિચિત્ર પ્રકારના કીડાઓ ઉત્પન્ન થાય છે, તેના ઉપર સ્ત્રીનો કે તેના પતિને રાગ થતો નથી, ત્યારે પુત્રો ઉપર શા સારૂં રાગ થાય છે ?" (૩)

**त्राणाशक्तेरापदि सम्बन्धा- नन्त्यतो मिथोऽङ्गवताम् ।**
**सन्देहाच्चोपकृतेर्मा- ऽपत्येषु स्निहो जीव ॥४॥** आर्या

"આપત્તિમાં પાલન કરવાની અશક્તિ હોવાથી પ્રાણીઓનો દરેક પ્રકારનો પરસ્પર સંબંધ અનંત વખત થએલો હોવાથી અને ઉપકાર હોવાથી અને ઉપકારનો બદલો વાળવાનો સંદેહ હોવાથી હે જીવ ! તું પુત્ર-પુત્રાદિપર સ્નેહવાળો થા મા." ૪.

■ ● ■

## ૪ ધન મમત્વમોચનાધિકાર

याः सुखोपकृतिकृत्त्वधिया त्वं,
मेलयन्नसि रमा ममताभाक् ।
पाप्मनोऽधिकरणत्वत एता,
हेतवो ददति संसृतिपातम् ॥१॥ रथोद्धता

"લક્ષ્મીની લાલચમાં લેવાયેલો તું (સ્વ) સુખ અને ઉપકારની બુદ્ધિથી જે લક્ષ્મી મેળવે છે. તે અધિકરણ હોવાથી પાપની જ હેતુભૂત છે અને સંસાર ભ્રમણને આપનારી છે.૧

यानि द्विषामप्युपकारकाणि,
सर्पोन्दुरादिष्वपि यैर्गतिश्च ।
शक्या च नापन्मरणामयाद्या,
हन्तु धनेष्वेषु क एव मोहः ॥२॥ इन्द्रवज्रा

"જે પૈસા શત્રુને પણ ઉપકાર કરનારા થઈ પડે છે, જે પૈસાથી સર્પ, ઉંદર વિગેરેમાં ગતિ થાય છે, જે પૈસા મરણ, રોગ વિગેરે કોઈપણ આપત્તિઓ દૂર કરવાને શક્તિવાન્ નથી તેવા પૈસા ઉપર મોહ શો ?" ૨

ममत्वमात्रेण मनःप्रसाद-
सुखं धनैरल्पकमल्पकालम् ।
आरम्भपापैः सुचिरं तु दुःखं,
स्याद्‌दुर्गतौ दारुणमित्यवेहि ॥३॥ उपजाति.

"આ પૈસા મારા છે એવા વિચારથી મનપ્રસાદરૂપ થોડું અને થોડા વખતનું સુખ પૈસાથી થાય છે પણ આરંભના પાપથી દુર્ગતિમાં લાંબા વખત સુધી ભયંકર દુઃખ થાય છે, આ પ્રમાણે તું જાણ." ૩

द्रव्यस्तवात्मा धनसाधनो न,
धर्मोऽपि सारम्भतयाऽतिशुद्धः ।
निःसङ्गतात्मा त्वतिशुद्धियोगान्-
मुक्तिश्रियं यच्छति तद्भवेऽपि ॥४॥ इन्द्रवज्रा

"ધનના સાધનથી દ્રવ્યસ્તવ સ્વરૂપવાળો ધર્મ સાધી શકાય છે, પણ તે આરંભ યુક્ત હોવાથી અતિશુદ્ધ નથી, જ્યારે નિસંગતા સ્વરૂપવાળો ધર્મ અતિશુદ્ધ છે અને તેથી તે જ ભવમાં પણ મોક્ષલક્ષ્મી આપે છે." ૪

क्षेत्रवास्तुधनधान्यगवाश्वैर्मेलितैः-
सनिधिभिस्तनुभाजाम् ।
क्लेशपापनरकाभ्यधिकः स्यात्को-
गुणो न यदि धर्मनियोगः ॥ ५ ॥ स्वागता.

"મળેલાં અથવા મેળવેલાં ક્ષેત્ર, વસ્તુઓ (ઘર વિગેરે) ધન, ધાન્ય, ગાય, ઘોડા અને ભંડારોનો ઉપયોગ જો ધર્મ નિમિત્તે ન થાય તો તેથી ક્લેશ, પાપ અને નરકથી બીજો શો વધારે ગુણ થાય ?" ૫.

आरम्भैर्भरितो निमज्जति यतः प्राणी भवाम्भोनिधा-
वीहन्ते कुनृपादयश्च पुरुषा येनच्छलाद् बाधितुम् ।
चिन्ताव्याकुलताकृतेश्च हरते यो धर्मकर्मस्मृतिं,
विज्ञा ! भूरिपरिग्रहं त्यजत तं भोग्यं परैः प्रायशः ॥६ ॥
शार्दूलविक्रीडितम्

"આરંભના પાપથી ભારે થયેલો પ્રાણી જે ધનને લીધે સંસાર સમુદ્રમાં ડૂબે છે. જે ધનના પરિગ્રહથી રાજા વિગેરે પુરુષો છિદ્ર જોઈને દુઃખ દેવાને ઇચ્છે છે. અનેક ચિંતામાં આકુળ-વ્યાકુળ રાખીને જે પૈસા ધર્મકાર્ય કરવાનું તો યાદ

આવવા દેતા જ નથી, અને ઘણે ભાગે જે પારકાના ઉપભોગમાં આવે તેવા એ પૈસાના મોટા સંગ્રહને પંડિતો ! તમે તજી દો.” ૬.

क्षेत्रेषु नो वपसि यत्सदपि स्वमेत-
द्याताऽसि तत्परभवे किमिदं गृहीत्वा ? ।
तस्यार्जनादिजनिताघचयार्जितात्ते,
भावी कथं नरकदुःखभराच्च मोक्षः ॥ ७ ॥ वसंततिलका

“તારી પાસે દ્રવ્ય છે, છતાં પણ તું (સાત) ક્ષેત્રમાં વાપરતો નથી. ત્યારે શું પરભવે ધનને તારી સાથે લઈ જવાનો છે ? વિચાર કર કે-પૈસા મેળવવા વિગેરેથી થયેલા પાપ સમૂહથી મેળવેલાં નારકીનાં દુઃખોથી તારો મોક્ષ (છૂટકારો) કેમ થશે ?” ૭.


પૂ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મ. કૃત

**અધ્યાત્મસારગ્રંથ**

પૂ. સ્વ. આ. ભદ્રંકરસૂરિ રચિત ટીકા સહ

મૂલ્ય રૂા. ૨૦-૦૦

# ૫ દેહ મમત્વમોચનાધિકાર

पुष्णासि यं देहमधान्यचिन्तयं-
स्तवोपकारं कमयं विधास्यति ।
कर्माणि कुर्वन्निति चिन्तयायतिं,
जगत्ययं वञ्चयते हि धूर्त्तराट् ॥१॥ वंशस्थ

"પાપને અણવિચારતો જે શરીરને તું પોષે છે, તે શરીર તારા ઉપર શું ઉપકાર કરશે ? (તેથી તે શરીર માટે હિંસાદિક) કર્મો કરતાં આવતા કાળનો વિચાર કર. આ શરીર રૂપ ધૂતારો પ્રાણીને દુનિયામાં છેતરે છે." ૧.

कारागृहाद्बहुविधाशुचितादिदुःखा-
न्निर्गन्तमिच्छति जडोऽपि हि तद्विभिद्य ।
क्षिप्तस्ततोऽधिकतरे वपुषि स्वकर्म-
व्रातेन तद्दृढयितुं यतसे किमात्मन्? ॥२॥ वसंततिलका

"મૂર્ખ પ્રાણી હોય છે તે પણ અનેક અશુચિ વિગેરે દુઃખોથી ભરેલા બંદીખાનાને ભાંગીને બહાર નિકળવા ઇચ્છા

રાખે છે. તારા પોતાનાં જ કર્મો વડે તેથી પણ વધારે આકરા શરીર રૂપી બંદીખાનામાં તું નંખાયો છે. છતાં તે બંદીખાનાને વધારે મજબૂત કરવા શા માટે યત્ન કરે છે ?'' ૨.

चेद्वाञ्छसिदमवितुं परलोकदुःख-
भीत्या ततो न कुरुषे किमु पुण्यमेव ? ।
शक्यं न रक्षितुमिदं हि च दुःखभीतिः,
पुण्यं विना क्षयमुपैति न वज्रिणोऽपि ॥३॥ वसंतति.

''જો તું તારા શરીરને પરલોકમાં થનારા દુઃખના ભયથી બચાવવા ઇચ્છતો હોય તો પુણ્ય શા માટે કરતો નથી ? આ શરીર (કોઇપણ વડે) પોષી શકાય તેવું નથી; ઇન્દ્ર જેવાને પણ પુણ્ય વગર દુઃખની બીક નાશ પામતી નથી.'' ૩

देहे विमुह्य कुरुषे किमघं न वेत्सि,
देहस्थ एव भजसे भवदुःखजालम् ।
लोहाश्रितो हि सहते घनघातमग्नि-
र्बाधा न तेऽस्य च नभोवदनाश्रयत्वे ॥४॥ वसंततिलका

''શરીર ઉપર મોહ કરીને તું પાપ કરે છે, પણ તને ખબર નથી કે સંસાર સમુદ્રમાં દુઃખો ખમવાં પડે છે. તે

શરીરમાં રહ્યો છે તેથી જ પામે છે. અગ્નિ લોઢામાં રહ્યો છે ત્યાં સુધી જ હથોડા (ઘણ)ના પ્રહારો (ઘા) ખમે છે. તેથી જ્યારે તું આકાશની પેઠે આશ્રય રહિતપણું અંગીકાર કરીશ ત્યારે તને અને અગ્નિને કાંઈ પણ પીડા નહિ થાય.'' ૪

**दुष्टः कर्मविपाकभूपतिवशः कायाह्वयः कर्मकृत्,**
**बध्द्वा कर्मगुणैर्हृषीकचषकैः पीतप्रमादासवम् ।**
**कृत्वा नारकचारकापदुचितं त्वां प्राप्य चाशुच्छलं,**
**गन्तेति स्वहिताय संयमभरं तं वाहयाल्पं ददत् ।।५ ।।**

शार्दूलविक्रीडितम्

''શરીર નામનો નોકર કર્મવિપાક રાજાનો દુષ્ટ સેવક છે, તે તને કર્મરૂપી દોરડાએ બાંધીને ઇંદ્રિયોરૂપી દારૂ પાવાનાં પાત્રો વડે તને પ્રમાદરૂપ મદિરા પાશે. આવી રીતે તને નારકીનાં દુઃખ ખમવાને યોગ્ય કરીને પછી કાંઈ બહાનું લઈને તે સેવક નાસી જશે, માટે તારા પોતાના હિતને માટે તે શરીરને થોડો થોડો સંયમનો ભાર આપીને તું વહન કર.' ૫

**यतः शुचीन्यप्यशुचीभवन्ति,**
**कृम्याकुलात्काकशुनादिभक्ष्यात् ।**

द्राग्भाविनो भस्मतया ततोऽङ्गात्-

मांसादिपिण्डात् स्वहितं गृहाण ॥६॥ उपजाति.

"જે શરીરના સંબંધથી પવિત્ર વસ્તુઓ પણ અપવિત્ર થઈ જાય છે, જે કૃમિથી ભરેલું છે, જે કાગડા-કુતરાને ભક્ષણ કરવાને યોગ્ય છે, જે થોડા વખતમાં રાખ થઈ જવાનું છે અને જે માંસનો જ પિંડ છે. તે શરીરથી તું તો તારૂં પોતાનું હિત કર." ૬

परोपकारोऽस्ति तपो जपो वा,

विनश्वराद्यस्य फलं न देहात् ।

सभाटकादल्पदिनाप्तगेह-

मृत्पिण्डमूढः फलमश्नुते किम् ?॥७॥ उपजाति

"જે નાશવંત શરીરથી પરોપકાર તપ, જપરૂપ ફળ થતાં નથી તે શરીરવાળો પ્રાણી થોડા દિવસને માટે ભાડે રાખેલ ઘરરૂપ માટીના પિંડપર મોહ પામીને શું ફળ પામે ?" ૭.

मृत्पिण्डरूपेण विनश्वरेण,

जुगुप्सनीयेन गदालयेन ।

देहेन चेदात्महितं सुसाध्यं,
धर्मान्न किं तद्यतसेऽत्र मूढ ?॥ ८ ॥ उपजाति

"માટીના પિંડરૂપ, નાશવંત, દુર્ગંધી અને રોગના ઘર એવા આ શરીરવડે જ્યારે ધર્મકરીને તારૂં હિત સારી રીતે સાધી શકાય તેમ છે ત્યારે હે મૂઢ! તેમાં યત્ન કેમ કરતો નથી?" ૮.


પૂ. ઉપાધ્યાય યશોવિજય કૃત
વિજયોલ્લાસ મહાકાવ્ય
પૂ. આ. ભદ્રંકરસૂરિ કૃત-ટીકા
મૂલ્ય ૧૦-૦૦ રૂા.

# ૬ વિષય પ્રમાદત્યાગાધિકાર

अत्यल्पकल्पितसुखाय किमिन्द्रियार्थे-
स्त्वं मुह्यसि प्रतिपदं प्रचुरप्रमादः।
एते क्षिपन्ति गहने भवभीमकक्षे,
जन्तून्न यत्र सुलभा शिवमार्ग दृष्टिः ॥१॥ वसंततिलका

'ઘણાજ થોડા અને તે પણ માની લીધેલા(કલ્પિત) સુખ માટે તું પ્રમાદવાન થઈને વારંવાર ઈંદ્રિયોના વિષયમાં શા માટે મોહ પામે છે ? એ વિષયો પ્રાણીને સંસારરૂપ ભયંકર ગહનવનમાં ફેંકી દે છે, જ્યાંથી મોક્ષ માર્ગનું દર્શન પણ આ જીવને સુલભ નથી.' ૧

आपातरम्ये परिणामदुःखे,
सुखे कथं वैषयिके रतोऽसि ?।
जडोऽपि कार्यं रचयन् हितार्थी,
करोति विद्वन् ! यदुदर्कतर्कम् ॥२॥ उपजाति

"ભોગવતી વખતે માત્ર સુંદર લાગતા પણ પરિણામે

દુઃખ દેનારા વિષયસુખમાં તું કેમ આસક્ત થયો છે ? હે નિપુણ ! પોતાનું હિત ઇચ્છનાર મૂર્ખ સાધારણ માણસ પણ કાર્યના પરિણામનો તો વિચાર કરે છે." ૨

यदिन्द्रियार्थैरिह शर्म बिन्दवद्य-
वर्णवत्स्वः शिवगं परत्र च ।
तयोर्मिथः सप्रतिपक्षताकृतिन् !
विशेषदृष्टयान्यतरद् गृहाण तत् ॥ ३ ॥ वंशस्थ

"ઇન્દ્રિયોથી આ સંસારમાં જે સુખ થાય છે તે બિંદુ જેટલું છે અને પરલોકમાં (તેના ત્યાગથી) સ્વર્ગ અને મોક્ષનું સુખ થાય છે. તે સમુદ્ર જેટલું છે. આ બંને પ્રકારના સુખોને પરસ્પર શત્રુતા છે. તેથી હે ભાઈ ! વિચાર કરીને તે બેમાંથી એકને ખાસ ગ્રહણ કર." ૩.

भुङ्क्ते कथं नारकतिर्यगादि-
दुःखानि देहीत्यवधेहि शास्त्रैः ।
निवर्तते ते विषयेषु तृष्णा,
बिभेषि पापप्रचयाच्च येन ॥ ४ ॥ उपजाति

"આ જીવ નારકી તિર્યંચ વિગેરેનાં દુઃખો શા માટે પામે છે? તે શાસ્ત્ર વડે જાણ, તેથી કરીને વિષય ઉપર તૃષ્ણા ઓછી થશે. અને પાપ એકઠું થવાની બીક લાગશે." ૪

गर्भवासनरकादिवेदनाः पश्यतोऽनवरतं श्रुतेक्षणैः ।
नो कषायविषयेषु मानसं, श्लिष्यते बुध! विचिन्तयेति
ताः ॥५॥ रथोद्धता

"જ્ઞાનચક્ષુથી ગર્ભવાસ નારકી વિગેરેની વેદનાઓ વારંવાર જોયા પછી તારૂં મન વિષય કષાય ઉપર ચોંટશે નહિ, માટે હે પંડિત ! તેનો તું બરાબર વિચાર કર." ૫.

वध्यस्य चौरस्य यथा पशोर्वा,
सम्प्राप्यमाणस्य पदं वधस्य ।
शनैः शनैरेति मृतिः समीपं,
तथाऽखिलस्येति कथं प्रमादः ? ॥६॥ उपजाति

ફાંસીની સજા થયેલ ચોરને અથવા વધ કરવાને સ્થાનકે લઈ જવાતા પશુને મૃત્યુ ધીમે ધીમે નજીક આવતું જાય છે. તેવી રીતે સર્વને મૃત્યુ નજીક આવતું જાય છે. તો પછી પ્રમાદ કેવી રીતે થાય ? ૬.

बिभेषि जन्तो ! यदि दुःखराशे-
स्तदिन्द्रियार्थेषु रतिं कृथा मा,
तदुद्भवं नश्यति शर्म यद्द्राक्,
नाशे च तस्य ध्रुवमेव दुःखम् ॥७॥ उपजाति

"હે પ્રાણી ! જો તું દુઃખોથી ડર રાખતો હોય તો ઇંદ્રિયોના વિષયોમાં આસક્તિ કર નહિ. તે (વિષયો)થી ઉત્પન્ન થયેલું સુખ તો તરત નાશ પામે છે. અને તે નાશ પામે ત્યારે તો પછી લાંબા વખતનું દુઃખ જ છે." ૭.

मृतः किमु प्रेमपतिर्दुरामया,
गताः क्षयं किं नरकाश्च मुद्रिताः ।
ध्रुवाः किमायुर्धनदेहबन्धवः,
सकौतुको यद्विषयैर्विमुह्यसि ॥८॥ वंशस्थ

"શું જમ (યમ) મરી ગયો ? શું દુનિયામાંથી બધા વ્યાધિઓ નાશ પામી ગયા ? શું નારકીનાં બારણાં બંધ થયાં? શું આયુષ્ય, પૈસા, શરીર અને સગાં સંબંધીઓ હંમેશા બેસી રહેવા ઠર્યા ? કે તું આશ્ચર્ય-હર્ષ સહિત વિષયોમાં વિશેષ મોહ પામે છે ?" ૮.

विमोह्यसे किं विषयप्रमादै-
र्भ्रमात्सुखस्यायतिदुःखराशेः ।
तद्गृध्धमुक्तस्य हि यत्सुखं ते,
गतोपमं चायतिमुक्तिदं तत् ॥९॥ उपजाति.

"ભવિષ્યમાં જે અનેક દુઃખોનો રાશિ છે તેઓમાં સુખના ભ્રમથી તું વિષય પ્રમાદજન્ય બુદ્ધિથી કેમ મોહ પામી જાય છે ? તે સુખોની અભિલાષાથી મૂકાયેલા પ્રાણીને જે સુખ થાય છે તે નિરૂપમ છે અને વળી ભવિષ્યમાં તે મોક્ષ આપનારૂં છે." ૯.


પૂ. આ. શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી દ્વારા
સરળ ભાષામાં ગુજરાતી અનુવાદ
નૂતન સાધુ-સાધ્વી મ.ને અભ્યાસ માટે
તુરંત વસાવો

ઉત્તરાધ્યયનસૂત્ર ભાગ-૧-૨.
દશવૈકાલિકસૂત્ર.

# ૭ કષાયત્યાગાધિકાર

रे जीव! सेहिथ सहिष्यसि च व्यथा-
स्तास्त्वं नारकादिषु पराभवभूः कषायैः ।
मुग्धौदितैः कुवचनादिभिरप्यतः किं,
क्रोधान्निहंसि निजपुण्यधनं दुरापम् ॥१॥ ( वसंततिलका )

"હે જીવ ! કષાય વડે પરાભવનું સ્થાન પામીને નારકીમાં તેં અનેક પીડાઓ સહન કરી અને હજુ સહન કરીશ; તેથી મૂર્ખ મનુષ્યોને દીધેલ ગાળ વગેરે ખરાબ વચનથી ક્રોધ પામી જઈને મહામુશ્કેલીથી મળી શકે એવું પુણ્ય ધન તું કેમ નાશ પમાડે છે?" ૧.

पराभिभूतौ यदि मानमुक्तिस्तत-
स्तपो-ऽ-खण्डमतः शिवं वा ।
मानाद्दतिर्दुर्वचनादिभिश्चेत्तपः-
क्षयात्तन्नरकादिदुःखम् ॥ २ ॥
वैरादि चात्रेति विचार्य लाभा-
लाभौ कृतिन्नाभवसम्भविन्याम् ।

तपोऽथवा मानमवाभिभूता-
विहास्ति नूनं हि गतिर्द्विधव ॥३॥ (उपजाति)

"બીજા તરફથી પરાભવ થાય ત્યારે જો માનનો ત્યાગ થાય તો તેથી અખંડ તપ થાય છે અને તેથી મોક્ષ થાય છે. બીજા તરફથી દુર્વચન સાંભળતાં જો માનનો આદર થાય તો તપનો ક્ષય થાય છે અને નારકી વિગેરેનાં દુઃખો થાય છે. આ ભવમાં પણ માનથી વૈર વિરોધ થાય છે. તેટલા માટે હે પંડિત ! લાભ અને નુકશાનનો વિચાર કરીને આ સંસારમાં જ્યારે જ્યારે તારો પરાભવ થાય ત્યારે ત્યારે તપ અથવા માન (બેમાંથી એક)નું રક્ષણ કર. આ સંસારમાં આ બે જ સસ્તા છે. (માન કરવું અથવા તપ કરવો) (૨-૩)

श्रुत्वाक्रोशान् यो मुदा पूरितः स्यात्,
लोष्टद्यैर्यश्चाहतो रोमहर्षी ।
यः प्राणान्तेऽप्यन्यदोषं न पश्यत्येष-
श्रेयो द्राग् लभैतैव योगी ॥ ४ ॥ (शालीनी)

"જે આક્રોશ (પરાભવવચન, ઝાટકણી) સાંભળીને ઉલટો આનંદથી ઊભરાઈ જાય છે. જેને પથ્થર વિગેરે વડે

માર્યો હોય તો પણ જેનાં રોમરાજી ઉલટાં વિકસ્વર થાય છે. જે પ્રાણાન્તે પણ પારકા અવગુણને દેખતો જ નથી, તે યોગી છે, અને તે તુરત જ મોક્ષ મેળવે છે." ૪.

को गुणस्तव कदा च कषायै-
र्निर्ममे भजसि नित्यमिमान् यत् ।
किं न पश्यसि दोषममीषां,
तापमत्र नरकं च परत्र ॥ ५ ॥ स्वागता

"તને કષાયોએ ક્યો ગુણ કર્યો ! તે ગુણ ક્યારે કર્યો ! કે તું તેઓને હંમેશાં સેવે છે ? આ ભવમાં અસંતોષ અને પરભવમાં નરક અપવાદરૂપ તેઓના દોષો છે તે શું દેખતો નથી ?" ૫.

यत्कषायजनितं तव सौख्यं,
यत्कषायपरिहानिभवं च ।
तद्विशेषमथवैतदुदर्कं,
संविभाव्य भज धीर विशिष्टम् ॥६ ॥ स्वागता

"કષાય સેવનથી તને જે સુખ થાય એ કષાયના ક્ષયથી તને જે સુખ થાય તેમાં વધારે સુખ કયું છે? અથવા તો કષાયનું

અને તેના ત્યાગનું પરિણામ કેવું આવે છે? તેનો વિચાર કરીને તે બેમાંથી સારૂં હોય તે, હે પંડિત! આદરી લે....! ૬.

सुखेन साध्या तपसां प्रवृत्ति-
यथा तथा नैव तु मानमुक्तिः ।
आद्या न दत्तेऽपि शिवंपरा तु,
निदर्शनाद्बाहुबलेः प्रदत्ते ॥ ७ ॥ उपजातिय

"જેવી રીતે તપસ્યામાં પ્રવૃત્તિ કરવી તે સુખે થઈ શકે તેમ છે. તેવી રીતે માનનો ત્યાગ કરવો તે સુખે થઈ શકે તેમ નથી જ. કેવળ તપસ્યામાં પ્રવૃત્તિ મોક્ષને આપી શકતી નથી, પણ માનનો ત્યાગ તો બાહુબલીના દૃષ્ટાંતની જેમ મોક્ષ જરૂર આપે છે." ૭.

सम्यग्विचार्येति विहाय मानं,
रक्षन् दुरापाणि तपांसि यत्नात् ।
मुदा मनीषी सहनेऽभिभूतीः,
शूरः क्षमायामपि नीचजाताः ॥ ८ ॥ उपजाति.

"આ પ્રમાણે સારી રીતે વિચાર કરી માનનો ત્યાગ કરીને અને દુઃખે મળી શકે તેવા તપોનું યત્નથી રક્ષણ કરીને

ક્ષમા કરવામાં શૂરવીર એવો પંડિત સાધુ નીચ પુરુષોએ કરેલાં અપમાનો પણ ખુશીથી સહન કરે છે...." ૮.

पराभिभूत्याऽल्पिकयाऽपि कुप्यस्य-
धैरपीमां प्रतिकर्तुमिच्छन् ।
न वेत्सि तिर्यङ्नरकादिकेषु,
तास्तैरनन्तास्त्वतुला भवित्रीः ॥ ९ ॥ उपजाति

"સહજ પરાભવથી તું કોપ કરે છે અને ગમે તેવા પાપોથી તેનું વૈર વાળવાને ઇચ્છે છે. પણ નારકી, તિર્યંચ વગેરે ગતિઓમાં પાર વગરની અતુલ પરકૃતપીડાઓ થવાની છે તેને તો તું જાણતો કે વિચારતો પણ નથી." ૯.

धत्से कृतिन् ! यद्यपकारकेषु,
क्रोधं ततो धेह्यरिषट्क एव ।
अथोपकारिष्वपि तद्भवार्त्ति-
कृत्कर्महृन्मित्र बहिर्द्विषत्सु ॥ १० ॥ उपजाति

"હે પંડિત ! જો તારૂં અહિત કરનારા ઉપર તું ક્રોધ કરતો હોય તો ષડ્‌રિપુ (છ શત્રુ- કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ) ઉપર ક્રોધ કર. અને જો તું તારા હિત કરનારા

ઉપર પણ ક્રોધ કરતો હોય તો સંસારમાં થતી સર્વ પીડા કરનારાં જે કર્મો છે તેઓને હરી જનાર (ઉપસર્ગો કરનાર વિગેરે) જે ખરેખરા તારા હિતેચ્છુ છે અને બાહ્યદૃષ્ટિથી જે તારા શત્રુ જેવા લાગે છે તેના પર ક્રોધ કર." ૧૦.

अधित्यनुष्ठानतपः शमाद्यान्,
धर्मान् विचित्रान् विदधत्समायान् ।
न लप्स्यसे तत्फलामात्मदेह-
क्लेशाधिकं तांश्च भवान्तरेषु ॥ ११ ॥ उपजाति.

"શાસ્ત્રાભ્યાસ, ધર્માનુષ્ઠાન તપસ્યા, શમ વિગેરે અનેક ધર્મો અથવા ધર્મકાર્યો માયા સાથે આચરે છે. તેથી તારા શરીરને ક્લેશ થવાં ઉપરાંત ભવાંતરને વિષે બીજું કાંઇ પણ ફળ મેળવવાનો નથી, અને તે ધર્મો પણ ભવાંતરમાં મળવાના નથી." ૧૧.

सुखाय धत्से यदि लोभमात्मनो,
ज्ञानादिरत्नत्रितये विधेहि तत् ।
दुःखाय चेदत्र परत्र वा कृतिन् !,
परिग्रहे तद्बहिरान्तरेऽपि च ॥ १२ ॥ उपजाति

"હે પંડિત ! જો તું તારા પોતાના સુખ માટે લોભ રાખતો હો તો જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણ રત્નો મેળવવા માટે લોભ રાખ, અને જો આ ભવ અને પરભવમાં દુઃખ મેળવવા લોભ રાખતો હોય તો આંતર અને બહિર પરિગ્રહ માટે લોભ રાખ." ૧૨.

करोषि यत्प्रेत्यहिताय किञ्चित्,
कदाचिदल्पं सुकृतं कथञ्चित् ।
मा जीहरस्तन्मदमत्सराद्यै-
र्विना च तन्मा नरकातिथिर्भूः ॥१३॥ उपजाति

"કોઇ વખત મહા મુશ્કેલીએ આવતા ભવ માટે જરા કાંઇ સારૂં કામ (સુકૃત્ય) કરવાનું તારે બની આવે તો પછી વળી તને મદ મત્સર કરીને હારી જઇશ માં, અને સુકૃત્ય વગર તું નરકનો પરોણો થઇશ માં." ૧૩

पुराऽपि पापैः पतितोऽसि संसृतौ,
दधासि किं रे ! गुणिमत्सरं पुनः ? ।
न वेत्सि किं घोरजले निपात्यसे,
नियन्त्र्यसे शृङ्खलया च सर्वतः ? ॥ १४ ॥ वंशस्थ

"અરે ! પહેલા પણ તું પાપથી સંસારમાં પડ્યો છે, ત્યારે વળી ફરીથી પણ ગુણવાન ઉપર ઈર્ષા કેમ કરે છે ? આ પાપથી તું ઊંડા પાણીમાં ઉતરે છે. અને તારે આખે શરીરે સાંકળો બંધાય છે તે શું તું જાણતો નથી ?. ૧૪

कष्टेन धर्मो लवशो मिलत्ययं,
क्षयं कषायैर्युगपत्प्रयाति च ।
अतिप्रयत्नार्जितमर्जुनं ततः,
किमज्ञ ! ही हारयसे नभस्वता ? ॥ १५ ॥ वंशस्थ

"મહાકષ્ટથી જરા-જરા કરીને "ધર્મ" પ્રાપ્ત થાય છે તે કષાય કરવાથી એક સપાટામાં એકદમ નાશ પામે છે. હે મૂર્ખ ! મહાપ્રયત્નથી મેળવેલું સોનું એક ફૂંક મારીને કેમ ઉડાડી દે છે ? ૧૫.

शत्रूभवन्ति सुहृदः कलुषीभवन्ति,
धर्मा-यशांसि निचितायशसिभवन्ति ।
स्निह्यन्ति नैव पितरोऽपि च बान्धवाश्च,
लोकद्वयेऽपि विपदो भविनां कषायैः ॥१६ ॥ वसंततिलका

"કષાયથી મિત્ર શત્રુ થાય છે, ધર્મ મલિન થાય છે, આબરૂ સજ્જડ અપશયમાં બદલાઈ જાય છે, મા-બાપ અને ભાઈઓ કે સ્નેહિઓ પણ સ્નેહ રાખતા નથી. અને લોક અને પરલોકમાં પ્રાણીને વિપત્તિઓ પ્રાપ્ત થાય છે." ૧૬

रूपालाभकुलविक्रमविद्या-
श्रीतपोवितरणप्रभुताद्यैः ।
किं मदं वहसि वेत्सि न मूढा-
नन्तशः स्म भृशलाधवदुःखम् ॥ १७ ॥ स्वागता.

"રૂપ, લાભ, બળ, વિદ્યા, લક્ષ્મી, તપ, દાન, ઐશ્વર્ય વગેરેનો મદ તું શું જોઈને કરે છે? હે મૂર્ખ! અનંત વખતે લઘુતાઈનું દુઃખ વહન કરવું પડ્યું છે તે શું તું જાણતો નથી?૧૭

विना कषायान्न भवार्तिराशि-
र्भवेद्भवेदेव च तेषु सत्सु ।
मूलं हि संसारतरोः कषायास्त-
त्तान् विहायैव सुखीभवात्मन् ! ॥ १८ ॥ उपजाति

"કષાય વગર સંસારની અનેક પીડાઓ થાય નહિ અને કષાયો હોય ત્યારે પીડાઓ જરૂર થાય છે. સંસાર વૃક્ષનું મૂળ

જ કષાયો છે તો હે ચેતન ! તેને તજીને સુખી થા." ૧૮.

समीक्ष्य तिर्यङ्नरकादिवेदनाः,
श्रुतेक्षणैर्धर्मदुरापतां तथा ।
प्रमोदसे यद्विषयैः सकौतुकैस्त-
तस्तवात्मन् ! विफलैव चेतना ॥ १९ ॥ वंशस्थ

"શસ્ત્ર રૂપ આંખોથી તિર્યંચ-નારકી વિગેરેની વેદના ને જાણી, તેમજ ધર્મ મળવાની મુશ્કેલી પણ જાણી, તેમ છતાં પણ કુતુહલવાળા વિષયોમાં તું આનંદ માનશે તો હે ચેતન! તારૂં ચેતન પણ તદ્દન નકામું છે." ૧૯

चौरैस्तथा कर्मकरैर्गृहीते,
दुष्टैः स्वमात्रेऽप्युपतप्यसे त्वम् ।
पुष्टैः प्रमादैस्तनुभिश्च पुण्यधनं-
न किं वेत्स्यपि लुट्यमानम् ? ॥२०॥ उपजाति.

"ચોર અથવા કામકાજ કરનાર (નોકર-ચાકરો) તારૂં જરા પણ ધન ઉપાડી જાય તો પણ તું તપી જાય છે. જ્યારે પુષ્ટ અથવા પાતળા પ્રમાદો તારૂં પુણ્ય ધન લૂંટી લે છે તે તું જાણતો પણ નથી." ૨૦.

मृत्योःकोऽपि न रक्षितो न जगतो दारिद्यमुत्त्रासितं,
रोगस्तेननृपादिजा न च भियो निर्णाशिताः षोडश ।
विध्वस्ता नरका न नापि सुखिता धर्मैस्त्रिलोकी सदा,
तत्को नाम गुणोमदश्च विभुता का ते स्तुतीच्छा च का ?
॥ २१ ।शार्दूलवि.

"હે ભાઈ ! તેં હજુ સુધી કોઈ પણ પ્રાણીનું મરણથી રક્ષણ કર્યું નથી. તેં કોઈ જગતનું દળદર ફેડ્યું નથી, તેં રોગ-ચોર-રાજા વિગેરેએ કરેલા મોટા સોળ ભયોનો નાશ કર્યો નથી, તેં કોઈ નરકગતિનો નાશ કર્યો નથી, અને ધર્મવડે તેં કોઈ ત્રણ લોકને સુખી કર્યો નથી, ત્યારે તારામાં ગુણ શા છે કે તેનો મદ કરે છે? અને વળી એવું કાંઈ પણ કાર્ય કર્યા વિના તું સ્તુતિની પણ ઈચ્છા શેની રાખે છે ? (અથવા શું તારા ગુણ અને શો તારો મદ ! તેમજ શી તારી મોટાઈ અને શો તારો ખુશામતનો પ્રેમ.....! ૨૧

卐

# ८ શાસ્ત્રગુણાધિકાર

शिलातलाभे हृदि ते वहन्ति,
विशन्ति सिद्धान्तरसा न चान्तः ।
यदत्र नो जीवदयाद्रता ते,
न भावनाङ्कूरततिश्च लभ्या ॥ १ ॥ उपजाति

"સિદ્ધાન્ત-જળ શીલાના સપાટી જેવા તારા હૃદય પર થઈને ચાલ્યું જાય છે. પણ તેની અંદર પ્રવેશ કરતું નથી; કારણ કે તેમાં (તારા હૃદયમાં) જીવદયારૂપ ભીનાશ નથી અને ભાવના રૂપ અંકુરાઓની શ્રેણી પણ નથી." ૧

यस्यागमाम्भोदरसैर्न धौतः
प्रमादपङ्कः स कथं शिवेच्छुः ? ।
रसायनैर्यस्य गदाः क्षता नो,
सुदुर्लभं जीवितमस्य नूनम् ॥ २ ॥ उपजाति

"જે પ્રાણીનો પ્રમાદરૂપ કાદવ સિદ્ધાંતરૂપ વરસાદના જળ-પ્રવાહથી પણ ધોવાતો નથી. તે કેવી રીતે મુમુક્ષુ (મોક્ષ મેળવવાની ઈચ્છાવાળો) હોઈ શકે? ખરેખર રસાયણથી પણ

જો કોઈ પ્રાણીના વ્યાધિઓ નાશ પામે નહિ તો પછી તેનું જીવન રહેવાનું જ નહિ એમ જાણવું. ૨

**अधीतिनोऽर्चादिकृते जिनागमेः,**
**प्रमादिनो दुर्गतिपापते मुधा ।**
**ज्योतिर्विमूढस्य हि दीपपातिनो,**
**गुणाय कस्मै शलभस्य चक्षुषी ? ॥ ३ ॥** वंशस्थ

"દુર્ગતિમાં પડનાર પ્રમાદી પ્રાણી પોતાની પૂજા માટે જૈનશાસ્ત્રનો અભ્યાસ કરે છે તે નિષ્ફળ છે. દીવાની જ્યોતિમાં ફસાયેલા-દીવામાં પડનાર પતંગીયાઓની આંખો તેને શો લાભ કરનારી છે. ?" ૩

**मोदन्ते बहुतर्क तर्कणचणाः केचिज्जयाद्वादिनां,**
**काव्यैःकेचन कल्पितार्थघटनैस्तुष्टाः कविख्यातितः ।**
**ज्योतिर्नाटकनीतिलक्षणधनुर्वेदादिशास्त्रैः परे,**
**ब्रुमः प्रेत्याहिते तु कर्मणि जडान् कुक्षिम्भरीनेव तान्**
**॥ ४ ॥** शार्दूलविक्रीडितम्

"કેટલાક અભ્યાસીઓ બહુ પ્રકારના તર્ક-વિતર્કોના વિચારમાં પ્રસિદ્ધ હોઈ વાદીઓને જીતીને આનંદ પામે છે,

કેટલાક કલ્પના ઉઠાવીને, કાવ્યો રચીને કવિ તરીકે ખ્યાતિ મેળવી આનંદ માને છે અને કેટલાક જ્યોતિષશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર, ધનુર્વેદ વિગેરે શાસ્ત્રોનો અભ્યાસ કરવા વડે ખુશ થાય છે. પરંતુ. આવતા ભવમાં હિતકારી કાર્યો તરફ જો તેઓ અજ્ઞ (અથવા બેદરકાર) હોય તો અમે તો તેઓને પેટભરા જ કહીએ છીએ. ૪

किं-मोदसे पण्डितनाममात्रात्,
शास्त्रेष्वधीती जनरञ्जकेषु ।
तत्किञ्चनाधीष्व कुरुष्व चाशु,
न ते भवेद्येन भवाब्धिपातः ॥ ५ ॥ उपजाति

"લોકરંજન કરનારાં શાસ્ત્રોનો અભ્યાસી થઈને તું પંડિત નામ માત્રથી કેમ રાજી થાય છે ? તું કોઈ એવો અભ્યાસ કર અને પછી કાંઈ એવું અનુષ્ઠાન કર કે જેથી તારે સંસાર સમુદ્રમાં પડવું પડે નહીં." ૫

धिगागमैर्माद्यसि रञ्जयन् जनान्,
नोद्यच्छसि प्रेत्यहिताय संयमे ।

दधासि कुक्षिम्भरिमात्रतां मुने,
क्व ते क्व तत् क्वैष च ते भवान्तरे ? ॥ ६ ॥ उपजाति

"હે મુનિ! સિદ્ધાંત વડે તું લોકોને રંજન કરતો ખુશી થાય છે અને તારા પોતાના આમુષ્મિક હિત માટે યત્ન કરતો નથી તેથી તને ધિક્કાર છે, તું માત્ર પેટભરાપણું જ ધારણ કરે છે પણ હે મુનિ! ભવાંતરમાં તે તારાં આગમો ક્યાં જશે? તે તારૂં જનરંજન ક્યાં જશે અને આ તારો સંયમ ક્યાં જશે ?." ૬

धन्याःकेऽप्यनधीतिनोऽपि सदनुष्ठानेषु बद्धादरा,
दुःसाध्येषु परोपदेशलवतः श्रद्धानशुद्धाशयाः ।
केचित्वागमपाठिनोऽपि दधतस्तत्पुस्तकान् येऽलसाः,
अत्रामुत्रहितेषु कर्मसु कथं ते भाविनः प्रेत्यहाः ? ॥७॥
शार्दूलविक्रीडितम्

"કેટલાક પ્રાણીઓએ શાસ્ત્રનો અભ્યાસ કર્યો ન હોય તો પણ બીજાના જરા ઉપદેશથી મુશ્કેલીથી સાધી શકાય તેવાં શુભ અનુષ્ઠાનો તરફ આદરવાળા થઈ જાય છે. અને શ્રદ્ધા પૂર્વક શુદ્ધ આશયવાળા થઈ જાય છે. તેઓને ધન્ય છે! કેટલાક તો આગમના અભ્યાસી હોય અને તેનાં પુસ્તકો પાસે રાખતાં હોય છતાં પણ આ ભવ પરભવનાં હિતકારી

કાર્યોમાં પ્રમાદી થઈ જાય છે અને પરલોકને હણી નાખે છે તેઓનું શું થશે ?. ૭

धन्यः स मुग्धमतिरप्युदितार्हदाज्ञा-
रागेणयः सृजति पुण्यमदुर्विकल्पः ।
पाठेन किं व्यसनतोऽस्य तु दुर्विकल्पै-
र्यो दुस्थितोऽत्र सदनुष्ठितिषु प्रमादी ॥ ८ ॥ वसन्ततिलका

"માઠા સંકલ્પ નહીં કરનારો અને તીર્થંકર મહારાજે ફરમાવેલી આજ્ઞાઓના રાગથી શુભ ક્રિયા કરનારો પ્રાણી અભ્યાસ કરવામાં મુગ્ધ બુદ્ધિવાળો હોય તો પણ ભાગ્યશાળી છે, જે પ્રાણી માઠા વિચાર કર્યા કરે છે અને જે શુભક્રિયામાં પ્રમાદી હોય છે તેવા પ્રાણીને અભ્યાસથી અને તેની ટેવથી પણ શો લાભ ? ૮

अधीतिमात्रेण फलन्ति नागमाः,
समीहितैर्जीव सुखैर्भवान्तरे ।
स्वनुष्ठितैः किं तु तदीरितैः खरो,
न यत्सिताया वहनश्रमात्सुखी ॥ ९ ॥ वंशस्थ

"માત્ર અભ્યાસથી જ ભવાંતરમાં ઈચ્છિતસુખ આપીને આગમો ફળતાં નથી, પરંતુ તેમાં બતાવેલ શુભ અનુષ્ઠાનો કરવાથી આગમો ફલે છે. જેવી રીતે સાકરનો બોજો ઉપાડવાના શ્રમથી ગધેડો કાંઈ સુખી નથી." ૯

दुर्गन्धतो यदणुतोऽपि पुरस्य मृत्यु-
रायूंषि सागरमितान्यनुपक्रमाणि ।
स्पर्शः खरः क्रकचतोऽतितमामितश्च,
दुःखावनन्तगुणितौ भृशशैत्यतापौ ॥ १० ॥
तीव्राः व्यथाः सुरकृता विविधाश्च यत्रा-
क्रन्दारवैः सततमभ्रभृतोऽप्यमुष्मात् ।
किं भाविनो न नरकात्कुमते । बिभेषि,
यन्मोदसे क्षणसुखैर्विषयैः कषायी ॥ ११ ॥

(वसंततिलका, युग्मम्)

"જે નારકીની દુર્ગંધીના એક સૂક્ષ્મભાગ માત્રથી (આ મનુષ્યલોકના) નગરનું (એટલે નગરવાસીજનોનું) મૃત્યુ થાય છે. જ્યાં સાગરોપમથી મપાતું આયુષ્ય નિરૂપક્રમ હોય છે. જેનો સ્પર્શ કરવતથી પણ બહુ કર્કશ છે. જ્યાં ટાઢ-તડકાનું

દુઃખ અહીં કરતાં (મનુષ્યલોક કરતાં) અનંતગણું વધારે છે. જ્યાં દેવતાઓની કરેલી અનેક પ્રકારની વેદનાઓ થાય છે. અને તેથી રડારોળ અને આક્રંદ વડે આકાશ ભરાઈ જાય છે- આવા પ્રકારની નારકી તને ભવિષ્યમાં મળશે એ વિચારથી હે કુમતિ ! તું બીતો નથી કે કષાય કરીને અને થોડો વખત સુખ આપનારા વિષયો સેવીને આનંદ માને છે ?" ૧૦,૧૧.

बन्धोऽनिशं वाहनताडनानि,
क्षुत्तृड्दुरामातपशीतवाताः ।
निजान्यजातीयभयापमृत्यु-
दुःखानि तिर्यक्ष्विति दुस्सहानि ॥ १२ ॥ उपजाति

"નિરંતર બંધન, ભારનું વહન, માર, ભૂખ, તરસ, દુષ્ટ રોગો, તડકો, ઠંડી, પવન, પોતાની અને પારકી જાતિનો ભય અને કુમરણ-તિર્યંચગતિમાં આ અસહ્ય દુઃખો છે" ૧૨

मुधान्यदास्याभिभवाभ्यसूया-
भियोऽन्तगर्भस्थितिदुर्गतीनाम् ।
एवं सुरेष्वप्यसुखानि नित्यं
किं-तत्सुखैर्वा परिणामदुःखैः ? ॥ १३ ॥ उपजाति

"ઈંદ્રાદિકની નિષ્કારણ સેવા કરવી, પરભવ, મત્સર, અંત-કાળ, ગર્ભસ્થિતિ, અને દુર્ગતિનો ભય-આવી રીતે દેવગતિમાં પણ નિરંતર દુઃખો છે. વળી જેને પરિણામે દુઃખ છે તેવા સુખથી શું ?" ૧૩.

सप्तभीत्यभिभवेष्टविप्लवा-
निष्टयोगगददुः सुतादिभिः ।
स्याच्चिरं विरसता नृजन्मनः,
पुण्यतः सरसतां तदानय ॥ १४ ॥ स्वागता

"સાત ભય, પરાભવ (અપમાન), વ્હાલાઓનો વિયોગ, અપ્રિયનો સંયોગ, વ્યાધિઓ, માંડીવાળેલ છોકરા વગેરે વડે મનુષ્ય-જન્મ પણ લાંબા વખત સુધી વિરસ (ખારોધુધવા) થઈ જાય છે. તેટલા માટે પુણ્ય વડે મનુષ્ય જન્મનું મધુરપણું પ્રાપ્ત કર." ૧૪

ईति चतुर्गतिदुःखततीः कृतिन्नति-
भयास्त्वमनन्तमनेहसम् ।
हृदि विभाव्य जिनोक्तकृतान्तः,
कुरु तथा न यथा स्युरिमास्तव ॥ १५ ॥ द्रुतविलंबित

"એ પ્રમાણે અનંતકાળ પર્યંત (સહન કરેલી) અતિશય ભય આપનાર, ચારગતિનાં દુઃખોની રાશિઓને કેવળી ભગવંતે કહેલા સિદ્ધાંતથી હૃદયમાં વિચારીને હે વિદ્વન્ ! એવું કર કે જેથી તને તે પીડાઓ ફરી થાય નહિં." ૧૫

**आत्मन् ! परस्त्वमसि साहसिकः श्रुता-**
**क्षैर्यद्भाविनं चिरचर्तुगतिदुःखराशिम्-**
**पश्यन्नपीह न बिभेषि ततो न तस्य,**
**विच्छित्तये च यतसे विपरीतकारी ॥ १६ ॥** वसंततिलका

"હે આત્મન્ ! તું તો જબરો સાહસિક છે. કારણ કે- ભવિષ્યકાળમાં લાંબા વખત સુધી થનાર ચાર ગતિઓનાં દુઃખોને તું જ્ઞાનચક્ષુથી જુએ છે તો પણ તેઓથી બીતો નથી અને વળી ઉલટો વિપરીત આચરણ કરીને તે દુઃખોના નાશ સારૂં જરા પણ પ્રયાસ કરતો નથી." ૧૬.

# ૯ ચિત્તદમનાધિકાર

कुकर्मजालैः कुविकल्पसूत्रजै-
र्निबध्य गाढं नरकाग्निभिश्चिरम् ।
विसारवत् पक्ष्यति जीव । हे मनः -
कैवर्तकस्त्वामिति मास्य विश्वसीः ॥ १ ॥ वंशस्थ

"હે ચેતન ! મનધીવર (મચ્છીમાર) કુવિકલ્પ દોરીઓની બનાવેલી કુકર્મજાળ પાથરીને તેમાં તને મજબુત રીતે ગૂંથી, લાંબા વખત સુધી માછલાની પેઠે નરકાગ્નિમાં ભૂંજશે. તેટલા માટે તેના પર વિશ્વાસ રાખીશ નહિ." ૧

चेतोऽर्थये मयि चिरत्नसख ! प्रसीद,
किं दुर्विकल्पनिकरैः क्षिपसे भवे माम् ? ।
बद्धोऽञ्जलिः कुरु कृपां भज सद्विकल्पान्,
मैत्रीं कृतार्थय यतो नरकाद्बिभेमि ॥ २ ॥ वसंततिलका

"હે મન ! મારા લાંબા વખતના મિત્ર ! હું પ્રાર્થના કરૂં છું કે મારા ઉપર કૃપા કર ! ખરાબ સંકલ્પો કરીને શા માટે

મને સંસારમાં નાંખે છે ! (તારી પાસે) હું હાથ જોડીને ઉભો રહું છું, મારા ઉપર કૃપા કર, સારા વિચારો કર અને આપણી લાંબા વખતની દોસ્તી સફળ કર. કારણ કે હું નરકથી ડરૂ છું." ૨

स्वर्गापवर्गो नरकं तथान्त-
र्मुहूर्त्त मात्रेण वशावशं यत् ।
ददाति जन्तोः सततं प्रयत्ना-
द्वशं तदन्तःकरणं कुरुष्व ॥ ३ ॥ उपजाति

"વશ અને અવશ મન ક્ષણવારમાં સ્વર્ગ મોક્ષ અથવા નરક અનુક્રમે પ્રાણીને આપે છે માટે પ્રયત્ન કરીને તે મનને જલ્દી વશ કર." ૩

सुखाय दुःखाय च नैव देवा,
न चापि कालः सुहृदोऽरयो वा ।
भवेत्परं मानसमेव जन्तोः,
संसारचक्रभ्रमणैकहेतुः ॥ ४ ॥ उपजाति

"દેવતાઓ આ જીવને સુખ કે દુઃખ આપતા નથી. તેમજ કાળ પણ નહિ. તેમજ મિત્ર પણ નહિ અને શત્રુ

પણ નહિ, મનુષ્યને સંસારચક્રમાં ભમવાનો માત્ર એક હેતુ મન જ છે." ૪

वशं मनो यस्य समाहितं स्यात्-
किं तस्य कार्यं नियमैर्यमैश्च ? ।
हतं मनो यस्य च दुर्विकल्पैः,
किं तस्य कार्यं नियमैर्यमैश्च ? ॥ ५ ॥ उपजाति

જે પ્રાણીનું મન સમાધિવંત હોઈને પોતાને વશ હોય છે તેને પછી યમ-નિયમથી શું ? અને જેનું મન દુર્વિકલ્પોથી હણાયું છે તેને પણ યમ-નિયમથી શું !" ૫

दानश्रुतध्यानतपोऽर्चनादि,
वृथा-मनोनिग्रहमन्तरेण ।
कषाय चिन्ताकुलितोज्झितस्य,
परो हि योगो मनसो वशत्वम् ॥ ६ ॥ उपजाति

"દાન, જ્ઞાન, ધ્યાન, તપ, પૂજા વિગેરે સર્વે મનોનિગ્રહ વગર નકામાં છે. કષાયથી થતી ચિંતા અને આકુળ-વ્યાકુળતાથી રહિત એવા પ્રાણીને મન વશ કરવું એ મહાયોગ છે." ૬.

जपो न मुक्त्यै न तपो द्विभेदं,
न संयमो नापि दमो न मौनम् ।
न साधनाद्यं पवनादिकस्य,
किं त्वेकमन्तःकरणं सुदान्तम् ॥७॥ उपजाति

'જાપ કરવાથી મોક્ષ મળતું નથી, તેમજ નથી મળતું બે પ્રકારના તપ કરવાથી, તેવી જ રીતે સંયમ, દમ, મૌન ધારણ અથવા પવનાદિકની સાધના વિગેરે પણ મોક્ષ આપી શકતાં નથી, પરંતુ સારી રીતે વશ કરેલું મન જ મોક્ષ આપે છે.' ૭

लब्ध्वाऽपि धर्मं सकलं जिनोदितं,
सुदुर्लभं पोतनिभं विहाय च ।
मनः पिशाचग्रहिलीकृतः पतन्,
भवाम्बुधौ नयतिदृग् जडो जनः ॥ ८ ॥ वंशस्थ

"સંસાર સમુદ્રમાં ભટકતાં મહા મુશ્કેલીએ પ્રાપ્ત થઈ શકે તેવું, વહાણ જેવું, તીર્થંકર ભાષિત ધર્મજહાજ પ્રાપ્ત કર્યા પછી જે પ્રાણી મનપિશાચને તાબે થઈને તે જહાજને તજી દે છે અને સંસાર-સમુદ્રમાં પડે છે તે મૂર્ખ માણસ લાંબી નજર પહોંચાડનાર નથી." ૮

सुदुर्जयं हि रिपुवत्यदो मनो,
रिपूकरोत्येव च वाक्तनू अपि !
त्रिभिर्हतस्तद्रिपुभिः करोतु किं,
पदीभवन् दुर्विपदां पदे पदे ॥९॥ वंशस्थ

"મહામુશ્કેલીથી જીતી શકાય એવું એ મન શત્રુના જેવું આચરણ કરે છે. કારણ કે તે વચન અને કાયાને પણ દુશ્મન બનાવે છે. આવા ત્રણ શત્રુથી હણાયેલો તું સ્થાને સ્થાને વિપત્તિઓનું ભાજન થઈને શું કરી શકીશ ?" ૯.

रे चित्तवैरि ! तव किं न मयाऽपराद्धं,
यद्दुर्मतौ क्षिपसि मां कुविकल्पजालैः ।
जानासि मामयमपास्य शिवेऽस्ति गन्ता,
तत्किं न सन्ति तव वासपदं ह्यसंख्याः ?॥१०॥
वसंततिलका

"હે ચિત્તવૈરી ! મેં તે તારો શો અપરાધ કર્યો છે કે તું કુવિકલ્પજાળ વડે મને બાંધીને દુર્ગતિમાં ફેંકી દે છે ? શું તારા મનમાં એમ આવે છે કે આ જીવ મને તજીને મોક્ષમાં ચાલ્યો જવાનો છે. (અને તેથી મને પકડી રાખે છે?) પણ. તારે શું રહેવાનાં બીજા અસંખ્ય સ્થાનો નથી ?" ૧૦

पूतिश्रुतिः श्वेव रतेर्विदूरे, कुष्ठीव संपत्सुदृशामनर्हः ।
श्वपाकवत्सद्गतिमन्दिरेषु, नार्हत्प्रवेशं कुमनो हतोऽङ्गी
॥११॥ इन्द्रवज्रा

"જે પ્રાણીનું મન ખરાબ સ્થિતિમાં હોવાથી સંતાપ પમાડ્યા કરે છે તે પ્રાણી કૃમિથી ભરપૂર કાનવાળા કૂતરાની પેઠે મોજમજાથી દૂર રહે છે. કોઢીઆની પેઠે લક્ષ્મી સુંદરીને વરવાને અયોગ્ય થઈ જાય છે અને ચંડાળની પેઠે શુભગતિ મંદિરમાં પ્રવેશ કરવાને લાયક રહેતો નથી." ૧૧

तपोजपाद्याः स्वफलाय धर्मा,
न दुर्विकल्पैहतः चेतसः स्युः ।
तत्खाद्यपयैः सुभृतेऽपि गेहे,
क्षुधातृषाभ्यां म्रियते स्वदोषात् ॥१२॥ उपजाति

"જે પ્રાણીનું ચિત્ત દુર્વિકલ્પોથી હણાયેલું છે તેને તપ-જપ વિગેરે ધર્મો પોતપોતાનું (આત્મિક) ફળ આપનારા થતા નથી, આવા પ્રકારનો પ્રાણી ખાન-પાન ભરેલાં ઘરમાં પણ પોતાના દોષોથી ભૂખ અને તરસ વડે મરણ પામે છે." ૧૨

अकृच्छ्रसाध्यं मनसो वशीकृतात्,
परं च पुण्यं न तु यस्य तद्वशम् ।

स वञ्चितः पुण्यचयैस्तदुद्भवैः,
फलैश्च ही ही हतकः करोतु किम् ? ॥१३॥ वंशस्थ

"વશ કરેલા મનથી મહા ઉત્તમ પ્રકારનું પુણ્ય બીલકુલ કષ્ટ વિનાનું સાધી શકાય છે. જેને મન વશ નથી તે પ્રાણી પુણ્યની રાશિથી છેતરાય છે. (એટલે પુણ્યબંધ થતો નથી અને તેથી થનારાં સારાં ફળ પણ પ્રાપ્ત થતાં નથી.) અહો ! અહો ! આવો હતભાગી જીવ બિચારો શું કરે? (શું કરી શકે?)" ૧૩

अकारणं यस्य च दुर्विकल्पैर्हतं
मनः शास्त्रविदोऽपि नित्यम् ।
घोरैरघैर्निश्चितनारकायुर्मृत्यौ-
प्रयाता नरके स नूनम् ॥१४॥ उपजाति

"જે પ્રાણીનું મન નિરર્થક માઠા સંકલ્પોથી નિરંતર પરાભવ પામે છે તે પ્રાણી ગમે તેવો વિદ્વાન હોય તો પણ ભયંકર પાપો વડે નારકીનું નિકાચિત આયુષ્ય બાંધે છે. અને મરણ પામે છે ત્યારે જરૂર નરકમાં જનારો થાય છે." ૧૪

योगस्य हेतुर्मनसः समाधिः, परं निदानं तपसश्च योगः ।
तपश्च मूलं शिववशर्मवल्ल्या, मनः समाधिं भज
तत्कथञ्चित् ॥१५॥ उपजाति

"મનની સમાધિ (એકાગ્રતા-રાગ, દ્વેષરહિતપણું) યોગનું કારણ છે. યોગ તપનું ઉત્કૃષ્ટ સાધન છે. અને તપ શિવસુખ વેલડીનું મૂળ છે. તેટલા માટે કોઈપણ રીતે મનની સમાધિ રાખ." ૧૫

**स्वाध्याययोगैश्चरणक्रियासु,**
**व्यापारणैर्द्वादशभावनाभिः ।**
**सुधीस्त्रियोगी सदसत्प्रवृत्ति-**
**फलोपयोगैश्च मनो निरुन्ध्यात् ॥१६॥** उपजाति

"સ્વાધ્યાય (શાસ્ત્રનો અભ્યાસ), યોગવહન, ચારિત્ર ક્રિયામાં વ્યાપાર, બારભાવના અને મન-વચન-કાયાના-શુભ-અશુભ પ્રવૃત્તિનાં ફળનાં ચિંતવનથી સુજ્ઞ પ્રાણી મનનો નિરોધ કરે." ૧૬

**भावनापरिणामेषु, सिंहेष्विव मनोवने ।**
**सदा जाग्रत्सु दुर्ध्यान सुकरा न विशंत्यपि ॥१७॥** अनुष्टप

"મનરૂપ વનમાં ભાવના અધ્યવસાયરૂપ સિંહો સદા જાગ્રત હોય ત્યારે- દુર્ધ્યાનરૂપ સુવરો તે વનમાં પ્રવેશ પણ કરી શકતા નથી." ૧૭

■ ● ■

# ૧૦ વૈરાગ્યોપદેશાધિકાર

किं जीव ! माद्यसि हसस्ययमीहसेऽर्थान्,
कामांश्च खेलसि तथा कुतुकैरशङ्कः ।
चिक्षिप्सु घोरनरकावटकोटरे त्वा-
मभ्यापतल्लघु विभावय मृत्युरक्षः ॥ १ ॥
आलम्बनं तव लवादिकुठारघाता-
श्छिन्दन्ति जीविततरुं न हि यावदात्मन् ! ।
तावद्यतस्व परिणामहिताय तस्मिं-
श्छिन्ने हि कः क्व च कथं भवतास्यतन्त्रः ॥ २ ॥

वसंततिलका

"અરે જીવ ! તું શું જોઈને અહંકાર કરે છે ? કેમ હસે છે? પૈસા અને કામભોગને શા માટે ઇચ્છે છે ? અને શા ઉપર નિ:શંક થઈને કુતૂહલથી ખેલ કરે છે? કારણ કે નરકના ઊંડા ખાડામાં ફેંકી દેવાની ઇચ્છાથી મૃત્યુ રાક્ષસ તારી નજીક ઉતાવળો આવતો જાય છે. તેનો વિચાર કર." ૧.

"જ્યાં સુધી લવ વિગેરે કુહાડાના પ્રહારો તારા આધાર-રૂપ જીવનવૃક્ષોનો છેદ કરે નહીં ત્યાં સુધીમાં હે આત્મન્ ! પરિણામે હિતને માટે યત્ન કર. તેનો છેદ થયા પછી તું પરતંત્ર થઈશ. એટલે પછી કોણ જાણે કોણ (શું) થઈશ. અને ક્યાં થઈશ અને કેવી રીતે થઈશ." ૨

त्वमेव मोग्धा मतिमांस्त्वमात्मन् !,
नेष्टाप्यनेष्टा सुखदुःखयोस्त्वम् ।
दाता च भोक्ता च तयोस्त्वमेव,
तच्चेष्टसे किं न यथा हिताप्तिः ? ॥३॥ उपजाति

"હે આત્મન્ ! તું જ મુગ્ધ (અજ્ઞાની) છે અને તું જ જાણકાર છે. સુખની વાંછા કરનાર અને દુઃખનો દ્વેષ કરનાર પણ તું જ છે. અને સુખ દુઃખને દેનાર અને ભોગવનાર પણ તું જ છે. ત્યારે તને પોતાને હિતની પ્રાપ્તિ થાય તેવા પ્રયાસ શા માટે કરતો નથી ?" ૩

कस्ते निरञ्जन ! चिरं जनरञ्जनेन,
धीमन् ! गुणोऽस्ति परमार्थदृशेति पश्य ।

तं रञ्जयाशु विशदैश्चरितैर्भवाब्धौ,
यस्त्वां पतन्तमबलं परिपातुमीष्टे ॥ ४ ॥ वसंततिलका

"હે નિર્લેપ ! હે બુદ્ધિમાન ! લાંબા વખત સુધી જનરંજન કરવાથી તને ક્યો ગુણ થશે તે પરમાર્થ દૃષ્ટિથી જો; અને વિશુદ્ધ આચરણ વડે તું તો તેનું (ધર્મનું) રંજન કર કે જે બળ વગરના તારા આત્માનું સંસાર સમુદ્રમાં પડતાં રક્ષણ કરવાને શક્તિમાન હોય." ૪.

विद्वानहं सकललब्धिरहं नृपोऽहं,
दाताहमद्भुतगुणोऽहमहं गरीयान् ।
इत्याद्यहङ्कृतिवशात्परि तोषमेति,
नो वेत्सि किं परभवे लघुतां भवित्रीम् ? ॥५ ॥ वसंततिलका

"હું વિદ્વાન છું, હું સર્વલબ્ધિવાળો છું, હું રાજા છું, હું દાનેશ્વરી છું, હું અદ્‌ભૂત ગુણવાળો છું, હું મોટો છું, આવા આવા અહંકારને વશ થઈને તું સંતોષ પામે છે; પણ પરભવમાં થનારી લઘુતા શું તું જાણતો નથી?" ૫.

वेत्सि स्वरूपफलसाधनबाधनानि,
धर्मस्य तं प्रभवसि स्ववशश्च कर्तुम् ।

तस्मिन् यतस्व मतिमन्नधुनेत्यमुत्र,
किञ्चित्त्वया हि न सेत्स्यति नभोत्स्यते वा ॥६ ॥

वसंततिलका

"तुं धर्मनुं स्वरूप, फळ, साधन अने बाधक जाणे छे अने तुं स्वतंत्र होईने धर्म करवाने समर्थ छे. ते माटे तुं हमणां ज (आ भवमां) ते करवा यत्न कर; कारण के आवता भवमां ताराथी कोईपण सिद्ध थई शकशे नहि अथवा जाणी शकाशे नहि." ६

धर्मस्यावसरोऽस्ति पुद्गलपरावर्तैरनन्तैस्तवा-
यातः सम्प्रति जीव ! हे प्रसहतो दुःखान्यनन्तान्ययम्।
स्वल्पाहः पुनरेष दुर्लभतमश्चास्मिन् यतस्वार्हतो,
धर्मं कर्तुमिमं विना हि नहि ते दुःखक्षयः कर्हिचित्
॥ ७ ॥ शार्दूलविक्रीडितम्

"हे चेतन! बहु प्रकारे अनेक दुःखो सहन करतां करतां अनंता पुद्गलपरावर्तन कर्या पछी हालमां तने आ धर्म करवानो अवसर प्राप्त थयो छे. ते पण थोडा दिवस चालशे. अने फरीफरी आवो अवसर मळवो मुश्केल छे; माटे अर्हत्

ધર્મ કરવામાં ઉદ્યમ કર. આ વગર તારાં દુ:ખોનો કદી પણ અંત થશે નહિ." ૭

गुणस्तुतीर्वाञ्छसि निर्गुणोऽपि,
सुखप्रतिष्ठादि विनापि पुण्यम् ।
अष्टांगयोग च विनापि सिद्धि -
र्वातूलता कापि नवा तवात्मन् । ॥ ८ ॥ उपजाति

"તારામાં ગુણ નથી તો પણ તું ગુણની પ્રશંસા થતી સાંભળવા ઇચ્છે છે. પુણ્ય વગર સુખ અને આબરૂ ઇચ્છે છે. તેમજ અષ્ટાંગયોગ વગર સિદ્ધિઓની વાંછા રાખે છે. તારૂં વાચાલપણું તો કોઇ વિચિત્ર લાગે છે." ૮

पदे पदे जीव ! पराभिभूतीः,
पश्यन् किमीर्ष्यस्यधमः परेभ्यः ।
अपुण्यमात्मानमवैषि किं न,
तनोषि किं वा न हि पुण्यमेव ? ॥ ९ ॥ उपजाति

"હે જીવ ! પારકાએ કરેલ પોતાનો પરાભવ જોઇને તું અધમપણે બીજાઓ તરફ શા માટે ઈર્ષા કરે છે ? તારા

પોતાના આત્માને નિષ્પુણ્યક (અપુણીઓ) કેમ સમજતો નથી? અથવા પુણ્ય કેમ કરતો નથી." ૯

**किं मर्दयन्निर्दयमङ्गिनो लघून्,**
**विचेष्टसे कर्मसु ही प्रमादतः ।**
**यदेकशोऽप्यन्यकृतार्दनः सहत्य-**
**नन्तशोऽप्यङ्ग्ययमर्दनं भवे ॥ १० ॥** वंशस्थ.

"તું પ્રમાદથી નાના જીવોને પીડા આપવાના કર્મમાં નિર્દયપણે શું કામ પ્રવૃત્તિ કરે છે ? પ્રાણી બીજાને જે પીડા એકવાર નિપજાવે તે જ પીડા ભવાંતરમાં તે અનંતવાર પામે છે." ૧૦

**यथा-सर्पमुखस्थोऽपि भेको जन्तूनि भक्षयेत् ।**
**तथा मृत्युमुखस्थोऽपि, किमात्मन्नर्दसेऽङ्गिनः ॥११॥**
अनुष्टुप्.

"જેમ સર્પનાં મુખમાં રહ્યા છતાં પણ દેડકો અન્ય જંતુઓનું ભક્ષણ કરે છે. તેમ હે આત્મન્ ! તું મૃત્યુના મુખમાં રહ્યા થકો પ્રાણીઓને કેમ પીડા આપે છે ?" ૧૧

**आत्मानमल्पैरिह वञ्चयित्वा,**
**प्रकल्पितैर्वा तनुचितसौख्यैः ।**

भवाधमे किं जन ! सागराणि,
सोढासि ही नारकदुःखराशीन् ॥१२॥ उपजाति

"હે મનુષ્ય! થોડા અને તે પણ માની લીધેલાં શરીરનાં અને મનનાં સુખ વડે આ ભવમાં તારા આત્માને છેતરીને અધમભવોમાં સાગરોપમ સુધી નારકીનાં દુઃખો સહન કરીશ." ૧૨

उरभ्रकाकिण्युदबिन्दुकाम्र-
वणिक्त्रयीशाकटभिशुकाद्यैः ।
निदर्शनैर्हारितमर्त्यजन्मा,
दुःखी प्रमादैर्बहु शोचितासि ॥ १३ ॥ उपजाति

"પ્રમાદ કરીને હે જીવ ! તું મનુષ્ય ભવ હારી જાય છે. અને તેથી દુઃખી થઇને બોકડો, કાકિણી, જળબિન્દુ, કેરી, ત્રણ વાણીઆ, ગાડું હાંકનાર, ભિખારી વિગેરેનાં દૃષ્ટાંતોની પેઠે તું બહુ દુઃખ પામીશ." ૧૩

पतङ्गभृङ्गैणखगाहिमीनद्वि-पद्विपारिप्रमुखाः प्रमादैः ।
शोच्या यथा स्युर्मृतिबन्ध- दुःखैश्चिराय भावी
त्वमपीति जन्तो ! ॥ १४ ॥ उपजाति

"પતંગીયું, ભમરો, હરણ, પક્ષી, સર્પ, માછલું, હાથી, સિંહ વિગેરે પ્રમાદથી એક એક ઈંદ્રિયના વિષયરૂપ પ્રમાદને વશ થઈ જવાથી જેમ મરણ, બંધન વિગેરે દુઃખોથી પીડા પામે છે તેમ હે જીવ ! તું પણ લાંબા વખત સુધી શોચ પામીશ." ૧૪.

पुराऽपि पापैः पतितोऽसि दुःख-
राशौ पुनर्मूढ । करोषि तानि ।
मज्जन्महापङ्किलवारिपूरे,
शिला निजे मूर्ध्नि गले च धत्से ॥ १५ ॥ उपजाति

"હે મૂઢ ! પૂર્વે પણ પાપ વડે તું દુઃખના ઢગમાં પડ્યો છે અને વલી હજુ પણ તે જ કરે છે. મહા કાદવવાળા પાણીના પૂરમાં પડતાં પડતાં ખરેખર તું તો તારે ગળે અને મસ્તકે મોટો પત્થર ધારણ કરે છે. !" ૧૫

पुनः पुनर्जीव तवोपदिश्यते,
बिभेषि दुःखात्सुखमीहसे च चेत् ।
कुरुष्व तत्किञ्चन येन वाञ्छितं,
भवेत्तवास्तेऽवसरोऽयमेव यत् ॥ १६ ॥ वंशस्थ

"હે ભાઈ ! અમે તો તને વારંવાર કહીએ છીએ કે જો તું દુઃખથી બીતો હોય અને સુખની ઈચ્છા રાખતો હોય તો તું કાંઈક એવું કર કે જેથી વાંછિત થઈ જાય, કારણ કે આ તને પ્રાપ્ત થયેલો અવસર છે. (આ તારો વખત છે.)" ૧૬.

धनाङ्गसौख्यस्वजनानसूनपि,
त्यज त्यजैकं न च धर्ममार्हतम् ।
भवन्ति धर्माद्धि भवे भवेऽर्थिता-
न्यमून्यमीभिः पुनरेष दुर्लभः ॥ १७ ॥ वंशस्थ

"પૈસો, શરીર, સુખ, સગા સંબંધીઓ, અને છેવટે પ્રાણ પણ તજી દે પણ એક વીતરાગ અર્હત્ પરમાત્માએ બતાવેલો ધર્મ તજીશ નહિ. ધર્મથી ભવોભવમાં આ પદાર્થો, (પૈસો, સુખ, વિગેરે) મળશે, પણ એથી (પૈસો વિગેરેથી) તો (ધર્મ) મળવો દુર્લભ છે." ૧૭.

दुखं यथा बहुविधं सहसेऽप्यकामः,
कामं तथा सहसि चेत्करूणादिभावैः ।
अल्पीयसापि तव तेन भवान्तरे स्या-
दात्यन्तिकी सकलदुःखनिवृत्तिरेव ॥१८॥ वसंततिलका

"વગર ઈચ્છાએ જેમ તું બહુ પ્રકારનાં દુઃખો સહન કરે છે. તેમજ જો તું કરૂણાદિક ભાવનાથી ઈચ્છાપૂર્વક થોડાં પણ દુઃખો સહન કરીશ તો ભવાંતરમાં હંમેશને માટે સર્વ દુઃખોની નિવૃત્તિ થશે જ." ૧૮.

**प्रगल्भसे कर्मसु पापकेष्वरे ।**
**यदाशया शर्म न तद्विनानितम् ।**
**विभावयंस्तच्च विनश्वरं द्रुतं,**
**बिभेषि किं दुर्गतिदुःखतो न हि ? ॥ १९ ॥** वंशस्थ

"જે સુખની ઈચ્છાથી તું પાપકર્મોમાં મૂર્ખાઈથી તલાલીન થાય છે તે સુખો તો જીવિતવ્ય વગર કાંઈ કામના નથી. અને જિંદગી તો શીઘ્ર નાશવંત છે એમ જ્યારે તું સમજે છે ત્યારે અરે ભાઈ! તું દુર્ગતિનાં દુઃખથી કેમ બીતો નથી?" ૧૯

**कमार्णि रे जीव ! करोषि तानि,**
**यैस्ते भवित्र्यो विपदो ह्यनन्ताः ।**
**ताभ्यो भिया तद्दधसेऽधुना किं,**
**संभाविताभ्योऽपि भृशाकुलत्वम् ? ॥ २० ॥** इन्द्रवज्रा

"હે જીવ! તું કર્મો એવાં કરે છે કે જેના વડે તને ભવિષ્યમાં અનંત આપત્તિઓ થાય, ત્યારે સંભવિત એવી

વિપત્તિઓના ભયથી અત્યારે અત્યંત આકુળ-વ્યાકુળ શા માટે થાય છે ?" ૨૦

यो पालिता वृद्धिमिताः सहैव,
स्निग्धा भृशं स्नेहपदं च ये ते ।
यमेन तानप्यदयं गृहीतान्,
ज्ञात्वाऽपि किं न त्वरसे हिताय ? ॥ २१ ॥ उपजाति

"જે તારી સાથે પળાયા, પોષાયા એ મોટા પણ સાથે થયા, વળી જેઓ અત્યંત સ્નેહી હતા એ જે તારા પ્રેમપાત્ર હતા. તેઓને યમરાજે નિર્દયપણે ગ્રહણ કર્યા છે એમ જાણીને પણ તું સ્વહિત કરવા માટે કેમ ઉતાવળ કરતો નથી?" ૨૧

यै क्लिश्यसे त्वं धनबन्ध्वपत्य-
यशः प्रभुत्वादिभिराशयस्थैः ।
कियानिह पेत्य च तै र्गुणस्ते,
साध्यः किमायुश्च विचारयैवम् ? ॥ २२ ॥ उपजाति

"કલ્પનામાં રહેલાં એવા ધન, સગાં, પુત્ર, યશ, પ્રભુત્વ વિગેરેથી (વિગેરે માટે) તું ક્લેશ પામે છે; પણ તું વિચાર

કર કે આ ભવમાં અને પરભવમાં તેઓથી કેટલા ગુણ સાધી શકાય તેમ છે અને તારૂં આયુષ્ય કેટલું છે?" ૨૨

किमु मुह्यसि गत्वरैः पृथक्-
कृपणैर्बन्धुवपुः परिग्रहैः ? ।
विमृशस्व हितोपयोगिनो-
ऽवसरेऽस्मिन् परलोकपान्थ रे ॥ २३ ॥ गीति

" હે પરલોકે જનારા પંથી ! જુદા જુદા ચાલ્યા જનારા અને તુચ્છ એવા બંધુ, શરીર અને પૈસાથી તું શું મોહ પામે છે ? આ વખતે તારા સુખમાં વધારો કરે તેવા ઉપાયો ખરેખરા ક્યા છે તે જ વિચાર." ૨૩

सुखमास्से सुखं शेषे भुङ्क्षे पिबसि खेलसि ।
न जाने त्वग्रतः पुण्यै-र्विना ते किं भविष्यति ?
॥ २४ ॥ अनुष्टुप्

"સુખે બેસે છે, સુખે સુએ છે, સુખે ખાય છે, સુખે પીએ છે અને સુખે ખેલે છે; પણ આગળ પુણ્ય વગર તારા શા હાલ થશે તે હું જાણતો નથી." ૨૪

शीतात्तापान्मक्षिकाकत्तृणादि-
स्पर्शाद्युत्थात्कष्टतोऽल्पाद्बिभेषि ।
तास्ताश्चैभिः कर्मभिः स्वीकरोषि,
श्वभ्रादीनां वेदना धिग् धियं ते ! ॥ २५ ॥ शालिनी

"ટાઢ, તડકો, માખીના ડંસ અને કર્કશ તૃણાદિના સ્પર્શથી થયેલાં બહું થોડાં અને થોડાં વખત સુધી ચાલે તેવાં કષ્ટથી તું ડરી જાય છે અને તારાં પોતાના કૃત્યોથી પ્રાપ્ત થનારી નરક નિગોદની મહાવેદનાઓને અંગીકાર કરે છે. રંગ છે તારી અક્કલને !" ૨૫

क्वचित्कषायैः क्वचन प्रमादैः,
क्कदाग्रहैः क्वपि च मत्सराद्यैः ।
आत्मानमात्मन् ! कलुषीकरोषि,
बिभेषि धिङ्नो नरकादधर्मा ॥ २६ ॥ उपजाति

હે આત્મન્ ! કોઈ વખત કષાય કરીને, કોઈ વખત પ્રમાદ કરીને, કોઈ વખત કદાગ્રહ કરીને અને કોઈ વખત મત્સર વિગેરે કરીને આત્માને મલિન કરે છે અરે તને ધિક્કાર છે ! તું આવો અધર્મી કે નરકથી પણ બીતો નથી?" ૨૬

## ૧૧ ધર્મશુદ્ધ્યુપદેશાધિકાર

भवेद्भवापायविनाशनाय यः,
तमज्ञ ! धर्म कलुषीकरोषि किम् ? ।
प्रमादमानोपधिमत्सरादिभि-
र्न मिश्रितं ह्यौषधमामयापहम् ॥ १ ॥ वंशस्थविल

"હે મૂર્ખ! જે ધર્મ તારી સંસાર સંબંધી વિટંબણાનો નાશ કરનાર છે, તે જ ધર્મને પ્રમાદ, માન, માયા, મત્સર વિગેરે વડે શા માટે મલિન કરે છે ? (તારા મનમાં ચોક્કસ સમજજે કે) મિશ્રિત ઔષધ વ્યાધિનો નાશ કરી શક્તું નથી." ૧

शैथिल्यमात्सर्यकदाग्रहक्रुधो-
ऽनुतापदम्भाविधिगौरवाणि च ।
प्रमादमानौ कुगुरुः कुसंगतिः,
श्लाघार्थिता वा सुकृते मला इमे ॥ २ ॥ उपजाति

"સુકૃત્યમાં આટલા પદાર્થો મેલ રૂપે છે- શિથિલતા, મત્સર, કદાગ્રહ, ક્રોધ, અનુતાપ, દંભ, અવિધિ, ગૌરવ, પ્રમાદ, માન, કુગુરુ, કુસંગ, આત્મપ્રશંસા શ્રવણની ઈચ્છા

આ સર્વ પુણ્યરાશિમાં મેલ રૂપ છે." ૨

यथा तवेष्टा स्वगुणप्रशंसा,
तथा परेषामिति मत्सरोज्झी ।
तेषामिमां सन्तनु यल्लभेथास्तां-
नेष्टदानाद्धि विनेष्टलाभः ॥ ३ ॥ उपजाति

"જેવી રીતે તને તારા પોતાના ગુણોની પ્રશંસા વ્હાલી છે તેવી રીતે બીજાઓને પણ પોતાના ગુણની પ્રશંસા વ્હાલી હોય છે. તેથી મત્સર તજી દઈને તેઓના ગુણની પ્રશંસા સારી રીતે કરવા માંડ જેથી તને પણ તે મળે (એટલે તારા ગુણોની પ્રશંસા થાય) કારણ કે વહાલી વસ્તુ આપ્યા વગર વહાલી વસ્તુ મળતી નથી." ૩

जनेषु गृह्णत्सु गुणान् प्रमोदसे,
ततो भवित्री गुणरिक्तता तव ।
गृह्णत्सु दोषान् परितप्यसे च चेद्,
भवन्तु दोषास्त्वयि सुस्थिरास्ततः ॥ ४ ॥ वंशस्थ

"બીજા માણસો તારા ગુણની પ્રશંસા કરે ત્યારે તું હર્ષ પામીશ તો તારામાં ગુણની શૂન્યતા થશે, અને લોકો તારા દોષો ગ્રહણ કરે ત્યારે ખેદ પામીશ તો તે દોષો તારામાં

નિશ્ચયદૃઢ થશે." ૪

प्रमोदसे स्वस्य यथान्यनिर्मितैः,
स्तवैस्तथा चैत्प्रतिपन्थिनामपि ।
विगर्हणैः स्वस्य यथोपतप्यसे,
तथा रिपूणामपि चेत्ततोऽसि वित् ॥ ५ ॥ वंशस्थ

"બીજા માણસોએ કરેલી તારી પ્રશંસા સાંભળીને જેમ તું ખુશી થાય છે તેવી જ રીતે શત્રુની પ્રશંસા સાંભળીને પણ તને પ્રમોદ થાય, અને જેવી રીતે પોતાની નિંદા સાંભળીને ખેદ પામે છે, તેવી જ રીતે શત્રુની નિંદા સાંભળીને ખેદ પામે ત્યારે તું ખરેખરો જાણકાર એમ સમજવું." ૫

स्तवैर्यथा स्वस्य विगर्हणैश्च,
प्रमोदतापौ भजसे तथा चेत् ।
इमौ परेषामपि तैश्चतुर्ष्वप्यु-
दासतां वासि ततोऽर्थवेदी ॥ ६ ॥ उपेन्द्रवज्रा

"જેવી રીતે પોતાની પ્રશંસા અને નિંદાથી અનુક્રમે આનંદ ખેદ પામે છે તેવી જ રીતે પરની નિંદા અને પ્રશંસાથી ખેદ અને આનંદ થતો હોય અથવા તે ચારે ઉપર ઉદાસીન

વૃત્તિ રાખતો હોય તો તું ખરા અર્થનો જાણકાર છે." ૬

**भवेन्न कोऽपि स्तुतिमात्रतो गुणी,**
**ख्यात्या न बह्वयापि हितं परत्र च ।**
**तदिच्छुरीर्ष्यादिभिरायतिं ततो,**
**मुधाभिमानग्रहिलो निहंसि किम् ॥ ७ ॥** उपजाति

"લોક વખાણ કરે તેથી કોઇ ગુણી થતો નથી, વળી ખ્યાતિથી પણ આવતા ભવમાં હિત થવાનું નથી, તારે જો આવતા ભવમાં તારૂં સારૂં કરવાની ઇચ્છા છે તો નકામો અભિમાનને વશ થઇને ઈર્ષા વગેરે કરી આવતો ભવ શા માટે બગાડે છે." ૭.

**सृजन्ति के के न बहिर्मुखा जनाः,**
**प्रमादमात्सर्यकुबोधविप्लुताः ? ।**
**दानादिधर्माणि मलीमसान्यमून्य-**
**पेक्ष्य शुद्धं सुकृतं चराण्वपि ॥८॥** वंशस्थविल

"પ્રમાદ મત્સર, અને મિથ્યાત્વથી ઘેરાયેલા કેટલાક સામાન્ય માણસો દાન વિગેરે ધર્મ કરે છે. પણ આ ધર્મો મલિન છે. તો તેઓની ઉપેક્ષા કરી શુદ્ધ સુકૃત્ય જરા એક-

એક અણુ જેટલું જ કર." ૮

आच्छादितानि सुकृतानि यथा दधन्ते,
सौभाग्यमत्र न तथा प्रकटीकृतानि ।
व्रीडानताननसरोजसरोजनेत्रा-
वक्षः स्थलानि कलितानि यथा दुकूलैः ॥९॥ वसंततिलका

"આ દુનિયામાં ગૂઢ પુણ્યકર્મ-સુકૃત્યો જેવી રીતે સૌભાગ્ય આપે છે તેવી રીતે પ્રકટ કરેલાં સુકૃત્યો આપતાં નથી જેમકે લજ્જાથી નમાવ્યું છે મુખકમળ જેણે એવી કમળનયના સ્ત્રીનાં સ્તનમંડળ વસ્ત્રથી આચ્છાદિત હોય ત્યારે જેટલી શોભા આપે છે તેટલી શોભા ઉઘાડા હોય ત્યારે આપતા નથી." ૯

स्तुतैः श्रुतैर्वाप्यैरनिरीक्षिते-
र्गुणस्तवात्मन् ! सुकृतैर्न कश्चन ।
फलन्ति नैव प्रकटीकृतैर्भुवो,
द्रुमा हि मूलै र्निपतन्त्यपि त्वधः ॥१०॥ वंशस्थविल

"તારા ગુણો અથવા તારા સુકૃત્યોની બીજા સ્તુતિ કરે અથવા સાંભળે અથવા તારાં સારાં કામો બીજા જુએ, તેથી

હે ચેતન ! તને કાંઈપણ લાભ નથી. જેમકે ઝાડના મૂળ ઉઘાડાં કરી નાંખ્યા હોય તો ઝાડ ફળતા નથી, પણ ઉલટાં ઉખડી જઈને ભોંય પર પડે છે. તેમજ સારાં કામો પણ ઉઘાડા પડવાથી ભોંય પડે છે." ૧૦

तपः क्रियावश्यकदानपूजनैः,
शिवं न गन्ता गुणमत्सरी जनः ।
अपथ्यभोजी न निरामयो-
भवेद्रसायनैरप्यतुलैर्यदातुरः ॥११॥ वंशस्थविल

"ગુણ ઉપર મત્સર કરનાર પ્રાણી તપશ્ચર્યા, આવશ્યક ક્રિયા, દાન અને પૂજાથી મોક્ષે જતો નથી, જેમકે માંદો માણસ જો અપથ્ય ભોજન કરતો હોય તો પછી તે ગમે તેટલું રસાયણ ખાય તો પણ તે સાજો ન થાય." ૧૧

मन्त्रप्रभारत्नरसायनादि- निदर्शनादल्पमपीह शुद्धम् ।
दानार्चनावश्यकपौषधादि, महाफलं पुण्यमितो
ऽन्यथाऽन्यत् ॥१२॥ उपजाति

"મંત્ર, પ્રભા, રત્ન, રસાયણ વિગેરેનાં દૃષ્ટાંતથી (જણાય છે કે) દાન, પૂજા, આવશ્યક, પૌષધ વિગેરે (ધર્મક્રિયા) બહુ

થોડાં હોય તો પણ જો શુદ્ધ હોય તો તે મહાફળ આપે છે, અને બહુ હોય છતાં અશુદ્ધ હોય તો ત મોક્ષરૂપ ફળ આપતાં નથી." ૧૨

दीपो यथाल्पोऽपि तमांसि हन्ति,
लवोऽपि रोगान् हरते सुधायाः ।
तृण्यां दहत्याशु कणोऽपि चाग्ने-
र्धर्मस्य लेशोऽप्यमलस्तथांहः ॥१३॥ उपजाति

"એક નાનો દીવો પણ અંધકારને હણી નાંખે છે, અમૃતનું એક ટીપું પણ અનેક રોગોનો નાશ કરે છે અને અગ્નિની એક ચિનગારી ખળના મોટા ઢગલાને બાળી મૂકે છે તેવી જ રીતે જો ધર્મનો અંશ પણ નિર્મળ હોય તો તે પાપને હણી નાખે છે." ૧૩.

भावोपयोगशून्याः, कुर्वन्नावश्यकी क्रियाः सर्वाः ।
देहक्लेशं लभसे, फलमाप्स्यसि नैव पुनरासाम् ।१४।
आर्या

"ભાવ અને ઉપયોગ વગર સર્વ આવશ્યક ક્રિયા કરતાં તને માત્ર કાયક્લેશ (શરીરની મજૂરી) થશે, પણ તું તેઓનું ફળ મેળવી શકીશ નહીં જ." ૧૪.

# ૧૨ દેવ-ગુરુ-ધર્મશુદ્ધ્યાધિકાર

तत्त्वेषु सर्वेषु गुरुः प्रधानं,
हितार्थधर्मा हि तदुक्तिसाध्याः ।
श्रयंस्तमेवेत्यपरीक्ष्य मूढ ।
धर्मप्रयासान् कुरुषे वृथैव ॥ १ ॥ उपजाति

"સર્વતત્ત્વોમાં ગુરુ મુખ્ય છે, આત્મહિત માટે જે જે ધર્મો કરવાના છે. તે તે તેઓના કહેવાથી સાધી શકાય છે. હે મૂર્ખ ! તેઓની પરીક્ષા કર્યા વગર જો તું તેઓનો આશ્રય કરીશ તો તારા ધર્મ સંબંધી કરાતા પ્રયાસો (ધર્મના કામમાં કરવામાં આવતી મહેનત) નકામા થશે." ૧

भवी न धर्मैरविधिप्रयुक्तैर्गमी-
शिवं येषु गुरुर्न शुद्धः ।
रोगी हि कल्यो न रसायनै-
स्तैर्येषां प्रयोक्ता भिषगेव मूढः ॥ २ ॥ उपजाति

"જ્યાં ધર્મના બતાવનાર ગુરુ શુદ્ધ નથી ત્યાં અવિધિએ ધર્મો કરવાથી પ્રાણી મોક્ષે જઈ શક્તો નથી. જે રસાયણ

ખવરાવનાર વૈદ્ય મૂર્ખ હોય તે ખાવાથી વ્યાધિગ્રસ્ત પ્રાણી નિરોગી થઈ શક્તો નથી." ૨

समाश्रितस्तारकबुद्धितो यो,
यस्यास्त्यहो मज्जयिता स एव ।
ओघं तरीता विषमं कथं स,
तथैव जन्तुः कुगुरोर्भवाब्धिम् ॥ ३ ॥ उपजाति

"આ પુરુષ તરવાને સમર્થ છે. એવી બુદ્ધિથી જેનો આશ્રય કરનારનો જ્યારે આશ્રય આપનાર જ ડૂબાવનાર થાય ત્યારે પછી આ આકરો (અથવા ચપળ) પ્રવાહ તે પ્રાણી કેવી રીતે તારી શકશે? તેવી જ રીતે કુગુરુ આ પ્રાણીને સંસાર સમુદ્રથી કેવી રીતે તારશે?" ૩.

गजाश्वपोतोक्षरथान् यथेष्टपदा-
प्तये भद्र ! निजान् परान् वा ।
भजन्ति विज्ञाः सुगुणान् भजैवं,
शिवाय शुद्धान् गुरुदेव धर्मान् ॥ ४ ॥ उपेन्द्रवज्रा

"હે ભદ્ર! જેવી રીતે ડાહ્યા પ્રાણિઓ ઈચ્છિત જગ્યાએ પહોંચવા સારૂં પોતાનાં અથવા પારકાં હાથી, ઘોડા, વહાણ,

બળદ, અને રથો સરસ જોઈને રાખી લે છે તેવી જ રીતે મોક્ષ મેળવવા શુદ્ધ દેવ-ગુરુ-ધર્મને ભજ." ૪

फलाद् वृथाः स्युः कुगुरुपदेशतः,
कृता हि धर्मार्थमपीह सूद्यमाः ।
तद् दृष्टिरागं परिमुच्य भद्र हे !
गुरुं विशुद्धं भज चेद्धितार्थ्यसि ॥ ५ ॥ वंशस्थ

"સંસાર યાત્રામાં કુગુરુના ઉપદેશથી ધર્મને માટે કરેલા મોટા પ્રયાસ પણ ફળની બાબતમાં જોઈએ તો વૃથા નીવડે છે. તેટલા માટે હે ભાઈ ! જો તું હિતની ઈચ્છા રાખતો હોય તો દૃષ્ટિરાગ પડતો મૂકીને અત્યંતશુદ્ધ ગુરુને ભજ." ૫

न्यस्ता मुक्तिपथस्य वाहकतया श्रीवीर! ये प्राक्त्वया,
लुण्टाकास्त्वदृतेऽभवन् बहुतरास्त्वच्छासने ते कलौ।
बिभ्राणा यतिनाम तत्तनुधियां मुष्णन्ति पुण्यश्रियः,
पुत्कुर्मःकिमराजके ह्यपि तलारक्षा न किं दस्यवः ?
॥ ६ ॥ शार्दूलविक्रीडितम्

"હે વીરપરમાત્મા ! મોક્ષમાર્ગના વહન કરનારા તરીકે (સાર્થવાહ તરીકે) જેને તેં પૂર્વે મૂક્યા હતા, (સ્થાપિત કર્યા

હતા) તેઓ કળિકાળમાં, તારી ગેરહાજરીમાં, તારા શાસનનાં મોટા લુંટારા થઈ પડ્યા છે. તેઓ યતિનું નામ ધારણ કરીને અલ્પબુદ્ધિવાળા પ્રાણીઓની પુણ્યલક્ષ્મી ચોરી લે છે. અમારે તે હવે શું પોકાર કરવો ? ધણી વગરનું રાજ્ય હોય ત્યાં કોટવાળ પણ શું ચોર નથી થતા ?" ૬.

**माद्यस्यशुद्धैर्गुरुदेवधर्मै-**
**र्धिग् दृष्टिरागेण गुणानपेक्षः ।**
**अमुत्र शोचिष्यसि तत्फले तु,**
**कुपथ्यभोजीव महामयार्त्तः ॥ ७ ॥** उपजाति

"દૃષ્ટિરાગથી ગુણની અપેક્ષા વગર તું અશુદ્ધ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે હર્ષ બતાવે છે તે માટે તને ધિક્કાર છે ! જેવી રીતે કુપથ્ય ભોજન કરનાર મહાપીડા પામીને હેરાન થાય છે. તેવી જ રીતે આવતા ભવમાં તું (કુદેવ-ગુરુ-ધર્મસેવન) તેનું ફળ પામીને શોચ કરીશ." ૭.

**नाम्रं सुसिक्तोऽपि ददाति निम्बकः,**
**पुष्टा रसैर्वन्ध्यगवी पयो न च ।**
**दुःस्थो नृपो नैव सुसेवितः श्रियं,**
**धर्मं शिवं वा कुगुरुर्न संश्रितः ॥ ८ ॥** इन्द्रवंशा

“સારી રીતે સીંચેલો પણ લીંબડો કેરી આપતો નથી, (શેરડી, ઘી, તેલ વિગેરે) રસ ખવરાવીને પુષ્ટ કરેલી વંધ્યા ગાય દૂધ દેતી નથી; (રાજ્યભ્રષ્ટતાં જેવાં) ખરાબ સંજોગોમાં આવેલા રાજાની સારી રીતે સેવા કરી હોય તો પણ તે લક્ષ્મી આપી ન્યાલ કરતો નથી, તેવી જ રીતે, કુગુરુને આશ્રય કરવાથી તે શુદ્ધ ધર્મ અને મોક્ષ આપી અપાવી શક્તા નથી.૮

कुलं न जातिः पितरौ गणो वा,
विद्या च बन्धुः स्वगुरुर्धनं वा ।
हिताय जन्तोर्न परं च किञ्चित् ,
किन्त्वादृताः सद्गुरुदेवधर्माः ॥ ९ ॥ उपजाति

“કુલ, જાતિ મા-બાપ, મહાજન, વિદ્યા, સગાં, સંબંધીઓ, કુળગુરુ અથવા પૈસા કે બીજી કોઈ પણ વસ્તુ આ પ્રાણીના હિતને માટે થતી નથી. પરંતુ, આદરેલા (આરાધન કરેલા) શુદ્ધ દેવ-ગુરુ અને ધર્મ જ હિત કરનાર થાય છે. ૯

माता पिता स्वः सुगुरुश्च तत्त्वा-
त्प्रबोध्य यो योजति शुद्धधर्मे ।
न तत्समोऽरिः क्षिपते भवाब्धौ,
यो धर्मविघ्नादिकृतेश्च जीवम् ॥ १० ॥ उपजाति

"જે ધર્મનો બોધ આપીને શુદ્ધધર્મમાં જોડે તે જ તત્ત્વથી ખરેખરાં મા-બાપ, તે જ ખરેખરાં પોતાના હિતસ્વી અને તે જ સુગુરુ સમજવા, જે આ જીવને સુકૃત્ય અથવા ધર્મના વિષયમાં અંતરાય કરીને સંસાર સમુદ્રમાં ફેંકી દે છે. તેના સરખો કોઈ દુશ્મન નથી." ૧૦

दाक्षिण्यलज्जे गुरुदेवपूजा,
पित्रादिभक्तिः सुकृताभिलाषः ।
परोपकारव्यवहारशुद्धी,
नृणामिहामुत्र च संपदे स्युः ॥ ११ ॥ उपजाति

"દાક્ષિણ્યતા-લજ્જાળુપણું, ગુરુ અને દેવની પૂજા, મા-બાપ વગેરે વડીલ તરફ ભક્તિ, સારાં કાર્યો કરવાની અભિલાષા, પરોપકાર અને વ્યવહારશુદ્ધિ મનુષ્યને આ ભવમાં અને પરભવમાં સંપત્તિ આપે છે." ૧૧

जिनेष्वभक्तिर्यमिनामवज्ञा,
कर्मस्वनौचित्यमधर्मसङ्गः ।
पित्राद्युपेक्षा परवञ्चनं च,
सृजन्ति पुंसां विपदः समन्तात् ॥ १२ ॥ उपजाति

"જિનેશ્વર ભગવંત તરફ અભક્તિ (આશાતના) સાધુઓની અવગણના, વ્યાપારાદિમાં અનુચિત પ્રવૃત્તિ, અધર્મીનો સંગ, મા-બાપ વગેરેની સેવા કરવામાં ઉપેક્ષા (બેદરકારી)અને પરવંચના (બીજાને ઠગવું તે). આ સર્વ પ્રાણીને માટે ચોતરફથી આપદાઓ ઉત્પન્ન કરે છે." ૧૨

**भक्त्यैव नार्चसि जिनं सुगुरोश्च धर्मं,**
**नाकर्णयस्यविरतं विरतीर्न धस्ते ।**
**सार्थं निरर्थमपि च प्रचिनोष्यधानि,**
**मूल्येन केन तदमुत्र समीहसे शम् ? ॥ १३ ॥** वसंततिलका

"હે ભાઈ! તું ભક્તિથી શ્રી જિનેશ્વર ભગવાનની પૂજા કરતો નથી, તેમજ સારા ગુરુમહારાજની સેવા કરતો નથી, નિરંતર ધર્મ સાંભળતો નથી, વળી વિરતિ(પાપથી પાછા હટવું-વ્રત-પચ્ચક્ખાણ કરવાં તે)ને તો ધારણ પણ કરતો નથી, વળી પ્રયોજને કે વિનાપ્રયોજને પાપને પુષ્ટિ આપે છે. ત્યારે તું શું કિંમતે આવતા ભવમાં સુખ મેળવવાની ઈચ્છા રાખે છે? ૧૩

**चतुष्पदैः सिंह इव स्वजात्यैर्मिल-**
**न्निमांस्तारयतीह कश्चित् ।**

सहैव तैर्मज्जति कोऽपि दुर्गे,
शृगालवच्चेत्यमिलन् वरं सः ॥ १४ ॥ उपेन्द्रवज्रा

"જેવી રીતે પોતાની જાતિના પ્રાણીઓને મળીને સિંહે તાર્યા હતા, તેવી રીતે કોઈક (સુગુરુ) પોતાના જાતિભાઈ (ભવ્ય પંચેન્દ્રિય)ને મળીને આ સંસાર સમુદ્રથી તારે છે, અને જેવી રીતે શિયાળ પોતાના જાતિભાઈઓની સાથે ડુબી મૂઓ, તેવી રીતે કોઈક (કુગુરુ) પોતાની સાથે સર્વને નરકાદિ અનંત સંસારમાં ડુબાડે છે. માટે આવા શિયાળ જેવા પુરુષ તો ન મળ્યા હોય તો જ સારૂં." ૧૪.

पूर्णे तटाके तृषितः सदैव,
भृतेऽपि गेहे क्षुधितः स मूर्खः ।
कल्पद्रुमे सत्यपि ही दरिद्रो,
गुर्वादियोगेऽपि हि यः प्रमादी ॥ १५ ॥ उपजाति

"ગુરુમહારાજ વિગેરેની બરાબર જોગવાઈ છતાં પણ જે પ્રાણી પ્રમાદ કરે તે તળાવ પાણીથી ભરેલું છે, છતાં પણ તરસ્યો છે. (ધન-ધાન્યથી) ઘર ભરપૂર છે. છતાં પણ તે મૂર્ખ તો ભૂખ્યો છે. અને પોતાની પાસે કલ્પવૃક્ષ છે તો પણ તે તો દરિદ્ર જ છે." ૧૫

न धर्म चिन्ता गुरुदेवभक्ति-
र्येषां न वैराग्यलवोऽपि चित्ते ।
तेषां प्रसूक्लेशफलः पशूना-
मिवोद्भवः स्यादुदरम्भरीणाम् ॥ १६ ॥ उपजाति

"જે પ્રાણીને ધર્મ સંબંધી ચિંતા, ગુરુ અને દેવ તરફ ભક્તિ અને વૈરાગ્યનો અંશ માત્ર પણ ચિત્તમાં હોય નહિ. તેવા પેટભરાઓનો જન્મ પશુની-પેઠે જણનારીને ક્લેશ આપનારો જ છે." ૧૬

न देवकार्ये च सङ्घकार्ये,
येषां धनं नश्वरमाशु तेषाम् ।
तदर्जनाद्यैर्वृजिनैर्भवाब्धौ,
पतिष्यतां किं त्ववलम्बनं स्यात् ॥ १७ ॥ उपजाति

"ધન-પૈસો એકદમ નાશવંત છે. આવા પૈસા જેની પાસે હોય છે તેઓ જો તેને દેવકાર્યમાં અથવા સંઘકાર્યમાં વાપરતા નથી તો તેઓને સદરહુ દ્રવ્ય મેળવવા માટે કરેલાં પાપોથી સંસાર સમુદ્રમાં પડતાં-પડતાં આધાર કોનો થશે ?" ૧૭.

■ ● ■

# ૧૩ યતિશિક્ષોપદેશાધિકાર

ते तीर्णा भववारिधिं मुनिवरास्तेभ्यो नमस्कुर्महे,
येषां नो विषयेषु गृध्यति मनो नो वा कषायैः प्लुतम् ।
रागद्वेषविमुक् प्रशान्तकलुषं साम्याप्तशर्माद्वयं,
नित्यंखेलतिचाप्तसंयमगुणाक्रीडे भजद्भावनाः ॥१॥

शार्दूलविक्रीडितं

"જે મહાત્માઓનું મન ઈંદ્રિયોના વિષયમાં આસક્ત થતું નથી, કષાયોથી વ્યાપ્ત થતું નથી, જે (મન)રાગ-દ્વેષ મુક્ત રહે છે, જેણે પાપ કાર્યોને શાંત પમાડ્યા છે, જેણે સમતા વડે અદ્વૈત સુખ પ્રાપ્ત કર્યું છે અને જે ભાવના ભાવતા ભાવતા આત્મ-સંયમ ગુણોરૂપી ઉદ્યાનમાં હંમેશા ખેલે છે- આવા પ્રકારનું જેનું મન થયેલું છે તે મહામુનિશ્વરો આ સંસારરૂપ સમુદ્ર તરી ગયા છે અને તેઓને અમે નમસ્કાર કરીએ છીએ. ૧

स्वाध्यायमाधित्ससि नो प्रमादैः,
शुद्धा न गुप्तीः समितीश्च धत्से।

तपो द्विधा नार्जसि देहमोहाद-
ल्पेऽहि हेतौ दधसे कषायान् ॥ २ ॥
परिषहान्नो सहसे न चोपसर्गान्न-
शीलाङ्गधरोऽपि चासि ।
तन्मोक्ष्यमाणोऽपि भवाब्धिपारं,
मुने! कथं यास्यसि वेषमात्रात् ॥ ३ ॥ उपजाति, युग्मम्

"હે મુનિ ! તું વિકથાદિ પ્રમાદ કરીને સ્વાધ્યાય કરવા ઈચ્છતો નથી, વિષયાદિ પ્રમાદથી સમિતિ અને ગુપ્તિ પાળતો નથી, શરીર પર મમત્વથી બંને પ્રકારના તપ કરતો નથી. નજીવા કારણથી કષાય કરે છે, પરિષહ તથા ઉપસર્ગ સહન કરતો નથી, (અઢાર હજાર) શીલાંગ ધારણ કરતો નથી તે છતાં તું મોક્ષ મેળવવા ઈચ્છે છે, પણ હે મુનિ ! વેશમાત્રથી સંસાર સમુદ્રનો પાર કેવી રીતે પામીશ?" ૨-૩

आजीविकार्थमिह यद्यतिवेषमेष ।
धत्से चरित्रममलं न तु कष्टभीरुः ।
तद्वेत्सि किं न न बिभेति जगज्जिघृक्षु-
र्मृत्युः कुतोऽपिनरकश्च न वेषमात्रात् ॥४॥ वसंततिलका

"તું આજીવિકા માટે જ સંસારમાં યતિનો વેશ ધારણ કરે છે પણ કષ્ટથી ડરી જઈને શુદ્ધ ચારિત્ર પાળતો નથી. પણ તને ખબર નથી કે તમામ જગત્‌ને ગ્રહણ કરવાની ઈચ્છાવાળું મૃત્યુ અને નરક કાંઈ કોઈપણ પ્રાણીના વેષ ઉપરથી ડરી જતાં નથી." ૪

**वेषेण माद्यसि यतेश्चरणं विनात्मन् !,**
**पूजां च वाञ्छसि जनाद्बहुधोपधिं च ।**
**मुग्धप्रतारणभवे नरकेऽसि गन्ता,**
**न्यायं बिभर्षि तदजागलकर्तरीयम् ।।५।।** वसंततिलका

"હે આત્મન્ ! તું વર્તન (ચારિત્ર)વગર માત્ર યતિનાં વેશથી જ મક્કમ રહે છે(અહંકાર કરે છે) અને વળી લોકોની પૂજાની અપેક્ષા રાખે છે અને અનેક પ્રકારે વસ્ત્ર પાત્રાદિ ઉપધિ મેળવવાની ઈચ્છા રાખે છે, તેથી ભોળા વિશ્વાસ રાખનારા લોકોને છેતરવાથી પ્રાપ્ત કરેલ નરકમાં તું જરૂર જવાનો છે એમ લાગે છે. ખરેખર ! તું 'અજાગળ કર્તરીન્યાય' ધારણ કરે છે." ૫

**जानेऽस्ति संयमतपोभिरमीभिरात्म-**
**न्नस्य प्रतिग्रहभरस्य न निष्क्रयोऽपि ।**

किं दुर्गतौ निपततः शरणं तवास्ते-
सौख्यञ्च दास्यति परत्र किमित्यवेहि ॥ ६ ॥ वसंततिलका

"મારા જાણવા પ્રમાણે હે આત્મન્ ! આવા પ્રકારના સંયમ અને તપથી તો (ગૃહસ્થ પાસેથી-લીધેલાં પાત્ર, ભોજન વિગેરે) વસ્તુઓનું ભાડું પણ પુરૂં થતું નથી. ત્યારે દુર્ગતિમાં પડતાં તને શું શરણ થશે? અને પરલોકમાં સુખ કોણ આપશે? તેનો વિચાર કર." ૬

किं लोकसत्कृतिनमस्करणार्चनाद्यै,
रे मुग्ध! तुष्यसि विनापि विशुद्धयोगान् ।
कृन्तन् भवान्धुपतने तव यत्प्रमादो,
बोधिद्रुमाश्रयमिमानि करोति पर्शून् ॥ ७ ॥ वसंततिलका

"તારા ત્રિકરણ યોગ વિશુદ્ધ નથી છતાં પણ લોકો તારો આદર સત્કાર કરે, તને નમસ્કાર કરે અથવા તારી પૂજા સેવા કરે ત્યારે હે મૂઢ! તું શા માટે સંતોષ માને છે ? સંસાર સમુદ્રમાં પડતા તને આધાર ફક્ત બોધિવૃક્ષનો છે, તે ઝાડને કાપી નાખવામાં નમસ્કારાદિથી થતો સંતોષાદિ પ્રમાદ આ (લોકસત્કાર વિગેરેને)કુહાડા બનાવે છે." ૭

गुणांस्तवाश्रित्य नमन्त्यमी जना,
ददत्युपध्यालयभेक्ष्यशिष्यकान् ।
विना गुणान् वेषमृषेर्बिभर्षि चेत्,
ततष्ठकानां तव भाविनी गतिः ॥ ८ ॥ वंशस्थविल

"આ લોક તારા ગુણોને આશ્રયીને તને નમે છે અને ઉપધિ, ઉપાશ્રય, આહાર અને શિષ્યો તને આપે છે. હવે જો ગુણ વગર ઋષિ (યતિ) નો વેશ તું ધારણ કરતો હોઈશ તો ઠગના જેવી તારી ગતિ થશે." ૮

नाजीविका प्रणयिनीतनयादिचिन्ता,
नो राजभीश्च भगवत्समयं च वेत्सि ।
शुद्धे तथापि चरणे यतसे न भिक्षो !,
तत्ते परिग्रहभरो नरकार्थमेव ॥ ९ ॥ वसंततिलका

"તારે આજીવિકા સ્ત્રી, પુત્ર વિગેરેની ચિંતા નથી, રાજ્ય તરફની બીક નથી, અને ભગવાનનાં સિદ્ધાંતો તું જાણે છે. અથવા સિદ્ધાંતના પુસ્તકો તારી પાસે છે. છતાં પણ હે યતિ! જો તું શુદ્ધ ચારિત્ર માટે યત્ન કરીશ નહિ તો પછી તારી પાસેની વસ્તુઓનો ભાર(પરિગ્રહ) નરક માટે જ છે."૯

शास्त्रज्ञोऽपि धृतव्रतोऽपि गृहिणीपुत्रादिबन्धोज्झितो-
ऽप्यङ्गी यद्यतते प्रमादवशगो न प्रेत्यसौख्यश्रिये ।
तन्मोहद्विषतस्त्रिलोकजयिनः काचित्परा दुष्टता,
बद्धायुष्कतया स वा नरपशुर्नूनं गमी दुर्गतौ ॥१०॥
शार्दूलविक्रीडितं

"શાસ્ત્રનો જાણનારો હોય, વ્રત ગ્રહણ કરેલાં હોય તથા, સ્ત્રી, પુત્ર વિગેરેના બંધનથી મુક્ત હોય, છતાં પ્રમાદને વશ પડીને પરલૌકિક સુખરૂપ લક્ષ્મી માટે આ પ્રાણી કાંઈ યત્ન કરતો નથી. તેમાં ત્રણ લોકને જીતનાર મોહ નામના શત્રુની કોઈ અવાચ્ય દુષ્ટતા કારણરૂપ હોવી જોઈએ અથવા તો તે નરપશુ અગાઉ આયુષ્ય બાંધેલ હોવાને લીધે જરૂર દુર્ગતિમાં જનાર હોવો જોઈએ." ૧૦.

उच्चारयस्यनुदिनं न करोमि सर्वं,
सावद्यमित्यसकृदेतदथो करोषि ।
नित्यं मृषोक्तिजिनवञ्चनभारितात्तत्,
सावद्यतो नरकमेव विभावये ते ॥ ११ ॥ वसंततिलका

"તું હંમેશાં દિવસ અને રાતમાં થઈ નવ વાર કરેમિભંતેનો પાઠ ભણતાં બોલે છે કે હું સાવદ્ય કામ નહીં

કરૂં. અને પાછો વારંવાર તે જ કર્યા કરે છે. આ સાવદ્યકર્મો કરી તું ખોટું બોલનાર થવાથી પ્રભુને પણ છેતરનાર છે. અને તે પાપના ભારથી ભારે થએલા તારે માટે તો નરક જ છે એમ હું ધારૂં છું." ૧૧

वेषोपदेशाद्युपधिप्रतारिता,
ददत्यभीष्टानृजवोऽधुना जनाः ।
भुङ्क्षे च शेषे च सुखं विचेष्टसे,
भवान्तरे ज्ञास्यसि तत्फलं पुनः ॥१२॥ उपजाति

"વેશ, ઉપદેશ અને કપટથી છેતરાયેલા ભદ્રક લોકો તને હાલ વાંછિત વસ્તુઓ આપે છે, તું સુખે ખાય છે, સુવે છે અને ફરતો ફરે છે, પણ આવતા ભવે તેનાં ફળ જાણીશ." ૧૨

आजीविकादिविविधार्त्तिभृशानिशार्त्ताः,
कृच्छ्रेण केऽपि महतैव सृजन्ति धर्मान् ।
तेभ्योऽपि निर्दय ! जिघृक्षसि सर्वमिष्टं,
नो संयमे च यतसे भविता कथं ही ? ॥१३॥ वसंततिलका

"આજીવિકા ચલાવવા વિગેરે અનેક પ્રકારની પીડાઓથી રાત-દિવસ બહુ હેરાન થતા કેટલાક ગૃહસ્થો મહામુશ્કેલીથી

ધર્મકાર્યો કરતા હોય છે, તેઓ પાસેથી પણ હે દયાહીન યતિ! તું તારી સર્વ ઇષ્ટ વસ્તુઓ મેળવવા ઇચ્છા રાખે છે અને સંયમમાં યત્ન કરતો નથી, ત્યારે તારૂં શું થશે ?" ૧૩

आराधितो वा गुणवान् स्वयं तरन्,
भवाब्धिमस्मानपि तारयिष्यति ।
श्रयन्ति ये त्वामिति भूरिभक्तिभिः,
फले तवैषां च किमस्ति निर्गुण ? ॥१४॥ उपजाति

"આ ગુણવાન પુરુષની આરાધના કરી હોય તો તે ભવસમુદ્ર તરે ત્યારે આપણને પણ તારશે એવા પ્રકારની બહુ ભક્તિથી ઘણા માણસો તારો આશ્રય કરે છે. તેથી હે નિર્ગુણ ! તને અને તેઓને શું લાભ છે ?" ૧૪.

स्वयं प्रमादैर्निपतन् भवाम्बुधौ,
कथं स्वभक्तानपि तारयिष्यसि ? ।
प्रतारयन् स्वार्थमृजून् शिवार्थिनः,
स्वतोऽन्यतश्चैव विलुप्यसेऽसा ॥१५॥ वंशस्थविल

"તું પોતે પ્રમાદ વડે સંસાર સમુદ્રમાં પડતો જાય છે ત્યાં પોતાના ભક્તોને તું કેવી રીતે તારવાનો ! બિચારા

મોક્ષાર્થી સરળ જીવોને પોતાના સ્વાર્થ માટે છેતરીને પોતાથી અને અન્યદ્વારા પાપવડે તું ખરડાય છે." ૧૫

गृह्णासि शय्याहृति पुस्तकोपधीन्,
सदा परेभ्यस्तपसस्त्वियं स्थितिः ।
तत्ते प्रमादाद्भरितात्प्रतिग्रहै-
र्ऋणार्णमग्नस्य परत्र का गतिः ? ॥ १६ ॥ उपजाति

"તું બીજાઓ પાસેથી વસતિ, આહાર, પુસ્તક અને ઉપધિ ગ્રહણ કરે છે એ સ્થિતિ તો તપસ્વી લોકોની (શુદ્ધ ચારિત્રવાળાઓની) છે. તું તે વસ્તુઓનો સ્વીકાર કરીને પાછો પ્રમાદવશ પડી જાય છે, ત્યારે મોટા દેવામાં ડૂબેલા તારી પરભવે શી ગતિ થશે ?" ૧૬

न कापि सिद्धिर्न च तेऽतिशायि,
मुने ! क्रियायोगतपः श्रुतादि ।
तथाऽप्यहङ्कारकदर्थितस्त्वं,
ख्यातीच्छया ताम्यसि धिङ्मुधा किम् ? ॥१७॥ उपजाति

"હે મુનિ ! તારામાં કોઈ ખાસ પ્રકારની સિદ્ધિ નથી, ઉંચા પ્રકારની ક્રિયા નથી, નથી યોગ, તપસ્યા કે જ્ઞાન છતાં

પણ અહંકારથી કદર્થના પામેલો પ્રસિદ્ધિ પામવાની ઈચ્છાથી હે અધમ ! તું નકામો પરિતાપ શા માટે કરે છે.?" ૧૭

हीनोऽप्यरे भाग्यगुणैर्मुधात्मन् !
वाञ्छंस्तवार्चाद्यनवाप्नुवंश्च ।
ईर्ष्यन् परेभ्यो लभसेऽतिताप-
मिहापि याता कुगतिं परत्र ॥ १८ ॥ उपजाति

"હે આત્મન્ ! તું નિષ્પુણ્યક છે છતાં પણ પૂજા વિગેરેની ઈચ્છા રાખે છે અને તે મળતાં નથી ત્યારે બીજા ઉપર દ્વેષ કરે છે. તેથી આ ભવમાં બળતરા વહોરી લે છે અને પરભવે કુગતિમાં જવાનો છે." ૧૮

गुणैर्विहीनोऽपि जनानतिस्तुति-
प्रतिग्रहान्यन्मुदितः प्रतीच्छसि ।
लुलायगोऽश्वोष्ट्रखरादिजन्मभि-
र्विना ततस्ते भविता न निष्क्रयः ॥ १९ ॥ वंशस्थ

"તું ગુણ વિનાનો છે છતાં પણ લોકો તરફથી વંદન, સ્તુતિ, આહાર પાણીનું ગ્રહણ વિગેરે ખુશ થઈને મેળવવા ઈચ્છા રાખે છે. પણ યાદ રાખજે કે પાડા, ગાય, ઘોડા, ઊંટ,

કે ગધેડાના જન્મ લીધા વગર તું તે દેવામાંથી છૂટી શકીશ નહીં." ૧૯

गुणेषु नोद्यच्छसि चेन्मुने ! ततः,
प्रगीयसे यैरपि वन्द्यसेऽर्च्यसे ।
जुगुप्सितां प्रेत्य गतिं गतोऽपि-
तैर्हसिष्यसे चाभिभविष्यसेऽपि वा ॥ २० ॥ वंशस्थविल

"હે મુનિ ! જો તું ગુણ મેળવવા યત્ન કરતો નથી તો પછી જેઓ તારી ગુણ સ્તુતિ કરે છે, તને વાંદે છે અને પૂજે છે તેઓ જ જ્યારે તું કુગતિમાં જઈશ ત્યારે તને ખરેખર હસશે અથવા તારો પરાભવ કરશે. ૨૦."

दानमाननुतिवन्दनापरैर्मोदसे-
निकृतिरञ्जितैर्जनैः ।
न त्ववैषि सुकृतस्य चैल्लवः,
कोऽपि सोऽपि तव लुट्यते हि तैः ॥ २१ ॥ रथोद्धता

"તારી કપટજાળથી રંજન પામેલા લોકો તને દાન આપે, માન આપે, નમસ્કાર કરે કે વંદન કરે ત્યારે તું રાજી થાય છે, પણ તું જાણતો નથી કે તારી પાસે એક લેશ સુકૃત્ય હશે તે પણ તેઓ લૂંટી જાય છે." ૨૧.

भवेद्गुणी मुग्धकृतैर्न हि स्तवैर्न-
ख्यातिदानार्चनवन्दनादिभिः ।
विना गुणान्नो भवदुःखसंक्षय-
स्ततो गुणानर्जय किं स्तवादिभिः ? ॥ २२ ॥ उपजाति

ભોળા જીવોએ કરેલી સ્તુતિથી કોઈ માણસ ગુણવાન થતો નથી, તેમજ પ્રખ્યાતિ પામવાથી અથવા દાન, અર્ચન અને પૂજન મેળવવાથી પણ કોઈ ગુણવાન થતો નથી, ગુણ વગર સંસારના દુઃખોનો ક્ષય થતો નથી તેટલા માટે હે ભાઈ! ગુણ ઉપાર્જન કર. આ સ્તુતિ વિગેરેથી શું લાભ? ૨૨

अध्येषि शास्त्रं सदसद्विचित्रा-
लापादिभिस्ताम्यसि वा समायैः ।
येषां जनानामिह रञ्जनाय,
भवान्तरे ते क्व मुने ! क्व च त्वम् ॥ २३ ॥ उपजाति

"જે મનુષ્યોનું મનરંજન કરવા માટે તું સારાં અને ખરાબ અનેક પ્રકારનાં શાસ્ત્રો ભણે છે. અને માયા પૂર્વક વિચિત્ર પ્રકારનાં ભાષણોથી (કંઠશોષાદિ) ખેદ સહન કરે છે તેઓ ભવાંતરમાં ક્યાં જશે? અને તું ક્યાં જઈશ?" ૨૩

परिग्रहं चेद्व्यजहा गृहादेस्तत्किं-
नु धर्मोपकृतिच्छलात्तम् ।
करोषि शय्योपधिपुस्तकादे-
र्गरोऽपि नामान्तरतोऽपि हन्ता ॥ २४ ॥ उपेन्द्रवज्रा

"ઘર વિગેરે પરિગ્રહને તેં તજી દીધા છે તો પછી ધર્મના ઉપકરણને બહાને શય્યા, ઉપધિ, પુસ્તક વિગેરેનો પરિગ્રહ શા માટે કરે છે? ઝેરને નામાંતર કર્યાથી પણ તે મારે છે.'૨૪

परिग्रहात्स्वीकृतधर्मसाधना-
भिधानमात्रात्किमु मूढ ! तुष्यसि ? ।
न वेत्सि हेम्नाप्यतिभारिता तरी,
निमज्जयत्यङ्गिनमम्बुधौ द्रुतम् ॥ २५ ॥ वंशस्थ

"હે મૂઢ! ધર્મના સાધનને ઉપકરણાદિનું નામ માત્ર આપીને સ્વીકારેલા પરિગ્રહથી તું કેમ હર્ષ પામે છે? શું તું જાણતો નથી કે વહાણમાં જો સોનાનો પણ અતિભાર ભર્યો હોય તો તે પણ બેસનાર પ્રાણીને તુરત જ સમુદ્રમાં બૂડાડે છે." ૨૫

येंऽहः कषायकलिकर्मनिबन्धभाजनं,
स्युः पुस्तकादिभिरपीहितधर्मसाधनैः ।

तेषां रसायनवरैरपि सर्पदामयै-
रार्त्तात्मनां गदहृतेः सुखकृत्तु किं भवेत्? ॥२६॥ मृदंग

"જેના વડે ધર્મ સાધનની વાંછા રાખી હોય એવાં પુસ્તકાદિ વડે પણ જે પ્રાણીઓ પાપ, કષાય, કંકાસ અને કર્મબંધ કરે ત્યારે તેઓને સુખનું સાધન શું થાય? જે પ્રાણીના વ્યાધિઓ ઉત્તમ પ્રકારનાં રસાયણોથી પણ ઉલટા વધારે પ્રસરતા જાય તેને વ્યાધિની શાંતિ માટે સાધન શું થઈ શકે?" ૨૬.

राक्षार्थं खलु संयमस्य गदिता येऽर्था यतिनां जिनै-
र्वासः पुस्तकपात्रकप्रभृतयो धर्मोपकृत्यात्मकाः ।
मूर्छन्मोहवशात्त एव कुधियां संसारपाताय धिक्!,
स्वं स्वस्यैव वधाय शस्त्रमधियां यद्दुष्प्रयुक्तं भवेत्
॥ २७ ॥ शार्दूलविक्रीडितं.

"વસ્ત્ર, પુસ્તક અને પાત્રાં વગેરે ધર્મોપકરણના પદાર્થો શ્રી તીર્થંકર ભગવાને સંયમની રક્ષા માટે યતિઓને બતાવ્યા છે તે છતાં મંદબુદ્ધિવાળા મૂઢ જીવો વધારે મોહમાં પડીને તેને સંસારમાં પાડવાના સાધનભૂત બનાવે છે. તેઓને ખરેખર ધિક્કાર છે ! મૂર્ખ માણસ વડે અકુશળતાથી

વપરાયેલું શસ્ત્ર (હથિયાર) તેના પોતાના જ નાશનું નિમિત્ત થાય છે." ૨૭

**संयमोपकरणच्छलात्परा-**
**न्भारयन् यदसि पुस्तकादिभिः ।**
**गोखरोष्ट्रमहिषादिरूपभृत्त-**
**च्चिरं त्वमपि भारयिष्यसे ॥ २८ ॥** रथोद्धता

"સંયમ ઉપકરણના બહાનાથી પુસ્તક વિગેરે વસ્તુઓનો બીજા ઉપર તું ભાર મૂકે છે, પણ તે ગાય, ગધેડાં, ઊંટ, પાડા વિગેરેનાં રૂપ તારી પાસે લેવરાવીને ઘણા કાલ પર્યંત તને ભાર વહન કરાવશે." ૨૮

**वस्त्रपात्रतनुपुस्तकादिनः,**
**शोभया न खलु संयमस्य सा।**
**आदिमा च ददते भवं परा,**
**मुक्तिमाश्रय तदिच्छयैकिकाम् ॥ २९ ॥** रथोद्धता

" વસ્ત્ર, પાત્ર શરીર કે પુસ્તક વિગેરેની શોભા કરવાથી કાંઈ સંયમની શોભા થતી નથી. પ્રથમ પ્રકારની શોભા (ભવ)વૃદ્ધિ આપે છે અને બીજા પ્રકારની શોભા મોક્ષ આપે

છે. માટે આ બંનેમાંથી તારી મરજી આવે તે એક શોભાનો આશ્રય કર અથવા તે માટે વસ્ત્ર, પુસ્તક વિગેરે શોભાનો ત્યાગ કરીને હે યતિ ! મોક્ષ મેળવવાની ઈચ્છાવાળો પણ તું સંયમની શોભામાં કેમ યત્ન કરતો નથી?" ૨૯

शीतातपाद्यान्न मनागपीह,
परीषहांश्चेत्क्षमसे विसोढुम् ।
कथं ततो नारकगर्भवास-
दुःखानि सोढासि भवान्तरे त्वम् ? ॥ ३० ॥ उपजाति

"આ ભવમાં જરાય ઠંડી, તાપ વિગેરે પરિષહો સહન કરવાને શક્તિમાન્ થતો નથી. તો પછી ભવાંતરમાં નારકીનાં તેમજ ગર્ભાવાસનાં દુઃખો કેવી રીતે સહન કરીશ?" ૩૦

मुने ! न किं नश्वरमस्वदेह-
मृत्पिण्डमेनं सुतपोव्रताद्यैः ।
निपीड्य भीतिर्भवदुःखराशे-
र्हित्वात्मसाच्छैवसुखं करोषि ? ॥ ३१ ॥ उपजाति

"હે મુનિ ! આ શરીરરૂપી માટીનો પિંડ નાશવંત છે અને પોતાનો નથી, તેને ઉત્તમ પ્રકારના તપ અને વ્રતો કરીને

પીડા આપી અનંતભવમાં પ્રાપ્ત થનારાં દુઃખો દૂર કરી નાંખીને મોક્ષસુખને આત્મસન્મુખ કેમ કરતો નથી ?" ૩૧

**यदत्र कष्टं चरणस्य पालने,**
**परत्र तिर्यङ्नरकेषु यत्पुनः ।**
**तयोर्मिथः सप्रतिपक्षता स्थिता,**
**विशेषदृष्ट्याऽन्यतरं जहीहि तत् ॥ ३२ ॥** वंशस्थविल

"ચારિત્ર પાળવામાં આ ભવમાં જે કષ્ટ પડે છે અને પરભવમાં નારકી અને તિર્યંચગતિમાં જે કષ્ટ પડે છે તે બંનેને અરસપરસ પ્રતિપક્ષીપણું છે, માટે સમજણ વાપરીને બેમાંથી એકને તજી દે." ૩૨

**शमत्र यद्बिन्दुरिव प्रमादजं,**
**परत्र यच्चाब्धिरिव द्युमुक्तिजम् ।**
**तयोर्मिथः सप्रतिपक्षता स्थिता,**
**विशेषदृष्ट्याऽन्यतरद्गृहाण तत् ॥ ३३ ॥** वंशस्थविल

"આ ભવમાં પ્રમાદથી જે સુખ થાય છે તે બિંદુ જેટલું છે અને પરભવમાં દેવલોક અને મોક્ષસંબંધી જે સુખ થાય છે તે સમુદ્ર જેટલું છે. આ બંને સુખને પરસ્પર પ્રતિપક્ષીપણું છે, માટે વિવેક વાપરીને બેમાંથી એકને તું ગ્રહણ કર." ૩૩

नियंत्रणा या चरणेऽत्र तिर्यक्-
स्त्रीगर्भकुम्भीनरकेषु या च।
तयोर्मितः सप्रतिपक्षभावा-
द्विशेषदृष्टयाऽन्यतरां गृहाण ॥ ३४ ॥ उपजाति

"ચારિત્ર પાળવામાં આ ભવમાં તારા પર નિયંત્રણા થાય છે. અને પરભવે તિર્યંચગતિમાં, સ્ત્રીના ગર્ભમાં અથવા નારકીના કુંભીપાકમાં નિયંત્રણ (કષ્ટપરાધીનપણું) થાય છે, આ બંને નિયંત્રણોને પરસ્પર વિરોધ છે. માટે વિવેક વાપરીને બેમાંથી એકને ગ્રહણ કર." ૩૪

सह तपोयमसंयमयन्त्रणां,
स्ववशतासहने हि गुणो महान् ।
परवशस्त्वति भूरि सहिष्यसे,
न च गुणं बहुमाप्स्यसि कञ्चन ॥ ३५ ॥ द्रुतविलंबित

"તું તપ, યમ અને સંયમની નિયંત્રણા સહન કર. પોતાને વશ રહીને (પરિષહાદિનું દુઃખ) સહન કરવામાં મોટો ગુણ છે. પરવશ પડીશ ત્યારે તો દુઃખ બહુ ખમવું પડશે. અને તેનું કાંઈ પણ ફળ થશે નહીં." ૩૫

अणीयसा साम्यनियन्त्रणाभुवा,
मुनेऽत्र कष्टेन चरित्रजेन च ।
यदि क्षयो दुर्गतिगर्भवासगा-
ऽसुखावलेस्तत्किमवापि नार्थितम् ? ॥३६॥ वंशस्थविल

"સમતાથી અને નિયંત્રણા (પરિષહ સહન)થી થયેલા થોડાં જ કષ્ટ વડે તેમજ ચારિત્ર પાળવાને લીધે થયેલા થોડા કષ્ટ વડે જો દુર્ગતિમાં જવાની અને ગર્ભવાસમાં રહેવાની પરંપરાનો ક્ષય થઈ જતો હોય તો પછી શું ઈચ્છિત તું પામ્યો નહીં. ?" ૩૬

त्यज स्पृहां स्वः शिवशर्मलाभे,
स्वीकृत्य तिर्यङ्नरकादिदुःखम्
सुखाणुभिश्चेद्विषयादिजातैः,
संतोष्यसे संयमकष्टभीरुः ॥ ३७ ॥ उपजाति

"સંયમ પાળવાનાં કષ્ટથી ડરી જઈ વિષય કષાયથી થતાં અલ્પ સુખમાં જો તું સંતોષ પામતો હોય તો પછી તિર્યંચ નારકીનાં આગામી દુઃખો સ્વીકારીને સ્વર્ગ તેમજ મોક્ષ મેળવવાની ઈચ્છા તજી દે." ૩૭

समग्रचिन्तार्त्तिहृतेरिहापि,
यस्मिन्सुखं स्यात्परमं रतानाम् ।
परत्र चेन्द्रादिमहोदयश्रीः,
प्रमाद्यसीहापि कथं चरित्रे ? ॥ ३८ ॥ उपजाति

"ચારિત્રથી આ ભવમાં સર્વ પ્રકારની ચિંતા અને મનની આધિનો નાશ થાય છે તેથી તેમાં જેને લય લાગી હોય તેઓને મોટું સુખ થાય છે અને પરભવમાં ઈન્દ્રાસન કે મોક્ષની મહાલક્ષ્મી મળે છે. આ પ્રમાણે છે છતાં પણ આ ચારિત્રમાં શા માટે પ્રમાદ કરે છે?" ૩૮

महातपोध्यानपरीषहादि,
न सत्त्वसाध्यं यदि धर्तुमीशः ।
तद्भावनाः किं समितीश्च गुप्ती-
र्धत्से शिवार्थिन्न मनः प्रसाध्याः ॥ ३९ ॥ उपजाति

"ઉગ્ર તપસ્યા, ધ્યાન, પરિષહ વિગેરે સત્ત્વથી સાધી શકાય તેવા છે તે સાધવાને તું શક્તિવાન ન હો તો પણ ભાવના સમિતિ અને ગુપ્તિ જે મનથી જ સાધી શકાય તેમ છે તેને હે મોક્ષાર્થી ! તું કેમ ધારણ કરતો નથી?" ૩૯

अनित्यताद्या भज भावनाः सदा,
यतस्व दुसाध्यगुणेऽपि संयमे ।
जिघत्सया ते त्वरते ह्ययं यमः,
श्रयन् प्रमादान्न भवाद्बिभेषि किम्? ॥४०॥ वंशस्थविल

"અનિત્યપણું વિગેરે સર્વ ભાવનાઓ નિરંતર ભાવ, જે સંયમના (મૂળ તથા ઉત્તર)ગુણો મુશ્કેલીથી સાધી શકાય છે તેમાં યત્ન કર. આ યમ તને ખાઈ જવા માટે ઉતાવળ કરે છે ત્યારે પ્રમાદનો આશ્રય કરતી વખતે તું શું સંસાર ભ્રમણથી બીતો નથી?" ૪૦

हतं मनस्ते कुविकल्पजालै-
र्वचोऽप्यवद्यैश्च वपुः प्रमादैः ।
लब्धीश्च सिद्धीश्च तथापि वाञ्छन्,
मनोरथैरेव हहा हतोऽसि ॥ ४१ ॥ उपजाति

તારૂં મન ખરાબ વિકલ્પોથી હણાયેલું છે, તારાં વચન અસત્ય અને કઠોર ભાષણથી ખરડાયાં છે અને તારૂં શરીર પ્રમાદથી બગડ્યું છે, છતાં પણ તું લબ્ધિ અને સિદ્ધિની વાંછા કરે છે. ખરેખર! તું (મિથ્યા)મનોરથોથી હણાયો છે. ૪૧

मनोवशस्ते सुखदुःखसङ्गमो,
मनो मिलेद्यैस्तु तदात्मकं भवेत् ।
प्रमाद चौरैरिति वार्यतां मिल-
च्छीलाङ्गमित्रैरनुषज्जयानिशम् ॥ ४२ ॥ वंशस्थ

"તને સુખ દુઃખની પ્રાપ્તિ થવી તે તારા મનને વશ છે. મન જેની સાથે મળે છે તેની સાથે એકાકાર-એકમેક થઈ જાય છે. તેથી પ્રમાદરૂપ ચોરને મળતાં મનને રોકી રાખ-અટકાવ અને શીલાંગરૂપ મિત્રોની સાથે તેને નિરંતર જોડ્યા કર." ૪૨

ध्रुवः प्रमादैर्भववारिधौ मुने !
तव प्रपातः परमत्सरः पुनः ।
गले निबद्धोरुशिलोपमोऽस्ति,
चेत्कथं तदोन्मज्जनमप्यवाप्स्यसि ॥ ४३ ॥ वंशस्थ

" હે મુનિ! તુ પ્રમાદ કરે છે. તેને લીધે સંસાર સમુદ્રમાં તારો પાત તો જાણે નક્કી જ છે. પણ વળી પાછો બીજા ઉપર મત્સર કરે છે તે ગળે બાંધેલી મોટી શિલા જેવો છે. ત્યાર પછી તો તું તેમાંથી ઊંચો પણ કેવી રીતે આવી શકીશ?" ૪૩

महर्षयः केऽपि सहन्त्युदीर्या-
प्युग्रातपादीन्यदि निर्जरार्थम् ।
कष्टं प्रसङ्गागतमप्यणीयोऽपिच्छन्-
शिवं किं सहसे न भिक्षो ! ॥ ४४ ॥ उपजाति

"જ્યારે મોટા ઋષિમુનિઓ કર્મની નિર્જરા માટે ઉદીરણા કરીને પણ આતાપનાદિ સહન કરે છે. તો તું મોક્ષની ઈચ્છા રાખે છે ત્યારે પોતાની મેળે પ્રાપ્ત થયેલાં અત્યંત અલ્પ કષ્ટને પણ હે સાધુ ! કેમ સહન કરતો નથી?" ૪૪

यो दानमानस्तुतिवन्दनाभि-
र्न मोदतेऽन्यैर्न तु दुर्मनायते ।
अलाभलाभादिपरीषहान् सहन्,
यतिः स तत्त्वादपरो विडम्बकः ॥ ४५ ॥ इन्द्रवंशा

"જે પ્રાણી દાન-માન (સત્કાર)સ્તુતિ અને નમસ્કારથી ખુશી થઈ જતો નથી અને તેથી વિપરીતથી (અસત્કાર વિ. થી) નાખુશ થતો નથી અને અલાભ વિગેરે પરિષહોને સહન કરે છે તે પરમાર્થથી યતિ છે બાકી બીજાઓ તો વેશ વિડંબક છે." ૪૫

दधद् गृहस्थेषु ममत्वबुद्धिं,
तदीयतप्त्या परितप्यमानः ।
अनिवृतान्तः करणः सदा स्वै-
स्तेषां च पापैर्भ्रमिता भवेऽसि ॥ ४६ ॥ उपजाति

"ગૃહસ્થ ઉપર મમત્વબુદ્ધિ રાખવાથી અને તેઓનાં સુખ-દુઃખની ચિંતાવડે તપવાથી તારું અંતઃકરણ સર્વદા વ્યાકુળ રહેશે, અને તારાં અને તેઓનાં પાપથી તું સંસારમાં રખડ્યા કરીશ." ૪૬

त्यक्त्वा गृहं स्वं परगेहचिन्ता-
तप्तस्य को नाम गुणस्तवर्षे ? ।
आजीविकास्ते यतिवेषतोऽत्र,
सुदुर्गतिः प्रेत्य तु दुर्निवारा ॥ ४७ ॥ उपजाति

"પોતાનું ઘર ત્યજીને પારકા ઘરની ચિંતાથી પરિતાપ પામતા હે ઋષિ ! તને શો લાભ થવાનો છે ?(બહુ તો)યતિના વેષથી આ ભવમાં તારી આજીવિકા (સુખે) ચાલશે પણ પરભવમાં મહા માઠી દુર્ગતિ અટકાવી શકાશે નહિ." ૪૭

कुर्वे न सावद्यमिति प्रतिज्ञां,
वदन्नकुर्वन्नपि देहमात्रात् ।

शय्यादिकृत्येषु नुदन् गृहस्थान्,
हृदा गिरा वासि कथं मुमुक्षुः ? ॥ ४८ ॥ उपाजति

"હું સાવદ્ય કરીશ નહિ એવી પ્રતિજ્ઞાનું દરરોજ ઉચ્ચારણ કરે છે છતાં શરીર માત્રથી જ સાવદ્ય કરતો નથી. અને શય્યા વિગેરે કામોમાં તો મન અને વચનથી ગૃહસ્થોને પ્રેરણા કર્યા કરે છે. ત્યારે તું મુમુક્ષુ શેનો ?" ૪૮

कथं महत्त्वाय ममत्वतो वा,
सावद्यमिच्छस्यपि सङ्घलोके ।
न हेममय्यप्युदरे हि शस्त्री,
क्षिप्ता क्षणोति क्षणतोऽप्यसून् किम् ? ॥४९ ॥ उपजाति

"મહત્ત્વતા માટે અથવા મમત્વથી સંઘલોકોમાં પણ સાવદ્ય વાંછે છે? પણ શું સોનાની છરી હોય તો પેટમાં મારવામાં આવે ત્યારે એક ક્ષણવારમાં પ્રાણનો નાશ કરતી નથી?" ૪૯

रङ्कः कोऽपि जनाभिभूतिपदवीं त्यक्त्वा प्रसादाद्गुरो-
र्वेषं प्राप्य यतेः कथञ्चन कियच्छास्त्रं पदं कोऽपि च।

मौखर्यादिवशी कृतर्जुजनतादानार्चनैर्गर्वभाग्-
आत्मानं गणयन्नरेन्द्रमिव धिग्गन्ता द्रुतं दुर्गतौ ॥५०॥

शार्दूलविक्रीडितं

"કોઈ ગરીબ-રાંક માણસ લોકોના અપમાનને યોગ્ય સ્થાનક તજી દઈને ગુરુમહારાજની કૃપાથી મુનિનો વેષ પામે છે. કંઈક શાસ્ત્રનો અભ્યાસ કરે છે. અને કોઈ પદવી મેળવે છે ત્યારે પોતાના વાચાલપણાથી ભદ્રકલોકોને વશ કરીને તે રાગી લોકો જે દાન કે પૂજા કરે છે તેથી પોતે ગર્વ માને છે અને પોતાની જાતને રાજા જેવી ગણે છે. આવાઓને ખરેખર ધિક્કાર છે! તેઓ જલ્દી દુર્ગતિમાં જવાના છે. (અનંતા દ્રવ્ય-લિંગો પણ આવી દશામાં વર્તવાથી નિષ્ફળ થયાં છે.)" ૫૦

प्राप्यापि चारित्रमिदं दुरापं,
स्वदोषजैर्यद्विषयप्रमादैः ।
भवाम्बुधौ धिक्पतितोऽसि भिक्षो !
हतोऽसि दुःखैस्तदनन्तकालम् ॥ ५१ ॥ उपजाति

"મહાકષ્ટથી પણ મળવું મુશ્કેલ એવું આ ચારિત્ર પ્રાપ્ત કરીને પોતાના દોષથી ઉત્પન્ન કરેલાં વિષય અને પ્રમાદોવડે

હે ભિક્ષુ ! તું સંસાર સમુદ્રમાં પડતો જાય છે અને તેના પરિણામે અનંતકાળ સુધી દુઃખ પામીશ." ૫૧

**कथमपि समवाप्य बोधिरत्नं,**

**युगसमिलादिनिदर्शनाद् दुरापम् ।**

**कुरु कुरु रिपुवश्यतामगच्छन्,**

**किमपि हितं लभसे यतोऽर्थितं शम् ॥ ५२ ॥** पुष्पिताग्रा

"યુગસમિલા વિગેરે દૃષ્ટાંતથી મહામુશ્કેલીથી મેળવી શકાય તેવું બોધિરત્ન (સમકિત)પામીને શત્રુઓને તાબે થઈ ન જતાં કાંઈપણ આત્મહિત કર, જેથી કરીને ઈચ્છિત સુખ પ્રાપ્ત થાય." ૫૨

**द्विषस्त्विमे ते विषयप्रमादा,**

**असंवृता मानसदेहवाचः ।**

**असंयमाः सप्तदशापि हास्या-**

**दयश्च बिभ्यच्चर नित्यमेभ्यः ॥ ५३ ॥** उपेन्द्रवज्रा

"તારા શત્રુઓ-વિષય, પ્રમાદ, વિના અંકુશે પ્રવર્તાવેલાં મન, શરીર અને વચન, સત્તર અસંયમનાં સ્થાનક અને હાસ્યાદિ છ છે. તેઓનાથી તું નિરંતર ચેતતો (બીતો) ચાલજે." ૫૩

गुरुनवाप्याप्यपहाय गेह-
मधीत्य शास्त्राण्यपि तत्त्ववाञ्चि ।
निर्वाहचिन्तादिभराद्यभावे-
ऽप्यृषे ! न किं प्रेत्य हिताय यत्नः ॥ ५४ ॥ उपजाति

" હે યતિ ! મહાન ગુરુની પ્રાપ્તિ થઈ, ઘરબાર છોડ્યા, તત્ત્વ પ્રતિપાદન કરનાર ગ્રંથોનો અભ્યાસ કર્યો અને નિર્વાહ કરવાની ચિંતા વિગેરેનો ભાર ઉતરી ગયો છતાં પણ પરભવના હિત માટે કેમ યત્ન થતો નથી?" ૫૪

विराधितैः संयमसर्वयोगैः,
पतिष्यतस्ते भवदुःखराशौ।
शास्त्राणि शिष्योपधिपुस्तकाद्या,
भक्ताश्च लोकाः शरणाय नालम् ॥ ५५ ॥ उपजाति

"સંયમના સર્વયોગોની વિરાધના કરવાથી તું જ્યારે ભવદુઃખના ઢગલામાં પડીશ ત્યારે શાસ્ત્રો, શિષ્યો, ઉપધિ, પુસ્તક અને ભક્ત લોકો વિગેરે કોઈ પણ તને શરણ આપવાને શક્તિમાન થતાં નથી." ૫૫

यस्य क्षणोऽपि सुरधामसुखानि पल्य-
कोटीर्नृणां द्विनवतीं ह्याधिकां ददाति ।
किं हारयस्यधम ! संयमजीवितं तत्,
हाहा प्रमत्त! पुनरस्य कुतस्तवाप्तिः ? ॥ ५६ ॥ वसंततिलका

"જે સંયમની એક ક્ષણ પણ બાણુ ક્રોડ પલ્યોપમથી વધારે વખત સુધી દેવલોકનાં સુખો આપે છે એવા સંયમ જીવનને હે અધમ ! તું કેમ હારી જાય છે ? હે પ્રમાદી ! ફરીવાર તને આ સંયમની પ્રાપ્તિ પણ ક્યાંથી થશે ?" ૫૬

नाम्नापि यस्येति जनेऽसि पूज्यः,
शुद्धात्ततो नेष्टसुखानि कानि।
तत्संयमेऽस्मिन् यतसे मुमुक्षो-
ऽनुभूयमानोरुफलेऽपि किं न ? ॥ ५७ ॥ उपजाति

"સંયમના નામમાત્રથી પણ જો તું લોકોમાં પૂજાય છે તો જો ખરેખર તે શુદ્ધ હોય તો કયું ઈષ્ટ ફળ તને ન મળે? જે સંયમનાં મહાન ફળ પ્રત્યક્ષ અનુભવવામાં આવ્યા છે તે સંયમમાં હે યતિ! તું કેમ યત્ન કરતો નથી?" ૫૭

* * *

# १४ મિથ્યાત્વાદિનિરોધાધિકાર

मिथ्यात्वयोगाविरतिप्रमादान्,
आत्मन् ! सदा संवृणु सौख्यमिच्छन् ।
असंवृता यद्भवतापमेते,
सुसंवृता मुक्तिरमां च दद्युः ॥ १ ॥ उपजाति

"હે ચેતન! જો તું સુખની ઈચ્છા રાખતો હોય તો મિથ્યાત્વ, અવિરતિ અને પ્રમાદનો સંવર કર. તેઓનો સંવર કર્યો ન હોય તો તે સંસારનો તાપ આપે છે. પણ જો તેઓનો સારી રીતે સંવર કર્યો હોય તો મોક્ષલક્ષ્મીને આપે છે." ૧

मनः संवृणु हे विद्वन्नसंवृतमना यतः ।
याति तन्दुलमत्स्यो द्राक्, सप्तमीं नरकावनीम् ॥२॥

"હે વિદ્વાન્! મનનો સંવર કર, કારણ તંદુલમત્સ્ય મનનો સંવર કરતો નથી તો તુરત જ સાતમી નરકે જાય છે." ૨.

प्रसन्नचन्द्रराजर्षे-र्मनः प्रसरसंवरौ ।
नरकस्य शिवस्यापि, हेतुभूतौ क्षणादपि ॥ ३ ॥

"ક્ષણવારમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિને મનની પ્રવૃત્તિ અને નિવૃત્તિ અનુક્રમે નરક અને મોક્ષનું કારણ થઈ." ૩

**मनोऽप्रवृत्तिमात्रेण, ध्यानं नैकेन्द्रियादिषु ।**
**धर्मशुक्लमनःस्थैर्य-भाजस्तु ध्यायिनः स्तुमः ॥ ४ ॥**

"મનની પ્રવૃત્તિ ન કરવા માત્રથી જ ધ્યાન થતું નથી, જેમકે એકેન્દ્રિય વિગેરેમાં. (તેઓને મન ન હોવાથી મનની પ્રવૃત્તિ નથી) પણ જે ધ્યાન કરનારા પ્રાણીઓ ધર્મધ્યાન અને શુક્લધ્યાનને લીધે મનની સ્થિરતાના ભાજનભૂત થાય છે. તેઓની અમે સ્તુતિ કરીએ છીએ." ૪

**सार्थं निरर्थकं वा यन्मनः सुध्यानयन्त्रितम् ।**
**विरतं दुर्विकल्पेभ्यः पारगांस्तान् स्तुवे यतीन् ॥५॥**

"સાર્થકતાથી અથવા નિષ્ફલ પરિણામવાળા પ્રયત્નોથી પણ જેઓનું મન સુધ્યાન તરફ જોડાયેલું રહે છે તેવા અને જેઓ ખરાબ વિકલ્પોથી દૂર રહે છે તેવા સંસારનો પાર પામેલા યતિઓને અમે સ્તવીએ છીએ." ૫

**वचोऽप्रवृत्तिमात्रेण, मौनं के के न बिभ्रति ? ।**
**निरवद्यं वचो येषां, वचोगुप्तांस्तु तान् स्तुवे ॥ ६ ॥**

"વચનની અપ્રવૃત્તિ માત્રથી કોણ મૌન ધારણ કરતું નથી? પણ અમે તો જે વચનગુપ્તિવાળા પ્રાણીઓ નિરવદ્ય બોલે છે તેઓની સ્તવના કરીએ છીએ." ૬

निरवद्यं वचो ब्रूहि, सावद्यवचनैर्यतः ।
प्रयाता नरकं घोरं, वसुराजादयो द्रुतम् ॥ ७ ॥

"તું નિરવદ્ય (નિષ્પાપ) વચન બોલ, કારણ કે સાવદ્યવચન બોલવાથી વસુરાજા વિ. એકદમ ઘોર નરકમાં ગયા છે." ૭

इहामुत्र च वैराय, दुर्वाचो नरकाय च।
अग्निदग्धाः प्ररोहन्ति, दुर्वाग्दग्धाः पुनर्न हि ॥ ८ ॥

"દુષ્ટ વચન આલોક અને પરલોકમાં અનુક્રમે વૈર અને નરકગતિ પ્રાપ્ત કરાવે છે. અગ્નિથી બળેલું ફરીવાર ઉગે છે પણ દુષ્ટ વચનથી બળેલાં હોય તેમાં પછી ફરીવાર સ્નેહનો અંકુર ફૂટતો નથી." ૮

अत एव जिना दीक्षाकालादकेवलोद्भवम् ।
अवद्यादिभिया ब्रूयुर्ज्ञानत्रयभृतोऽपि न ॥ ९ ॥

"તેટલા માટે તીર્થંકર મહારાજને ત્રણ જ્ઞાન હોય છે.

તો પણ દીક્ષાકાળથી માંડીને કેવળજ્ઞાન થતાં સુધી પાપની બીકથી તેઓ કાંઈ પણ બોલતા નથી. " ૯

**कृपया संवृणु स्वाङ्गं, कूर्मज्ञातनिदर्शनात् ।**
**संवृतासंवृताङ्गा यत्, सुखदुःखान्यवाप्नुयुः ॥ १० ॥**

"(જીવ ઉપર)દયા લાવીને તારા શરીરનો સંવર કર. કાચબાના દૃષ્ટાંતથી શરીરનો સંવર કરનાર અને નહિ કરનાર સુખ-દુખ અનુક્રમે પામે છે."૧૦

**कायस्तम्भान्न के के स्युस्तरुस्तम्भादयो यताः ? ।**
**शिवहेतुक्रियो येषां, कायस्तांस्तु स्तुवे यतीन् ॥११॥**

"માત્ર કાયાના સંવરથી ઝાડ, સ્તંભ વિગેરે કોણ કોણ સંયમી ન થાય ? પણ જેઓનું શરીર મોક્ષ મેળવવા માટે ક્રિયા કરવામાં ઉદ્યત થાય છે. તેવા યતિની અમે સ્તુતિ કરીએ છીએ." ૧૧

**श्रुतिसंयममात्रेण, शब्दान् कान् के त्यजन्ति न ?।**
**इष्टानिष्टेषु चैतेषु, रागद्वेषौ त्यजन्मुनिः ॥ १२ ॥**

"કાનના સંયમ માત્રથી કોણ શબ્દોને ત્યજતું નથી ? પણ ઈષ્ટ અને અનિષ્ટ શબ્દો પર રાગ-દ્વેષ તજી દે છે તેને મુનિ સમજવા." ૧૨

चक्षुः संयममात्रात्के, रूपालोकांस्त्यजन्ति न? ।
इष्टानिष्टेषु चैतेषु, रागद्वेषौ त्यजन्मुनिः ॥ १३ ॥

"માત્ર ચક્ષુના સંયમથી કોણ રૂપ, પ્રેક્ષણ તજતા નથી? પણ ઈષ્ટ અને અનિષ્ટ રૂપોમાં જેઓ રાગ-દ્વેષ છોડી દે છે તે જ ખરા મુનિ છે." ૧૩.

घ्राणसंयममात्रेण, गन्धान् कान् के त्यजन्ति न ?
इष्टानिष्टेषु चैतेषु, रागद्वेषौ त्यजन्मुनिः ॥ १४ ॥

"નાસિકાના સંયમમાત્રથી કોણ ગંધોને ત્યજતું નથી? પણ ઈષ્ટ અને અનિષ્ટ ગંધોમાં જેઓ રાગ-દ્વેષ તજી દે છે તે જ મુનિ કહેવાય." ૧૪

जिह्वासंयममात्रेण, रसान् कान् के त्यजन्ति न ? ।
मनसा त्यज तानिष्टान्, यदीच्छसि तपः फलम् ।१५।

"જીહ્વાના સંયમમાત્રથી કોણ રસોને તજતું નથી ? હે ભાઈ ! જો તું તપનું ફળ મેળવવા ઈચ્છા રાખતો હોય તો સુંદર લાગતા રસોને તજી દે." ૧૫.

त्वचः संयममात्रेण, स्पर्शान् कान् के त्यजन्ति न?।
मनसा त्यज तानिष्टान्, यदीच्छसि तपः फलम् ।१६।

"ચામડીનો સ્પર્શ ન કરવા માત્રથી કોણ સ્પર્શનો ત્યાગ કરતું નથી ? પણ, જો તારે તપનું ફળ મેળવવું હોય તો ઈષ્ટ સ્પર્શોનો મનથી ત્યાગ કર." ૧૬

**बस्तिसंयममात्रेण, ब्रह्म के के न बिभ्रते ? ।**
**मनः संयमतो धेहि, धीर ! चेत्तत्फलार्थ्यसि ॥१७॥**

"મુત્રાશયના સંયમમાત્રથી કોણ બ્રહ્મચર્ય ધારણ કરતા નથી ? હે ધીર ! જો તને બ્રહ્મચર્યના ફળની ઈચ્છા હોય તો મનનો સંયમ કરીને બ્રહ્મચર્યને ધારણ કર." ૧૭

**विषयेन्द्रियसंयोगाभावात्के के न संयताः ?।**
**रागद्वेषमनोयोगाभावाद्ये तु स्तवीमि तान् ॥१८॥**

"વિષય અને ઈન્દ્રિયનો સંયોગ ન થવાથી કોણ સંયમ પાળતું નથી ? પરંતુ રાગ-દ્વેષનો યોગ જેઓ મનની સાથે થવા દેતા નથી તેઓની હું તો સ્તવના કરું છું." ૧૮

**कषायान् संवृणु प्राज्ञ !, नरकं यदसंवरात् ।**
**महातपस्विनोऽप्यापुः, करटोत्करटादयः ॥१९॥**

(श्लोक नं. २थी१९ अनुष्टुप्)

"હે વિદ્વન્ ! તું કષાયનો સંવર કર. તેનો સંવર નહિ કરવાથી કરટ અને ઉત્કરટ જેવા મહાતપસ્વીઓ પણ નરકને પામ્યા છે." ૧૯.

यस्यास्ति किंचिन्न तपोमयादि,
ब्रूयात्स यत्तत्तुदतां परान् वा ।
यस्यास्ति कष्टाप्तमिदं तु किं न,
तद्भ्रंशभीः संवृणुते स योगान् ॥२०॥ इन्द्रवज्रा

"જેને તપસ્યા યમ વિગેરે કાંઈપણ નથી તે તો ગમે તેવું બોલે અથવા બીજાને પીડા ઉપજાવે, પણ જેઓએ મહાકષ્ટે કરીને આ તપસ્યાદિક પ્રાપ્ત કર્યું છે તેઓ તેનો નાશ થઈ જવાની બીક રાખીને યોગનો સંવર કેમ ન કરે ?" ૨૦.

भवेत्समग्रेष्वपि संवरेषु,
परं निदानं शिवसंपदां यः ।
त्यजन् कषायादिजदुर्विकल्पान्,
कुर्यान्मनः संवरमिद्धधीस्तम् ॥२१॥ उपजाति

"મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરવાનું મોટામાં મોટું કારણ સર્વ પ્રકારનાં સંવરોમાં પણ મનનો સંવર છે એમ જાણીને

સમૃદ્ધબુદ્ધિ વાળો જીવ કષાયથી ઉત્પન્ન થયેલા દુર્વિકલ્પોને તજી દઈને મનનો સંવર કરે." ૨૧.

तदेवमात्मा कृतसंवरः स्यात्,
निसङ्गताभाक् सततं सुखेन ।
निःसङ्गभावादथ संवरस्तद्-
द्वयं शिवार्थी युगपद्भजेत ॥२२॥ उपजाति

"ઉપર કહ્યું તે પ્રમાણે કર્યો છે સંવર જેણે એવો આ આત્મા તરત જ વગર પ્રયાસે નિઃસંગતાનો ભાજન થાય છે. વળી નિઃસંગતાભાવથી સંવર થાય છે. માટે મોક્ષનો અભિલાષી જીવ આ બંનેને સાથે સાથે જ ભજે." ૨૨.


પૂજ્ય આચાર્ય શ્રીહરિભદ્રસૂરીશ્વર વિરચિત
પૂ. આ. કર્ણાટકકેશરી ભદ્રંકરસૂરીશ્વરજી રચિત ટીકા
લલિત વિસ્તરા (મહાગ્રંથ)
મૂલ્ય રૂા. ૫૦/૦૦

# ૧૫ શુભવૃત્તિ શિક્ષોપદેશાધિકાર

आवश्यकेष्वातनु यत्न-
माप्तोदितेषु शुद्धेषु तमोऽपहेषु ।
न हन्त्यभुक्तं हि न चाप्यशुद्धं,
वैद्योक्तमप्यौषधमामयान् यत् ॥१॥ उपजाति

"આપ્ત પુરુષોના બતાવેલા શુદ્ધ અને પાપના હણનારા એવા આવશ્યકોમાં યત્ન કર. કારણ કે વૈદ્યે બતાવેલું ઔષધ ખાધું ન હોય અથવા (ખાધા છતાં પણ જો) અશુદ્ધ હોય તો તે રોગનો નાશ કરી શકતું નથી." ૧

तपांसि तन्याद्विविधानि नित्यं,
मुखे कटून्यायतिसुन्दराणि ।
निघ्नन्ति तान्येव कुकुर्मराशिं,
रसायनानीव दुरामयान् यत् ॥२॥ उपजाति

"શરૂઆતમાં કડવાં લાગે તેવાં પણ પરિણામે સુંદર બંને પ્રકારના તપો હંમેશા કરવાં, તે કુકર્મના ઢગલાનો તુરત જ

વિનાશ કરે છે. જેવી રીતે રસાયણ દુષ્ટ રોગોને દૂર કરે છે તેમ." ૨

**विशुद्धशीलाङ्गसहस्रधारी,**
**भवानिशं निर्मितयोगसिद्धिः ।**
**सहोपसर्गास्तनुनिर्ममः सन् ।**
**भजस्व गुप्तीः समितीश्च सम्यक् ॥३॥** इन्द्रवज्रा

"તું (અઢાર હજાર) શુદ્ધ શીલાંગને ધારણ કરનારો થા, યોગસિદ્ધિ, નિષ્પાદિત થા, શરીર પરની મમતા દૂર કરીને ઉપસર્ગોને સહન કર, સમિતિ અને ગુપ્તિને સારી રીતે ભજ.૩

**स्वाध्याययोगेषु दधस्व यत्नं,**
**मध्यस्थवृत्त्यानुसरागमार्थान् ।**
**अगारवो भैक्षमटाविषादी,**
**हेतौ विशुद्धे वशितेन्द्रियौघः ॥४॥** उपजाति

"સજ્ઝાય-ધ્યાનમાં યત્નકર, મધ્યસ્થબુદ્ધિથી આગમના અર્થને અનુસાર, અહંકાર મૂકી દઈને ભિક્ષા માટે ફર, તેમજ ઈન્દ્રિયના સમૂહને વશ કરીને શુદ્ધ હેતુમાં વિખવાદ રહિત થા." ૪

ददस्व धर्मार्थितयैव धर्म्यान्,
सदोपदेशान् स्वपरादि साम्यान् ।
जगद्धितैषी नवभिश्च कल्पै-
र्ग्रामे कुले वा विहराप्रमत्तः ॥५॥ उपजाति

"હે મુનિ ! તું ધર્મ પ્રાપ્ત કરવાના હેતુથી એવા પ્રકારના ધર્માનુસાર ઉપદેશો આપ કે જે સ્વ અને પરની બાબતોમાં સમાનપણું પ્રતિપાદન કરનારા હોય. તું જગતનું સારૂં ઇચ્છીને પ્રમાદ વગરનો થઈને ગામ અથવા કુળમાં નવકલ્પી વિહાર કર." ૫

कृताकृतं स्वस्य तपोजपादि,
शक्तीरशक्तीः सुकृतेतरे च ।
सदा समीक्षस्व हृदाऽथ साध्ये,
यतस्व हेयं त्यज चाव्ययार्थी ॥६॥ उपजाति

"તપ-જપ વિગેરે તેં કર્યાં છે કે કર્યાં નથી, સારાં કામ અને નઠારાં કામો કરવામાં શક્તિ-અશક્તિ કેટલી છે તે સર્વ બાબતનો હંમેશાં તારા હૃદય સાથે વિચાર કર. તું મોક્ષસુખ મેળવવાની ઇચ્છાવાળો છે. તેથી સાધવાયોગ્ય કાર્યોમાં યત્ન કર અને ત્યાગ કરવા યોગ્ય કાર્યોને છોડી દે." ૬

परस्य पीडापरिवर्जनात्ते,
त्रिधा त्रियोग्यप्यमला सदाऽस्तु ।
साम्यैकलीनं गतदुर्विकल्पं,
मनो वचश्चाप्यनद्यप्रवृत्ति ॥७॥ उपजाति

"બીજા જીવોને ત્રણે પ્રકારે પીડા ન કરવાથી તારા મન-વચન-કાયાના યોગોની ત્રિપુટી નિર્મળ થાય, મન માત્ર સમતામાં જ લીન થઈ જાય, વળી તે તેના દુર્વિકલ્પો તજી દે અને વચન પણ નિરવદ્ય વ્યાપારમાં જ પ્રવૃત્ત થતું રહે." ૭.

मैत्रीं प्रमोदं करुणां च सम्यक्,
मध्यस्थतां चानय साम्यमात्मन् !।
सद्भावनास्वात्मलयं प्रयत्नात्,
कृताविरामं रमयस्व चेतः ॥८॥ उपजाति

"હે આત્મન્ ! મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થતાને સારી રીતે ભાવ, (અને તે વડે) સમતાભાવ પ્રગટ કર. પ્રયત્ને કરી સદ્ભાવના ભાવીને આત્મલયમાં વિરામ પામીને (તારા) મનને ક્રીડા કરાવ." ૮

कुर्यान्न कुत्रापि ममत्वभावं,
न च प्रभो रत्यरती कषायान् ।
इहापि सौख्यं लभसेऽप्यनीहो,
ह्यनुत्तरामर्त्यसुखाभमात्मन् ॥९॥ इंद्रवज्रा

"હે સમર્થ આત્મન્ ! કોઈપણ વસ્તુ ઉપર મમત્ત્વ ભાવ ન કરવો, તેમજ રતિ, અરતિ અને કષાય પણ ન કરવાં. જ્યારે તું વાંછા રહિત થઈશ ત્યારે તો અનુત્તર વિમાનમાં રહેનાર દેવતાઓનું સુખ પણ તને અહીં મળશે." ૯

इति यतिवरशिक्षां योऽवधार्य व्रतस्थ-
श्चरणकरणयोगानेकचित्तः श्रयेत ।
सदपि भवमहाब्धिं क्लेशराशिं स तीर्त्वा,
विलसति शिवसौख्यानन्त्यसायुज्यमाप्य ॥ १० ॥मालिनी

"યતિવરોના સંબંધમાં (ઉપર પ્રમાણે) બતાવેલી શિક્ષા જે વ્રતધારી (સાધુ અને શ્રાવક) એકાગ્રચિત્તથી હૃદયમાં ઠસાવે છે અને ચારિત્ર અને ક્રિયાના યોગોને સેવે છે તે સંસાર સમુદ્રરૂપ ક્લેશનો ઢગલો એકદમ તરી જઈને મોક્ષના અનંત સુખ સાથે તન્મયપણું પામી પોતે આનંદ કરે છે." ૧૦

# ૧૬ સામ્યસર્વસ્વાધિકાર

एवं सदाभ्यासवशेन सात्म्यं,
नयस्व साम्यं परमार्थवेदिन् ।
यतः करस्थाः शिवसंपदस्ते,
भवन्ति सद्यो भवतीतिभेत्तुः ॥१॥ उपजाति

"હે તાત્ત્વિક પદાર્થના જાણકાર ! આ પ્રમાણે (ઉપર પંદરમા દ્વારમાં કહેલ) નિરંતર અભ્યાસના યોગથી સમતાને આત્મા સાથે જોડી દે, જેથી કરીને ભવના ભયને ભેદવાવાળી તને મોક્ષસંપત્તિઓ એકદમ હસ્તગત થઇ જાય." ૧.

त्वमेव दुःखं नरकस्त्वमेव,
त्वमेव शर्मापि शिवं त्वमेव ।
त्वमेव कर्माणि मनस्त्वमेव,
जहीह्यविद्याम वधेहि चात्मन् !॥२॥ इन्द्रवज्रा

"હે આત્મન્ ! તું જ દુઃખ, તું નરક, તું જ સખ, મોક્ષ પણ તું જ. વળી તું જ કર્મ અને મન પણ તું જ. અવિદ્યાને તજી દે અને સાવધાન થા." ૨

निःसङ्गतामेहि सदा तदात्मन्नर्थे,
ष्वशेषेष्वपि साम्यभावात् ।
अवेहि विद्वन् ! ममतैव मूलं,
शुचां सुखानां समतैव चेति ॥३॥ उपजाति

"હે આત્મન્ ! સર્વ પદાર્થો ઉપર સદા સમતાભાવ લાવીને નિઃસંગપણું પ્રાપ્ત કર. હે વિદ્વન્ ! તું જાણી લેજે કે દુઃખનું મૂળ મમતા જ છે. અને સુખનું મૂળ સમતા જ છે." ૩

स्त्रिषु धूलिशु निजे च परे वा,
सम्पदि प्रसरदापदि चात्मन् ! ।
तत्त्वमेहि समतां ममतामुग्,
येन शाश्वतसुखाद्वयमेषि ॥४॥ स्वागता.

"સ્ત્રી ઉપરથી અને ધૂળ ઉપરથી, પોતાના ઉપરથી અને પારકા ઉપરથી, સંપત્તિ ઉપરથી અને વિસ્તૃત આપત્તિ પરથી મમતા મૂકી દઈને હે આત્મન્ ! તું સમતા રાખ, જેથી કરીને શાશ્વતસુખ સાથે ઐક્ય થશે." ૪.

त्वमेव सेवस्य गुरुं प्रयत्नाद-
धीष्व शास्त्राण्यपि तानि विद्वन् ! ।

तदेव तत्त्वं परिभावयात्मन् !,
येभ्यो भवेत्साम्यसुधोपभोगः ॥५॥ उपजाति

"તે જ ગુરુની પ્રયત્નથી સેવા કર, તે જ શાસ્ત્રોનો અભ્યાસ કર. અને હે આત્મન્ ! તે જ તત્ત્વનું તું ચિંતવન કરે કે જેનાથી તને સમાતરૂપ અમૃતનો સ્વાદ આવે." ૫.

समग्रसच्छास्त्रमहार्णवेभ्यः,
समुध्दृतः साम्यसुधारसोऽयम्
निपीयतां हे विबुधा! लभध्व-
मिहापि मुक्तेः सुखवर्णिकां यत् ॥६॥ इन्द्रवज्रा

"આ સમતા અમૃતનો રસ મોટા મોટા સમગ્ર શાસ્ત્ર સમુદ્રોમાંથી ઉદ્ધર્યો છે. હે પંડિત ! તમે તે રસ પીઓ અને મોક્ષસુખની વાનગી અહીં પણ મેળવો." ૬

शान्तरसभावनात्मा,
मुनिसुन्दरसूरिभिः कृतो ग्रन्थः ।
ब्रह्मस्पृहया ध्येयः,
स्वपरहितोऽध्यात्मकल्पतरुरेषः ॥७॥ गीति

"શાંતરસભાવનાથી ભરપૂર અધ્યાત્મજ્ઞાનના કલ્પવૃક્ષ

(અધ્યાત્મકલ્પદ્રુમ) ગ્રંથને શ્રી મુનિસુંદરસૂરીજીએ પોતાના અને પરના હિત માટે રચ્યો તેનું બ્રહ્મ (જ્ઞાન અને ક્રિયા) પ્રાપ્ત કરવાની ઈચ્છાથી અધ્યયન કરવું." ૭

इममिति मतिमानधीत्य चित्ते-
रमयति यो विरमत्ययं भवाद् द्राक् ।
स च नियतमतो रमेत चास्मिन्-
सह भववैरिजयश्रिया शिवश्रीः ॥८॥ आर्यागीति

"આ ગ્રંથનું જે બુદ્ધિમાન પુરુષો અધ્યયન કરીને ચિત્તમાં રમણ કરાવે તે પુરુષ થોડા વખતમાં સંસારથી વિરક્ત થઈ જાય અને સંસારરૂપ શત્રુના જયની લક્ષ્મીની સાથે મોક્ષલક્ષ્મીની જરૂર ક્રીડા કરે." ૮

## શ્રી લબ્ધિભુવન જૈન સાહિત્યસદનના ઉપયોગી પ્રકાશનો

અભ્યાસુ પૂ. સાધુ-સાધ્વી મ.સા.ને આ પ્રકાશનો ભેટ મળશે.

| | | |
|---|---|---|
| અધ્યાત્મસાર | - | સંસ્કૃતટીકા |
| અધ્યાત્મોપનિષત્ | - | સંસ્કૃતટીકા |
| વિજયોલ્લાસમહાકાવ્ય | - | સંસ્કૃતટીકા |
| લલિતવિસ્તરા | - | સંસ્કૃતટીકા |
| લલિતવિસ્તરા | - | ગુજરાતી અનુવાદ |
| ઉત્તરાધ્યયનસૂત્ર | - | ગુજરાતી અનુવાદ |
| દશવૈકાલિકસૂત્ર | - | ગુજરાતી અનુવાદ |
| અધ્યાત્મકલ્પદ્રુમ | - | ગુજરાતી અનુવાદ |
| સ્તુતિતરંગિણી | - | ગુજરાતી અનુવાદ (ભાગ-૧-૨-૩) |
| આચારાંગ સૂત્ર | - | ગુજરાતી અનુવાદ (ભાગ-૧) |
| ભક્તિધારા | | |
| પ્રાતઃપાર્શ્વપ્રણામ | | |
| ચિંતનનો ચંદરવો | | |
| ચાંદનીમાં ચિંતન | | |
| ખજાનો મજાનો | | |
| સૌન્દર્ય શ્રાવકનું | | |
| પર્યુષણા અષ્ટાહ્નિકા | - | ગુજરાતી ભાષાંતર (પ્રત) |
| લબ્ધિદેવવંદનમાળા | | |

પ્રાપ્તિસ્થાન : **શ્રી લબ્ધિભુવન જૈન સાહિત્ય સદન**

નટવરલાલ ચુનીલાલ, બજારમાં, છાણી-૩૯૧૭૪૦. ગુજરાત

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી લબ્ધિ-ભુવન-ભદ્રંકર-અરૂણપ્રભ-વીરસેનસૂરીશ્વરેભ્યો નમઃ

**કોલ્હાપુરથી ૨૨ વર્ષથી પ્રકટ થતું હિન્દી માસિક**

# લબ્ધિકૃપા

**અવશ્ય વાંચો......**

- સ્વ. પ્રવચનકાર પૂ. આચાર્ય શ્રી વીરસેનસૂરિજી મ. દ્વારા સતત સાહિત્યના આદિત્યને ઉદિત કરવા પ્રયત્ન થયેલો એવું માસિક.
- જીવનમાં ટર્નિંગપોંઈટ આપતું માસિક.
- જરૂર સહયોગ આપી સંસ્થાને સમૃદ્ધ બનાવો.

**પંચવર્ષિય રૂા. ૧૦૦/-　　આજીવન સદસ્ય રૂા. ૩૫૧/-**

**સાહિત્ય સંરક્ષક : ૧૧૦૦-૦૦રૂા.**

**અભયકુમાર એસ. ગાંધી.**

લબ્ધિકૃપા પ્રકાશન સમિતિ

૫૩-બી, પો. કોલ્હાપુર-૪૧૬૦૦૨ (એમ.એસ)

શ્રી સંભવનાથાય નમઃ

શ્રી લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરીશ્વરેભ્યો નમઃ

# શ્રાવસ્તી તીર્થની યાત્રાર્થે પધારો.....

પૂ. કર્ણાટક કેસરી-શ્રાવસ્તી તીર્થોદ્ધારક સ્વ. આચાર્યદેવશ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજીના આશીર્વાદથી પૂ. સ્વ. પ્રવચનકાર શ્રાવસ્તી તીર્થોદ્ધારના માર્ગદર્શક આ. શ્રી વીરસેનસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી

- શ્રી સંભવનાથ પ્રભુની ૫૧'ઇંચની પ્રતિમાં પરિકર સાથે બિરાજમાન છે. નયનરમ્ય પ્રતિમાના દર્શનાર્થે અવશ્ય પધારો.
- પ્રકૃતિની ગોદમાં વસેલું તીર્થ, પ્રભુ સંભવનાથના ૪ કલ્યાણકોથી પાવન બનેલું.
- પ્રભુ મહાવીરની ચાતુર્માસભૂમિ
- રેવતી શ્રાવિકાએ આ ભૂમિ પર તીર્થંકર પદ પ્રાપ્ત કર્યું.
- શ્રી કેશી - ગૌતમસ્વામિનું સુભલ મિલન ભૂમિ.
- સુંદર ધર્મશાળા, ભોજનશાળા આદિની વ્યવસ્થા છે. તીર્થની યાત્રાર્થે પધારી પુણ્યાનુંબંધી પુણ્ય ઉપાર્જન કરવાનો અવસર છે.
- અયોધ્યાથી ૧૦૮ કિ.મી. ગોંડા જંકશનથી ૫૮ કિ.મી., બલરામપુરથી ૧૫ કિ.મી., બહરાઇચથી ૪૫ કિ.મી.

*તીર્થનું ગાન......આપનું દાન......શાસનની શાન......*

**શ્રી શ્રાવસ્તી જૈન શ્વેતાંબર તીર્થ કમિટી**

C/o. શા. સુરજમલ મગરાજ, ૧૫. D.S. લેન-ચિકપેઠ,

બેંગ્લોર-૫૬૦ ૦૫૩

॥ શ્રી ૐકારાય નમઃ ॥

॥ પૂ. લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરીશ્વરેભ્યો નમઃ ॥

# શ્રી ૐકાર ૐ જૈન તીર્થ

(રજિ.નં. એ-૨૭૮૧-બરોડા તા. ૩/૩/૯૪) ફોન : ૦૨૬૫-૨૭૨૭૯૨

**તીર્થપ્રેરક : પૂ. સ્વ. આ. શ્રી વીરસેનસૂરીશ્વરજી મ.સા.**

**શુભાશીષ : પૂ. આ. શ્રી પુણ્યાનંદસૂરીશ્વરજી મ.સા.**

**સ્થાન : વડોદરાથી નેશનલ હાઇવે પર પદમલા ગામની નજદીક છાણી થી ૯ કિલોમીટર દૂર.**

- વિશ્વમાં પ્રથમવાર જ ૐમાં પંચ પરમેષ્ટી સ્થાપન.
- ૐ ૧૧ ફૂટ પહોળાઇ તથા ૮ ફૂટ લાંબાઇમાં છે.
- ત્રિશિખરી જિનાલય, ધર્મશાળા, આદિ નિર્માણાધીન.
- શ્રી શાંતિનાથ પ્રભુ, ગોડી પાર્શ્વપ્રભુનું ઘર મંદિર તથા બે ઉપાશ્રય, શ્રાવિકા અતિથિ ભવન, ગુરુમંદિર, શાસનદેવ-દેવી મંદિર, ભોજનશાળા, વ્યાખ્યાન હોલ તૈયાર થયેલ છે.
- તીર્થમાં પધારી અવશ્ય લાભ લેશો.
- આપના આવવાની અગાઉથી જાણ કરવા વિનંતી.

**પુણ્યાનુંબંધી પુણ્ય ઉપાર્જનનો લાભ**

| | |
|---|---|
| દસરૂમની ધર્મશાળા નં.-૨ પર મુખ્ય નામ | ૫,૫૧,૦૦૦ |
| આયંબિલખાતાની રૂમ | ૧,૫૧,૦૦૦ |
| ભોજનશાળા રસોઇગૃહ ઉપર નામ | ૨,૫૧,૦૦૦ |
| ભોજનશાળા કાર્યાલય રૂમ નં. ૧ | ૭૧,૦૦૦ |

| | |
|---|---|
| ભોજનશાળા કાર્યાલય રૂમ નં. ૨ | ૭૧,૦૦૦ |
| લબ્ધિ ભુવન (અતિથિ હોલ), | |
| વિક્રમ પ્રવચનહોલ, બહાર નામ | ૫,૫૧,૦૦૦ |
| પ્રવચનહોલમાં ચાર દિશામાં ૪ નામ | |
| ૧ નામનો નકરો (૩ નામ બાકી) | ૧,૫૧,૦૦૦ |
| ધર્મશાળાના ૧ રૂમના વરંડા ઉપર નામનો નકરો | ૩૧,૦૦૦ |
| (૨૦ નામો લેવામાં આવશે) | |
| ધર્મશાળામાં ૧ રૂમના ઉપર નામનો નકરો | ૮૧,૦૦૦ |

## તીર્થ વિકાસ યોજના

| | | | |
|---|---|---|---|
| તીર્થ શુભેચ્છક | ૨૧,૦૦૦ | તીર્થ સેવક | ૧૫,૦૦૦ |
| તીર્થ સહાયક | ૧૧,૦૦૦ | તીર્થ પ્રશંસક | ૫,૫૫૫ |
| તીર્થપ્રેમી | ૧,૧૦૦ | ૧ ઇંટનું દાન | ૫૦૦ |

## ભોજનશાળા યોજના

| | |
|---|---|
| ભોજનહોલમાં તકતી પર નામ | ૧૧,૦૦૧ |
| ભોજનહોલમાં ફોટો ૮" × ૧૦" | ૫,૫૫૫ |
| ભોજનની કાયમી તિથિ બોર્ડ પર નામ | ૩,૫૦૧ |
| ઉકાળેલા પાણીની તિથિ | ૫૦૦ |
| આયંબિલ કાયમી તિથિ | ૧,૧૦૦ |
| સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ૧ દિનનો લાભ | ૧,૧૦૦ |

સંપર્ક : **શ્રી લબ્ધિભુવન જૈન સાહિત્ય સદન**
નટવરલાલ ચુનીલાલ બજારમાં, પો. છાણી-૩૯૧૭૪૦. ગુજરાત
● **શ્રી ૐકાર જૈન તીર્થ,**
નીરવ રોડવેઝ, ૭-બી, ગુરુકૃપા શોપીંગ સેન્ટર, રામાકાકા રોડ,
પોષ્ટ: છાણી, ડી. બરોડા. ફોનઃ ૦૨૬૫-૭૭૨૫૧૬, ૭૭૨૮૨૧

## શુભેચ્છક

ૐકારતીર્થ માર્ગદર્શક મહાવીર લબ્ધિ ધર્મ સ્થાપક, શાંતમૂર્તિ-સૂરિમંત્ર આરાધક, આચાર્ય દેવશ્રી વિજય પુણ્યાનંદસૂરીશ્વરજી મ.સા.ની સદ્પ્રેરણાથી

શેઠ ઝવેરચંદ પ્રતાપચંદ શ્રી સુપાર્શ્વનાથ
જૈન સંઘ ઉપાશ્રય
'ન્યુઇન્દ્ર ભવન'
૧૦૧, વાલકેશ્વર રોડ, મુંબઇ-૪૦૦૦૦૬
ટે.નં. ૩૬૮૨૬૬૦

પૂજય સાધુ. સાધ્વીજી ભગવંતોને
જ્ઞાન ભંડારોને ભેટ
શ્રાવકો માટે કીંમત ૧૩-૦૦ રૂા.

Printed By:Kirit Graphics,Ph. (079) 5352602